અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૫ જૂન ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, વૈશાખ વદ ૧૪ | અંક : ૩૦૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### લોકસભાની ચૂંટણીમાં ફરી એકવાર એકઝિટ પોલ ધ્વસ્ત થઇ ગયા

# એક દાયકા પછી ગઠબંધન સરકારનો યુગ પાછો ફર્યો

## ભારતીય જનતા પાર્ટીને રાજસ્થાન, ગુજરાત, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, બંગાળ, કર્ણાટક અને હરિયાણા તમામ જગ્યાએ સીટો ગુમાવવી પડી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

લોકસભાની ચૂંટણીમાં ફરી એકવાર એકઝિટ પોલ ધ્વસ્ત થઈ ગયા. પરિણામો ૨૦૦૪ની જેમ એકઝિટ પોલથી ઉલટા નીકળ્યા. એક દાયકા પછી ગઠબંધન સરકારનો યુગ પાછો ફર્યો છે. ૩૭૦નો નારો આપનાર ભાજપ ૨૭૨ના આંકડાને સ્પર્શી શક્યું નથી, તે ૨૪૧ સુધી સિમિત રહી ગયું. ભાજપે રાજસ્થાન, ગુજરાત, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, બંગાળ, કર્ણાટક અને હરિયાણા તમામ જગ્યાએ સીટો ગુમાવવી પડી છે. તમિલનાડુ અને પંજાબમાં તો ભાજપ ખાતું પણ નથી ખોલાવી શક્યું. ઓડિશા અને તેલંગાણાએ લાજ બચાવી લીધી. નીતીશ કુમાર અને ચંદ્રાબાબુ નાયડુ હવે નવી સરકારના કિંગમેકર તરીકે ઉભરી આવ્યા છે. એકંદરે, એનડીએ ગઠબંધન સત્તાની નજીક આવી ગયું હતું, પરંતુ સંપૂર્ણ બહુમતી સરકાર ન હોવાને કારણે ગઠબંધનની રમત ફરી શરૂ થઈ છે.. ભાજપને સરકાર બનાવવા માટે ૩૩ બેઠકો ઓછી મળી છે. ગઠબંધન સરકારમાં તેણે એક દેશ, એક ચૂંટણી અને સમાન નાગરિક સંહિતા જેવા મુદ્દાઓ છોડવા પડશે. ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં પ્રાદેશિક પક્ષોની ઈચ્છા પુરી થઈ. ૧૦ વર્ષ પછી એક પણ પક્ષને સંપૂર્ણ બહુમતી મળી નથી. હવે કેન્દ્રમાં ગઠબંધન સરકાર બનશે, જેમાં તેમને સોદા કરવાની તક મળશે. નરેન્દ્ર મોદીની છેલ્લી બે સરકારોમાં, પ્રાદેશિક પક્ષો સરકારનો ભાગ હતા, પરંતુ તેમને એવા મંત્રાલયો આપવામાં આવ્યા હતા જે ભાજપ ઈચ્છતો હતો. ભાજપને લગભગ ૨૪૦ બેઠકો મળવાની ધારણા છે, જે બહુમતીના ૨૭૨ના આંક કરતાં ઘણી ઓછી છે. તમને જણાવી દઈએ કે સમાચારોમાં આપવામાં આવેલા આંકડા અંતિમ નથી, તે સાંજે પાંચ વાગ્યા સુધીના ટ્રેન્ડ મુજબ છે. અંતિમ પરિણામો અલગ હોઈ શકે છે. ઉત્તર પ્રદેશમાં ભાજપના નેતાઓની મનમાની જનતા સહન કરી શકી ન હતી, જેના કારણે ભાજપ સંપૂર્ણ બહુમતીથી ૩૨ ડગલાં દૂર રહી. આ હાર માટે ઘણા કારણો જવાબદાર માનવામાં આવી રહ્યા છે, મોંઘવારી અને બેરોજગારી જેવા મુદ્દાઓ ભાજપના મફત રાશન અને ભાષણ પર ભારે પડ્યા.. ટિકિટ કાપવાની ફોર્મ્યુલા અને કોંગ્રેસમાંથી આવેલા નેતાઓને તાત્કાલિક ટિકિટ આપવાનો નિર્ણય પણ ભાજપને નડ્યો. આ સિવાય 'અબ કી બાર, ૪૦૦ પાર "ના નારાએ મધ્યમ વર્ગને બૂથથી દૂર કરવામાં મોટી ભૂમિકા ભજવી હતી. મોટાભાગની જગ્યાઓ પર ભાજપના મુખ્ય મતદારોને પણ નરેન્દ્ર મોદી મોટી જીત માટે પૂરતા છે તેવો વધુ પડતો વિશ્વાસ હતો. પાંચ તબક્કાની ચૂંટણી પછી ઘણા વિસ્તારોમાં સાંસદ સામે લોકોનો ગુસ્સો પણ સામે આવ્યો હતો. ભારતની ૫૪૩ બેઠક વાળી લોકસભામાં બહુમતી મેળવવા માટે ૨૭૨ના આંકડાને પાર કરવો જરૂરી છે. જો કે, અત્યાર સુધી ભારતીય જનતા પાર્ટી સહિત કોઈપણ પક્ષ આનાથી ઘણો પાછળ જોવા મળી રહ્યો છે. જોકે ભાજપના નેતૃત્વમાં એનડીએ પણ આંકડો પાર કરી ગયો છે.

### ભારતના ઈતિહાસમાં આ એક અભૂતપૂર્વ ક્ષણ છે

# ચૂંટણી પરિણામો બાદ વડાપ્રધાન મોદીએ જનતાનો આભાર માન્યો

## નરેન્દ્ર મોદીએ સળંગ ત્રીજી વખત એનડીએ પર વિશ્વાસ મૂકવા બદલ દેશવાસીઓનો આભાર માન્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના જે પરિણામો આવ્યા છે તે ભાજપ અને NDAની અપેક્ષા પ્રમાણે આવ્યા નથી. ૨૦૧૯માં ભાજપ એકલા હાથે ૩૦૩ બેઠકો જીત્યું હતું પરંતુ આ વખતે NDAની કુલ બેઠકોનો આંકડો ૩૦૦ને પાર થઈ શક્યો નથી. ભાજપને સ્પષ્ટ બહુમતી મળી નથી પરંતુ NDA ગઠબંધનને બહુમતી મળી છે તેથી NDA સળંગ ત્રીજી વખત સત્તા પર આવશે. આ પરિણામો બાદ ભાજપ જોરદાર આઘાતમાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી પરિણામો અંગે પ્રથમ વખત પ્રતિક્રિયા આપી છે. વડાપ્રધાન મોદીએ એક્સ પર એક પોસ્ટ લખીને દેશની જનતાનો આભાર માન્યો છે. વડાપ્રધાન મોદીએ લખ્યું હતું કે, દેશની જનતાએ સતત ત્રીજી વખત NDAમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. ભારતના ઈતિહાસમાં આ એક અભૂતપૂર્વ ક્ષણ છે. આ પ્રેમ અને આશીર્વાદ માટે હું મારા પરિવારને નમન કરું છું. હું દેશવાસીઓને ખાતરી આપું છું કે અમે તેમની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે નવી ઉર્જા, નવા ઉત્સાહ અને નવા સંકલ્પો સાથે આગળ વધીશું, તેમના સમર્પણ અને અથાક કાર્ય માટે હું તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. NDA ભલે સરકાર બનાવે પરંતુ પરિણામો તેના માટે સહેજે પણ ઉત્સાહજનક નથી જ્યારે ઈન્ડિયા ગઠબંધનનો ઉત્સાહ અને આત્મવિશ્વાસ સાતમાં આસમાને છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીએ એક પત્રકાર પરિષદ સંબોધી હતી જેમાં તેમનો આ ઉત્સાહ અને આત્મવિશ્વાસ સ્પષ્ટ જોવા મળ્યો હતો. મલ્લિકાર્જુન ખડગેએ પરિણામોને લોકો અને લોકશાહીની જીત ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે, અમે પહેલાથી જ કહેતા હતા કે આ લડાઈ મોદી વિરુદ્ધ જનતાની છે. આ વખતે જનતાએ કોઈ એક પક્ષને સંપૂર્ણ બહુમતી આપી નથી, સત્તાધારી પક્ષ ભાજપે એક વ્યક્તિના ચહેરા પર વોટ માંગ્યા છે.



### આ લડાઈ બંધારણને બચાવવા માટેની હતી : રાહુલ ગાંધી

# કોંગ્રેસ પ્રમુખ ખડગેએ કહ્યું આ મોદીની નૈતિક હાર છે

## સરકાર બનાવવા અંગે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કહ્યું, અમે અમારા ગઠબંધનના સહયોગીઓને કાલે મળીશું, પછી નિર્ણય લઈશું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન સરકાર બનાવવાને લઈને રાહુલે કહ્યું કે અમે આવતીકાલે ગઠબંધન સહયોગીઓને મળવા જઈ રહ્યાં છીએ અને આવતીકાલે નિર્ણય કરીશું. વધુમાં રાહુલ ગાંધીએ કહ્યું કે આ લડાઈ બંધારણને બચાવવા માટેની હતી. તેમણે અમારા બેંક એકાઉન્ટ સીઝ કર્યા છે. પાર્ટીઓ તોડી, ત્યારે મારા મગજમાં હતું કે હિન્દુસ્તાનના લોકો એક થઈને લડશે. લોકોએ બંધારણને બચાવવાનું પહેલું અને સૌથી મોટું પગલું લીધું છે. રાહુલ ગાંધીએ જણાવ્યું કે આ ચૂંટણી ઈન્ડિયા ગઠબંધન અને કોંગ્રેસ પાર્ટી એક પાર્ટીની વિરુદ્ધ લડી નથી.



અમે સંસ્થાઓની વિરુદ્ધ લડ્યા છીએ. દરેક સંસ્થાઓ અમારી વિરુદ્ધ હતી. રાહુલે કહ્યું કે અમે આ ચૂંટણી લોકશાહી સંસ્થાઓની વિરુદ્ધ લડ્યા કારણ કે તે તમામ પર મોદી સરકારે કબજો કરી લીધો હતો. આ લડાઈ બંધારણને બચાવવાની હતી. કોંગ્રેસ પ્રમુખ ખડગેએ કહ્યું આ મોદીની નૈતિક હાર છે. તેઓ દરેક જગ્યાએ પોતાના નામ પર વોટ માંગતા હતા. અમે પ્રતિકળ માહોલમાં ચૂંટણી લડી. અમારા બેંકના ખાતાઓને સીલ કરવામાં આવ્યા હતા. નેતાઓને જેલમાં નાંખવામાં આવ્યા. તેમણે કહ્યું કે શરૂઆતથી લઈને અંત સુધીનું કોંગ્રેસ પાર્ટીનું કેમ્પેન સકારાત્મક હતું. અમે મોંઘવારી, રોજગારી જેવા મુદ્દાઓ પર ચૂંટણી લડી. તેમણે વધુમાં કહ્યું કે જે રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેમ્પેન કર્યું હતું, તેને લાંબા સમય સુધી યાદ રાખવામાં આવશે. ખડગેએ કહ્યું રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા અને ન્યાય યાત્રા સફળ રહી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી પ્રચાર દરમિયાન લોકોની વચ્ચે જુઠ્ઠાણું ચલાવ્યું હતું.

### ચૂંટણીના પરિણામો ભાજપની અપેક્ષા મુજબ નથી

# બિહારમાં ભાજપ નબળો પડ્યો જ્યારે નીતીશ કુમાર મજબૂત બન્યા

## ભાજપ એકલા હાથે બહુમતની નજીક નહીં પહોંચે તો નીતીશ કુમાર અને ચિરાગ પાસવાનની ડિમાન્ડ વધી જાય તેવી શક્યતા

। (એજન્સી) પટણા, તા.૪ ।

લોકસભાની ચૂંટણીના પરિણામો કેટલીક જગ્યાએ આશ્ચર્યજનક છે જેમાં બિહારનો સમાવેશ થાય છે. બિહારમાં તેજસ્વી યાદવ ચોંકાવનારા પરિણામોની વાત કરતા હતા. તેજસ્વી યાદવની અપેક્ષા પ્રમાણે તો પરિણામ નથી આવ્યા, પરંતુ સ્થિતિ સુધરી જરૂર છે. તેજસ્વીએ તાજેતરમાં દાવો કર્યો હતો કે ચોથી જૂન પછી નીતીશ કુમાર મોટો ખેલ કરી શકે છે. તેમણે એવા સંકેત આપ્યા હતા કે નીતીશ કુમાર ઈન્ડિયા બ્લોકમાં સામેલ થઈ શકે છે. લોકસભા ચૂંટણીના પરિણામો ભાજપની અપેક્ષા મુજબ નથી જેના કારણે ભાજપને જરૂર નિરાશા થઈ હશે. પરંતુ બિહારમાં



ભાજપના સહયોગી દળોને ફાયદો થતો હોય તેવું લાગે છે. સખત ગરમીમાં પણ લોકો વોટિંગ કરવા ગયા હતા જ્યાં હિંદુ, મુસલમાન, પાકિસ્તાન, અનામત, બંધારણ, મંદિર વગેરેના મુદ્દે ભાષણો થયા હતા. આ દરમિયાન એવી વાતો થઈ રહી છે કે ગુલાંટ મારવા માટે જાણીતા નીતીશ કુમાર વધુ એક વખત પોતાના કારનામા દેખાડશે. ઉત્તર પ્રદેશ અને બિહાર માટે એવું કહેવાય છે કે દિલ્હીની ગાદી જોઈતી હોય તો આ બે જગ્યાએથી જવું પડે. બિહાર પોતાનો અલગ એજન્ડા સેટ કરે છે. નીતીશે વિપક્ષી ગઠબંધનનો આધાર બનાવ્યો પરંતુ પછી તેનાથી અલગ થઈ ગયા અને એનડીએ સાથે હાથ મિલાવ્યો હતો. હવે નવી બદલાયેલી સ્થિતિમાં નીતિશ પોતાની વફાદારી ફરીથી બદલી શકે છે. નીતીશ કુમારને પહેલેથી તક જોઈને ગુલાંટ મારનાર ખેલાડી તરીકે ઓળખવામાં આવે છે. ૨૦૧૩માં નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર બનાવવામાં આવ્યા ત્યારે તેમણે મોદીનો વિરોધ કર્યો અને એનડીએમાંથી નીકળી ગયા હતા.

## સરકાર બનાવવા ભાજપ અને કોંગ્રેસમાં દોડધામ

। નવી દિલ્હી, તા.૪ ।

આજે લોકસભા ચૂંટણીના પરિણામોની સૌ-કોઈ આતુરતાથી રાહ જોઈ રહ્યું છે. ત્યારે લોકસભા ચૂંટણીના હાલના રુઝાનોએ દેશવાસીઓને અચંબિત કરી દીધા છે. ભાજપના ૪૦૦ના આંકડાને પાર કરવાની મુરાદ અધૂરી રહી ગઈ છે. હાલ ભાજપ -એનડીએ લોકસભા ચૂંટણીના પરિણામોમાં સ્પષ્ટ બહુમતીથી દૂર દેખાઈ રહ્યા છે, તો કોંગ્રેસ પક્ષ ફરી ઊભરતો દેખાઈ રહ્યો છે. અત્યાર સુધીના લોકસભાના ચૂંટણી વલણો પરથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે કેન્દ્રમાં સત્તાનું સિંહાસન ડામાડોળ થતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ એક્શન મોડમાં આવી ગયા છે. ત્યારે હવે આ વખતે બે મોટા નેતા ખૂબ જ શક્તિશાળી સામે આવ્યા છે. પ્રથમ બિહારના મુખ્યમંત્રી અને JDU નેતા નીતિશ કુમાર છે અને બીજા આંધ્ર પ્રદેશના TDP નેતા ચંદ્રાબાબુ નાયડુ છે. લોકસભા ચૂંટણીની ચાલી રહેલી ગણતરી વચ્ચે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)ના વડા ચંદ્રાબાબુ નાયડુ સાથે વાત કરી હોવાના સમાચાર સાંપડી રહ્યા છે.

### મતગણતરીના પરિણામને કારણે બજારમાં સુનામી

# સેન્સેક્સ ૪,૩૯૦ પોઈન્ટ ઘટીને ૨૨,૦૦૦ની પર બંધ

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।

લોકસભા ચૂંટણીના પરિણામોના દિવસે દેશના શેરબજારમાં ભારે સુનામીએ હાહાકાર મચાવ્યો છે. એક દિવસ અગાઉ, એક્ઝિટ પોલમાં એનડીએની સ્પષ્ટ જીતના સંકેત બાદ બજારે તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા. ટ્રેડિંગ સપ્તાહના બીજા દિવસે (૦૪ જૂન ૨૦૨૪, મંગળવાર), મત ગણતરીના વલણોને કારણે બજાર ખરાબ રીતે તૂટ્યું. આજે બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) ના ૩૦ શેરો વાળા સેન્સેક્સ ૪૩૮૯.૭૩ પોઈન્ટ અથવા ૫.૭૪ ટકાના ઘટાડા સાથે ૭૨,૦૭૯.૦૫ ના સ્તર પર બંધ થયા છે. તે જ સમયે, નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) ના ૫૦ શેર પર આધારિત સંવેદનશીલ સૂચકાંક નિફ્ટી ૧,૩૭૯.૪૦ પોઈન્ટ અથવા ૫.૯૩ ટકાના ઘટાડા સાથે ૨૧,૮૮૪.૫૦ ના સ્તરે બંધ થયો હતો. દિવસની શરૂઆતમાં, સેન્સેક્સ ૬૦૦૦ પોઈન્ટથી વધુ ઘટીને ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે નિફ્ટી ૧૯૦૦ પોઈન્ટથી વધુ લપસી ગયો હતો. તમને જણાવી દઈએ કે આજે બજારની શરૂઆત મોટા ઘટાડા સાથે થઈ હતી. આ સમયગાળા દરમિયાન સેન્સેક્સ ૧,૫૪૪.૧૪ પોઈન્ટ અથવા ૨.૦૨ ટકાના ઘટાડા સાથે ૭૪,૯૨૪.૬૪ ના સ્તરે ખુલ્યો હતો. જ્યારે નિફ્ટી ૪૯૧.૧૦ પોઈન્ટ એટલે કે ૨.૧૧ ટકાના ઘટાડા સાથે ૨૨,૭૭૨.૮૦ ના સ્તર પર ખુલ્યો હતો. જણાવી દઈએ કે આ ઘટાડો કોરોના બાદ પહેલો મોટો ઘટાડો છે. ભારતીય રૂપિયો મંગળવારે ૧૦ પૈસા ઘટીને ૮૩.૨૪ પ્રતિ ડૉલર પર ખુલ્યો હતો. જ્યારે ગઈકાલે સોમવારે સવારે રૂપિયો પ્રતિ ડૉલર ૮૨.૯૯ પર ખૂલ્યો હતો અને સાંજે ૩૨ પૈસા વધીને ૮૩.૧૪ પ્રતિ ડૉલર પર બંધ થયો હતો. પ્રી-ઓપનિંગ સેશનની વાત કરીએ તો બેન્ચમાર્ક સૂચકાંકોમાં મજબૂતીથી ટ્રેડિંગ જોવા મળ્યું હતું. આ સમયગાળા દરમિયાન સેન્સેક્સ ૬૬૧.૫૯ પોઈન્ટ્સ અથવા ૦.૮૭ ટકાના વધારા સાથે ૭૭,૧૩૦.૩૭ પર અને નિફ્ટી ૨૧૪.૬૦ પોઈન્ટ્સ અથવા ૦.૯૨ ટકાના વધારા સાથે ૨૩,૪૭૮.૫૦ પર ટ્રેડ કરી રહ્યો હતો.

તમને જણાવી દઈએ કે, છેલ્લા ટ્રેડિંગ દિવસે (૦૩ જૂન ૨૦૨૪, સોમવાર) બજાર મજબૂત ગતિ સાથે ખુલ્યું હતું. આ સમયગાળા દરમિયાન, મુખ્ય સૂચકાંક BSE સેન્સેક્સ ૨,૦૮૨.૧૭ પોઈન્ટ એટલે કે ૨.૮૨ ટકાના વધારા સાથે ૭૬,૦૪૩.૪૮ ના સ્તરે ખુલ્યો હતો. જ્યારે નિફ્ટી ૬૨૮.૬૦ પોઈન્ટ એટલે કે ૨.૭૯ ટકાના વધારા સાથે ૨૩,૧૫૯.૩૦ પર ખુલ્યો હતો.

## કોંગ્રેસના નેતા સોનિયા ગાંધીએ ઘડયો માસ્ટર પ્લાન

। નવી દિલ્હી, તા.૪ ।

લોકસભા ચૂંટણીના પરિણામો ખૂબ જ રસપ્રદ બની રહ્યા છે. અત્યાર સુધીના વલણોમાં ભાજપ બહુમતીથી ભારે દૂર હોવાનું દેખાઈ રહ્યું છે. આ સ્થિતિમાં સ્વાભાવિક રીતે જ કોંગ્રેસ સક્રિય થઈ ગઈ છે. અહેવાલો પ્રમાણે સોનિયા ગાંધીના નજીકના કોંગી નેતાઓ કે.સી. વેણુગોપલ NDAના સાથી પક્ષના નેતાઓનો સંપર્ક કરી લીધો છે. આ નેતાઓમાં JDUના નીતિશ કુમાર અને TDPના એન.ચંદ્રાબાબુ નાયડુ પણ સામેલ છે.

### કોંગ્રેસના ઉમેદવાર વિક્રમાદિત્યને હરાવ્યા

# હમાચલ પ્રદેશની મંડીથી કંગના રનૌતે ચૂંટણી જીતી

## રાજકારણમાં આવતા કંગના હવે બોલિવૂડ છોડી દેશે આ હિન્ટ પહેલાં જ કંગના રનૌત આપી ચૂકી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

બોલિવૂડ ક્વીન કંગના રનૌતના ફેન્સ માટે મોટા સમાચાર છે. હિમાચલ પ્રદેશની મંડીથી કંગના રનૌત ચૂંટણી જીતી ચૂકી છે. તેણે કોંગ્રેસના ઉમેદવાર વિક્રમાદિત્યને હરાવીને મોટી જીત હાંસલ કરી છે. કંગનાની આ જીતથી રાજકીય વર્તુળમાં જશ્નનો માહોલ છે. બીજી તરફ, બોલિવૂડના ફેન્સ માટે આ માઠા સમાચાર છે. કહેવામાં આવી રહ્યું છે કે, રાજકારણમાં આવતા કંગના હવે બોલિવૂડ છોડી દેશે. આ હિન્ટ પહેલાં જ કંગના રનૌત આપી ચૂકી છે. ઉલ્લેખનીય છે કે, એક ઈન્ટરવ્યૂમાં કંગનાને પૂછવામાં આવ્યું હતું કે, મંડીથી જીત હાંસલ કર્યા બાદ શું તે બોલિવૂડને અલવિદા કહેશે? આના પર કંગનાએ સીધો જવાબ આપ્યો 'હા'. તેણે ફિલ્મી દુનિયાને જૂઠી અને ફેક ગણાવી હતી. તેણે કહ્યું હતું કે,- આ ફિલ્મી દુનિયા ખૂબ જૂઠી અને નકલી છે. અહીંના લોકો નકલી અને સ્વાર્થી છે. અહીં અલગ માહોલ બનાવવામાં આવે છે. લોકોને આકર્ષિત કરવા માટે બહારથી ચમકદાર દેખાડવામાં આવે છે.

# ઓરિસ્સા વિધાનસભા ચૂંટણીમાં પ્રથમવાર ભાજપને બંપર બહુમત

। (એજન્સી) ભુવનેશ્વર, તા.૪ ।

ઓરિસ્સામાં અત્યાર સુધીના રૂઝાનોને જોતા પ્રથમવાર એવુ બનશે કે અહીં નવિન પટનાયકના ગઢના કાંગરા ખેરવી ભાજપ સત્તા પર આવશે. છેલ્લા ૨૫ વર્ષથી સત્તામાં રહેલી નવિન પટનાયકની બીજેડી આ વખતની વિધાનસભા ચૂંટણીમાં ભાજપથી પાછળ ચાલી રહી છે અને ભાજપ ૮૦ બેઠકો સાથે આગળ છે. ઓરિસ્સાની ૧૪૭ વિધાનસભા બેઠકો પર મતગણતરી ચાલી રહી છે. જેમા શરૂઆતથી જ ભાજપ બહમતી સાથે આગળ વધતી દેખાઈ રહી છે. ચૂંટણી પંચના તાજા આંકડા જણાવી રહ્યા છે કે ભાજપ ૭૯ બેઠક પર આગળ ચાલી રહી છે. ઓડિસામાં ભાજપ સરકાર બનાવવાની એકદમ નજીક પહોંચી ગઈ છે. ૨૪ વર્ષથી સતત એકચક્રી શાસન ભોગવી રહેલી બીજેડી બાદ પ્રથમવાર ભાજપ અહીં સત્તા મેળવવા જઈ રહી છે. હાલ જે રૂઝાન સામે આવ્યા છે. તેમાં બીજુ જનતા દળ ૪૮ બેઠકો સાથે બીજા સ્થાન પર બનેલી છે. જ્યારે કોંગ્રેસ ૧૫ સીટ પર અને માર્ક્સવાદી કોમ્યુનિસ્ટ પાર્ટી (માકપા) સીટ પર આગળ છે. જ્યારે બે સીટ પર અપક્ષ ઉમેદવાર આગળ છે. ઓરિસ્સાના નવિન પટનાયકના અનેક મંત્રીઓ પણ પાછળ ચાલી રહ્યા છે.

# પીએમ મોદી સામે કોંગ્રેસના અજય રાયનો પરાજય થયો

। (એજન્સી) વારાણસી, તા.૪ ।

વારાણસી લોકસભા સીટ પરથી પીએમ મોદી ત્રીજી વખત સાંસદ બન્યા છે અને ૧,૫૨,૫૧૩ વોટથી જીત મેળવી લીધી હતી.અત્યાર સુધીના ટ્રેન્ડ પ્રમાણે પીએમ મોદી ૬,૦૮૨૦૧ વોટ મળ્યા છે જ્યારે કોંગ્રેસના અજય રાયને ૪,૫૭૭૭૮ વોટ મળ્યા હતા. વારાણસી શિવનું શહેર. બાબા વિશ્વનાથની નગરી બનારસને કાશી પણ કહેવામાં આવે છે. આ વિશ્વના સૌથી જૂના શહેરોમાંનું એક છે. અમેરિકન લેખક માર્ક ટ્વેને વારાણસી વિશે લખ્યું છે કે, 'વારાણસી ઈતિહાસ કરતાં જૂનું છે, પરંપરાઓ કરતાં જૂનું છે અને દંતકથાઓ કરતાં પણ જૂનું છે અને જ્યારે આ બધાને જોડવામાં આવે છે, તો તે સંગ્રહ કરતાં બમણું જૂનું થઈ જાય છે. શિવ-શક્તિના દમ-દમ અને બાબાના બમ-બમના નગર વારાણસીમાં હિન્દુઓના બાબા વિશ્વનાથ રહે છે, જ્યારે આ શહેર મુસ્લિમ કારીગરોના કૌશલ્ય માટે વિશ્વ પ્રસિદ્ધ છે. તે દીવાઓનું શહેર, જ્ઞાનનું શહેર અને બૌદ્ધ અને જૈન ધર્મનું પવિત્ર સ્થળ પણ માનવામાં આવે છે. રાજકારણની વાત કરીએ તો તે છેલ્લા ૧૦ વર્ષથી ભારતીય રાજનીતિનું કેન્દ્રબિંદુ બની ગયું છે. આ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સંસદીય ક્ષેત્ર છે. વારાણસીના રાજકારણથી માત્ર ઉત્તર પ્રદેશ જ નહીં પરંતુ સમગ્ર દેશ પ્રભાવિત છે.

## વિધાનસભાની પાંચેય બેઠકો ભાજપે કબજે કરી, કોંગ્રેસની હાર

। (એજન્સી) ગાંધીનગર, તા.૪ ।

ભાજપે વિધાનસભા પેટાચૂંટણીમાં જીતનો સ્વાદ ચાખ્યો છે. ગત વિધાનસભામાં જે પાંચ બેઠકો પર ભાજપે હારનો સામનો કરવો પડ્યો હતો, તેને ભાજપે હાંસિલ કરી લીધી છે. લોકસભાની ચૂંટણી સાથે યોજાયેલી ગુજરાત વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણીના પરિણામ આવી ગયા છે. આ તમામ બેઠકો પર ભાજપ જંગી જીત સાથે આગળ છે. ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણી ખંભાત, વાઘોડિયા, પોરબંદર, માણાવદર અને વિજાપુર બેઠક પર યોજાઈ હતી. તે પાંચેય બેઠકોના પરિણામો પણ આવી ગયા છે, અને તમામ બેઠકો ભાજપના ફાળે ગઈ છે. પાંચેય પેટાચૂંટણીની બેઠકોમાં કોંગ્રેસને કારમો પરાજય મળ્યો છે. પાંચેય ખંભાત, વાઘોડિયા, પોરબંદર, માણાવદર અને વિજાપુર બેઠકપર ભાજપનો વિજય થયો છે.

## પોરબંદર બેઠક પરથી મનસુખ માંડવિયાની મોટી લીડ સાથે જીત

। (એજન્સી) પોરબંદર, તા.૪ ।

લોકસભા ચૂંટણીને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. પોરબંદર બેઠક પરથી ભાજપ ઉમેદવાર મનસુખ માંડવિયાને મોટી જીત મળી છે. મનસુખ માંડવિયાને ૩૮૦૪૭૨ લીડ સાથે મોટી જીત મળી છે. જણાવી દઈએ કે, પોરબંદર લોકસભા બેઠક માટે ત્રીજા તબક્કામાં ૭ મેના રોજ મતદાન થયું હતું. પોરબંદરમાં સરેરાસ કુલ ૫૧.૮૩ ટકા મતદાન થયું હતું. વિધાનસભા મતવિસ્તાર પ્રમાણે મતદાનની ટકાવારીમાં ધોરાજીમાં ૫૧.૮૯ ટકા, ગોંડલમાં ૫૨.૧૯ ટકા, જેતપુરમાં ૫૧.૫૪ ટકા, કેશોદમાં ૪૭.૦૩ ટકા, કુતિયાણામાં ૪૭.૫૫ ટકા, માણાવદરમાં ૫૩.૯૪ ટકા અને પોરબંદરમાં ૫૭ ટકા મતદાન થયું છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ભારતીય જનતા પાર્ટીએ આ બેઠક પરથી ઉમેદવાર તરીકે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાને ટિકિટ આપી હતી. જોકે, કોંગ્રેસે લલિત વસોયાને મેદાનમાં ઉતાર્યા છે. આ લોકસભામાં કુલ ૧૭.૫૦ લાખ મતદારો છે, જેમાં ૯ લાખથી વધુ પુરૂષ અને ૮ લાખથી વધુ મહિલા મતદારો છે. ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં વિઠ્ઠલ રાદડિયાએ રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીના કાંધલ જાડેજાને ૨,૬૭,૯૭૧ મતોથી હરાવ્યા હતા. ૨૦૧૯માં અહીંથી ભાજપ તરફથી રમેશ ધડુક અને કોંગ્રેસ તરફથી લલિત વસોયા ઉમેદવાર હતા. જેમાં રમેશ ધડુક ૨ લાખથી વધુ મતોથી જીતીને સાંસદ બન્યા હતા.

### રાજસ્થાન થી ચિલાડા સુધી હથિયારો પહોંચાડ્યા ના પુરાવા મળ્યા

# ચિલાડા નજીક નર્મદા કેનાલ પાસે એક કાટ માળના ઢગલામાં ત્રણ લોડેડ પિસ્તોલ મળી

### રાજસ્થાન અને પંજાબમાં પાકિસ્તાનની બોર્ડર નજીકના વિસ્તારોમાં ડ્રોનથી હથિયાર કે ડ્રગ્સ સપ્લાય થતા ગુના પણ નોંધાયેલા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

ગુજરાતમાં તબાહી મચાવવાનો સામાન પાકિસ્તાનમાં બેઠેલા આતંકવાદીઓએ ડ્રોન દ્વારા પહેલાં રાજસ્થાન અને ત્યાંથી અમદાવાદના ચિલાડા સુધી પહોંચાડ્યો હોવાના પુરાવા પોલીસને મળ્યા છે. અમદાવાદ એરપોર્ટ પરથી પકડાયેલા ISISના ચારેય આતંકવાદીઓના રિમાન્ડ પૂરા થતાં તેમને જેલ હવાલે કરાયા છે પરંતુ તે પહેલાં પોલીસે મેળવેલી વિગતો ઉપરાંત ટેક્નિકલ સર્વેલન્સથી આ વિગતો સામે આવી છે. હવે રાજસ્થાનની સુરક્ષા એજન્સીઓ પણ આતંકવાદના આ કેસની તપાસમાં જોડાઈ હોવાનું સૂત્રોનું કહેવું છે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ અનેકવાર રાજસ્થાન અને પંજાબમાં પાકિસ્તાનની બોર્ડર નજીકના વિસ્તારોમાં ડ્રોનથી હથિયાર કે ડ્રગ્સ સપ્લાય થતા ગુના પણ નોંધાયેલા છે. ગુજરાત ATSનાં સૂત્રોનું કહેવું છે કે ગત ૨૦ તારીખે ચેન્નાઈથી અમદાવાદ એરપોર્ટ આવેલી ફ્લાઈટમાંથી ISISના ચાર આતંકવાદીઓને પકડી પાડવામાં આવ્યા હતા. તે જ દિવસે થયેલી તેમની પૂછપરછ ઉપરાંત તેમના ફોનની ગેલેરીમાંથી મળેલા ફોટા અને લોકેશન આધારે તપાસ કરતા ચિલાડા નજીક નર્મદા કેનાલ પાસે એક કાટમાળના ઢગલામાં ત્રણ લોડેડ પિસ્તોલ મળી આવી.આ હશિયારો તે એરપોર્ટ પર ઉતરીને લેવા જવાના હતા અને તેના દ્વારા જ ગુજરાતમાં ગમે ત્યાં ખૂનીખેલ ખેલીને આતંક ફેલાવાના હતા. પોલીસે કબજે કરેલાં હથિયાર પર FATA (ફેડરલી એડમિનિસ્ટ્રેટેડ ટ્રાઈબલ એરિયા) લખ્યું હતું. જે વિસ્તાર પાકિસ્તાનનો હોઈ હથિયાર પાકિસ્તાની બનાવટનાં અને ત્યાંથી જ સપ્લાય કરવામાં આવ્યાં હોવાનું સ્પષ્ટ હતું. દરમિયાન પોલીસે ચિલોડાવાળા રૂટ પર હથિયાર મળ્યાં તે પહેલાંથી બે-ત્રણ દિવસ સુધીનો મોબાઈલ ડેટા કબજે કરી તેનું એનાલિસિસ કર્યુ હતું.

### રાજકોટ મ્યુનિ.માં ભ્રષ્ટાચાર સાથે અધિકારીઓની મનમાની

# રાજકોટના ટી.પી.ઓ. સાગઠિયાએ ૧૨ વર્ષથી પોતાની મિલકતો જાહેર કરી નથી

### રાજ્ય સરકારના આદેશ મુજબ, કેલેન્ડર વર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બર દરમિયાન તમામ સરકારી કર્મચારીઓએ તેમની મિલકતો જાહેર કરવાની હોય છે

। (એજન્સી) રાજકોટ, તા.૪ ।

રાજકોટ અગ્નિકાંડ બાદ મનપાનાં ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠિયાની ધરપકડ કરી પુરાવા એકત્ર કરવા પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી છે. દરમિયાન મનસુખ સાગઠિયાએ સરકારી નિયમની ઐસીતૈસી કરીને મહેકમ શાખા સમક્ષ ૨૦૧૨ પછી પોતાની મિલકતો જાહેર કરી ન હોવાનું જાણવા મળ્યું છે. રાજ્ય સરકારના આદેશ મુજબ, કેલેન્ડર વર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બર દરમિયાન તમામ સરકારી કર્મચારીઓએ તેમની મિલકતો જાહેર કરવાની હોય છે. જેમાં કલેક્ટર, મહાનગરપાલિકાના કમિશનર કે પોલીસ કમિશનર જેવા ઉચ્ચ હોદ્દાઓ ધરાવતા ક્લાસ વન અધિકારીઓ પણ બાકાત નથી. નાગરિકો આ મિલકતો જાણી શકે તે માટે વેબસાઈટ પર તે મુકવાની હોય છે. આ મુજબ મહાનગરપાલિકાની વેબસાઈટ પર પણ આવી મિલકતો મુકવામાં આવે છે. પણ આ વેબસાઈટમાં ૨૦૧૭ પછી એકપણ અધિકારીએ તેની મિલકત જાહેર કરી જ નથી. વર્ષ ૨૦૧૭માં પણ રોશની વિભાગના એક અધિકારીની વિગત જ અપલોડ થઈ છે. રાજ્ય સરકાર દ્વારા વર્ગ ૩ અને ૪ને દર વર્ષને બદલે ૫ વર્ષે મિલકત જાહેર કરવાની છૂટછાટ આપી હતી. પણ બે વર્ષ પહેલા તેમાં ફેરફાર કરીને દર વર્ષે મિલકત જાહેર કરવાનો આદેશ કરાયો હતો. આ આદેશ પછી મહેકમ શાખા દ્વારા દર વર્ષ પરિપત્ર જાહેર કરીને ક્લાસ ૧થી લઈને ૪ સુધીના અધિકારીઓને મિલકત જાહેર કરવાની યાદી અપાય છે. પણ તેનો અમલ કોઈ કરતું નથી. સુત્રોના જણાવ્યા પ્રમાણે, કોર્પોરેશનનાં કોઈપણ અધિકારીએ ૨૦૧૭ પછી પોતાની વ્યક્તિગત કે વારસાગત મિલકત જાહેર કરી નથી.

### ગુજરાતમાં એક-એક રૂપિયો ઉઘરાવીને ચૂંટણી લડી

# અપક્ષ ઉમેદવાર ઉમેશ પટેલની ભવ્ય જીત થઈ

। (એજન્સી) દમણ, તા.૪ ।

ગુજરાતના રાજકારણના ઈતિહાસમાં પહેલીવાર એવું બન્યું કે, અપક્ષ ઉમેદવારે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારને ચૂંટણીની જંગમાં ધૂળ ચટાડી છે. દીવ દમણ લોકસભા બેઠક પર કોંગ્રેસ, ભાજપ અને અપક્ષ વચ્ચે જંગ હતી. અહીં ત્રણ પાટીદાર ઉમેદવારો મતદારોને રીઝવવા મેદાનમા ઉતર્યા હતા, પરંતુ અહી અપક્ષ ઉમેદવાર ઉમેશ પટેલે એકલા હાથે જંગી જીત હાંસિલ કરી છે. અપક્ષ ઉમેદવાર અંદાજિત ૬ હજાર કરતાં વધુ મતથી જીત્યા છે. ઉમેશ પટેલ પાસે કોઈ કાર્યકર્તાઓની ફૌજ ન હતી, તેઓ એકલા હાથે દીકરી સાથે મત માંગવા નીકળ્યા હતા. ઉમેશ પટેલ ખરેખર આ સફળતાના હકદાર છે. કારણ કે, તેઓ એકલા હાથે ચૂંટણી લડ્યા હતા, અને જીત્યા પણ. તેમના ચૂંટણી પ્રચારની સ્ટાઈલ લોકોને વધુ સ્પર્શી ગઈ હતી. કારણ કે, લોકો પાસેથી એક-એક રૂપિયો ભેગો કરીને તેઓ ચૂંટણી લડ્યા હતા. ફાળો માંગવા તેમણે પોતાના મત વિસ્તારમાં લોકોના ચરણ સ્પર્શ પણ કર્યા હતા. સંઘ પ્રદેશ દમણ-દીવમાં મોટો અપસેટ સર્જાયો. ત્રણ વખતથી વિજેતા ભાજપના ઉમેદવાર લાલુ પટેલની હાર થઈ છે. તો અપક્ષ ઉમેદવાર ઉમેશ પટેલનો ભવ્ય વિજય થયો છે. અપક્ષ ઉમેદવાર ઉમેશ પટેલે ભાજપના ગઢમાં પાડ્યું ગાબડું. પ્રશાસક પ્રફુલ પટેલથી મતદારો ભારે નારાજ હતા. જેની અસર લોકસભાની ચૂંટણીમાં જોવા મળી. સંઘપ્રદેશ દમણ દીવ લોકસભા બેઠક પર અપક્ષ ઉમેદવારે અનોખી રીતે ચૂંટણી પ્રચાર કર્યો હતો. અપક્ષ ઉમેદવાર લોકો પાસે ઉમેશ પટેલ મતની સાથે ચૂંટણી લડવાનો ફાળો પણ માંગ્યો હતો અને લોકો પણ તેમને હોંશે હોંશે ફંડ આપી રહ્યા છે. ઉમેશ પટેલ એકલા હાથે ચૂંટણી પ્રચાર કર્યો હતો. ઉમેશ પટેલની સાથે તેમના કોઈ કાર્યકર્તાઓની ફોજ ન હતી. તેઓ ચૂંટણી પ્રચાર માટે એકલા વિવિધ વિસ્તારોમાં નીકળ્યા હતા. તેઓ મતદારો પાસે મત માગતા હતા અને સાથે તેમના ચરણ સ્પર્શ પણ કરતા હતા. હાથમાં ફંડ ફાળો એકત્રિત કરવા માટે ગલ્લો લઈને ઉમેશ પટેલ મતદારોને ઘરે ઘરે ફાળો મત અને આશીર્વાદ માંગતા અને ત્યારબાદ પોતાના માટે મત માંગતા હતા. દેશમાં લોકસભાની ચૂંટણી પ્રચારમાં આપ સૌએ ચૂંટણીમાં ઉમેદવારો કે રાજનેતાઓ મતદારો પાસે જઈ અને માત્ર મત જ માગતા હોવાની અપીલ કરતાં જોવા મળ્યા હતા. પરંતુ રાજ્યના પડોશમાં આવેલા સંઘપ્રદેશ દમણ દીવ લોકસભા બેઠક પર એક અપક્ષ ઉમેદવાર અનોખી રીતે ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. જેઓ મતની સાથે મતદારો પાસે ચૂંટણી લડવાનો ફાળો પણ માગી રહ્યા હતા અને લોકો પણ હોંશે હોંશે આ અપક્ષ ઉમેદવારને ફંડ પણ આપ્યો હતો.

### બનાસની બેને કોંગ્રેસની લાજ રાખી!

## ૧૦ વર્ષ પછી કોંગ્રેસનું ખાતું ખૂલ્યું, બનાસકાંઠામાં ગેનીબેનની જીત

। (એજન્સી) બનાસકાંઠા, તા.૪ ।

કોંગ્રેસનો ગુજરાતની લોકસભામાં આખરે સંઘર્ષ ઓછો થયો છે. બનાસની બેન ગેનીબેન ઠાકોરે જંગી જીત સાથે કોંગ્રેસને સંન્યાસમાંથી મુક્તિ અપાવી છે. બનાસકાંઠાની



બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરનો ભવ્ય વિજય થયો છે. આ સાથેજ ગુજરાતમાં ક્લીન સ્વીપનું ભાજપનું સપનું રોળાયું છે. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસને એકમાત્ર બેઠક પર જીત મળી છે, અને આ જીત ગેનીબેન ઠાકોરે અપાવી છે. ગેનીબેને ભાજપનું હેટ્રિકનું સપનું તોડ્યું છે. ગુજરાતમાં બનાસકાંઠામાં કોંગ્રેસે ખાતુ ખોલ્યું. કોંગ્રેસના બનાસકાંઠાનાઉમેદવાર ગેનીબેન ઠાકોર ૨૦ હજારથી વધુની મત સાથે જીત મેળવી લીધી છે. બનાસકાંઠાની જીત બાદ ગેનીબેન ઠાકોર ભાવુક થઈ ગયા હતા. તેમણે કહ્યું કે, બનાસકાંઠાની મતદારો, જનતાનો આભાર માનું છું, જનતાએ અમને જે આર્શીવાદ આપ્યા છે, બનાસકાંઠાના વોટર્સે પોતાનુ કામ પૂરુ કર્યું. હવે પરિણામ બાદ વિધિવત રીતે ફરી પ્રેસ કોન્ફરન્સ કરીશ, પરંતુ જે જીત અપાવી તેને માટે જનતાનો આભાર. સમગ્ર ઈન્ડિયા ગઠબંધનની સરકાર બનવા જઈ રહી છે, તેમાં બનાસકાંઠાનો પણ સહભાગી બનશે, તેથી તમારા સૌનો આભાર. બનાસકાંઠાની જનતાનો આભાર. બનાસની જનતાએ જે મામેરું મેં માંગ્યુ હતું, તે મામેરૂઁ ભર્યું તે બદલ જનતાનો આભાર. અહીંની જનતાએ મને વોટ અને નોટ આપ્યા છે, તેથી હું જીવું અને જાગું ત્યા સુધી બનાસકાંઠાના મતદારોનો ઋણ ઉતારી શકું તેમ નથી. પ્રયત્ન કરીશ કે આ ઋણ ઉતારી શકું. બનાસકાંઠા બેઠક પરથી આ વખતે કોંગ્રેસે મજબૂત ઉમેદવાર ગેનીબેન ઠાકોરને મેદાનમાં ઉતાર્યા હતા. જ્યારે ભાજપે રેખાબેન ચૌધરીને ટિકિટ આપી. રેખાબેન એ શિક્ષિત મહિલા ઉમેદવાર હોવા ઉપરાંત બનાસ ડેરીના સ્થાપક સ્વ. ગલબાભાઈ પટેલના પૌત્રી પણ છે. જો કે ગેનીબેન પણ સામે મજબૂત મહિલા નેતા હતા. એક ફાયરબ્રાન્ડ નેતા તરીકે તેમની ઈમેજ છે અને ૨૦૧૭થી વાવ વિધાનસભા બેઠકથી ધારાસભ્ય છે. આ વખતે આ બેઠક માટે બહુ રસાકસી રહી શકે છે તેવી વાતો થતી હતી. ગેનીબેન ઠાકોર પાસેથી કોંગ્રેસને સારી એવી અપેક્ષાઓ હતી. અને ગેનીબેન ઠાકોર આ અપેક્ષા પર ખરા ઉતર્યા છે ઉલ્લેખનીય છે કે ૨૦૧૯ની લોકસભા બેઠકના પરિણામ વિશે વાત કરીએ તો ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં બનાસકાંઠા બેઠક ભાજપના પરબતભાઈ પટેલે જીતી હતી. આ લોકસભા બેઠક હેઠળ વાવ, થરાદ, ધાનેરા, દાંતા, પાલનપુર, ડીસા, દિયોદર વિધાનસભા બેઠકો આવે છે.

# ડીઝલ શેડ સાબરમતીમાં સીપીઆર અને ફર્સ્ટ એડ વર્કશોપનું આયોજન



। અમદાવાદ, તા.૪ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર ડીઝલ શેડ સાબરમતી ખાતે સીપીઆર સપ્તાહ અંતર્ગત સીપીઆર અને પ્રાથમિક સારવાર (ફર્સ્ટ એડ) વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સિનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર ડીઝલ શેડ સાબરમતી શ્રી અશોક કુમાર સહિત તેમની ટીમના અધિકારીઓ અને સુપરવાઈઝરની ટીમ અને લગભગ ૧૭૫ કર્મચારીઓએ તાલીમ લીધી હતી. HCG હોસ્પિટલના ક્રિટિકલ કેર કન્સલ્ટન્ટ ડૉ. બિનીત ઝવેરીએ બેઝિક લાઈફ સપોર્ટ (BLS) અને CPR ટેકનિક તથા ડિવિઝનલ રેલ્વે હોસ્પિટલના સિનિયર ડિવિઝનલ મેડિકલ ઓફિસર ડૉ. સુશાંત રંજને પ્રાથમિક સારવાર (ફર્સ્ટ એઈડ) ની તાલીમ આપી હતી. ચીફ મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રીમતી ડો. ભાનુમતી શેખરે જણાવ્યું હતું કે કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશન (CPR) એક જીવનરક્ષક ટેકનિક છે જે આપત પરિસ્થિતિમાં ઉપયોગી છે જેમાં કોઈના શ્વાસ કે હૃદયના ધડકન બંધ થઈ જાય તો CPR આપીને લોકોના જીવ બચાવી શકાય છે. આ વર્કશોપમાં ડીઝલ શેડના મોટી સંખ્યામાં રેલ્વે કર્મચારીઓએ સક્રિયપણે ભાગ લીધો હતો. અધિકારીઓ અને સુપરવાઈઝર સહિત તમામ ઉપસ્થિત લોકોને સીપીઆરની પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી. HCG હોસ્પિટલ દ્વારા તાલીમ મેળવનાર કર્મચારીઓને સહભાગીતા પ્રમાણપત્ર (Participation certificate) આપવામાં આવશેઆ એક ખૂબ જ ઈન્ટરેક્ટિવ પ્રોગ્રામ હતો જેમાં અધિકારીઓ અને સુપરવાઈઝરો સહિત તમામ ઉપસ્થિત લોકોએ સક્રિયપણે ભાગ લીધો હતો. પ્રતિષ્ઠિત ચિકિત્સકોના માર્ગદર્શન હેઠળ આયોજિત આ વર્કશોપનો ઉદ્દેશ્ય રેલવે કર્મચારીઓને આવશ્યક જીવનરક્ષક કૌશલ્યથી સજ્જ કરવાનો છે.

### ગુજરાત હાઈકોર્ટની સરકારને નોટિસ

# રાજ્ય સરકારે પરમિશન મેળવેલા ગેમ ઝોન પણ બંધ કર્યા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

રાજકોટ TRP ગેમ ઝોનમાં આગની દુર્ઘટનામાં ૨૭ લોકોના મૃત્યુ બાદ તમામ સ્થાનિક ઓથોરિટીઓ દ્વારા પોતાના વિસ્તારમાં ચાલતા મેળાઓ અને રાઈડસ બંધ કરાવી દેવામાં આવી છે. જે લોકો પાસે પૂરતી પરમિશન નથી તે સમજ્યા પણ ઘોડા છુટ્યા બાદ તબેલે તાળા મારવા જેવી કાર્યવાહી ઓથોરિટી દ્વારા કરવામાં આવી રહી છે. અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ઉપર મેળોનાખનાર સંચાલક ગુજરાત હાઈકોર્ટ પહોંચ્યા છે. જેમનું કહેવું છે કે તેમની પાસે જરુરી તમામ પરમિશન હોવા છત્તા ઓથોરિટીએ મૌખિક સૂચના આપીને તેમનો મેળો બંધ કરાવી દીધો છે. આ મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરતા આજે સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં હાઈકોર્ટે રાજ્ય સરકારને નોટિસ પાઠવી છે. જે મુદ્દે હવે ૧૦જૂને વધુ સુનાવણી હાથ ધરાશે. અરજદારે જણાવ્યું હતું કે, આ સમય દરમિયાન તેને ૫૦ લાખનું નુકશાન થશે. જેને લઈને કોર્ટમાં ગરમાગરમી સર્જાઈ હતી. અરજદારે અગાઉ જણાવ્યું હતું કે, મંજૂરી મેળવતા તેમને ૬૬ દિવસ લાગ્યા હતા. જેમાં ઈલેટ્રિક, ફાયર NOC, રાઈડ ફિટનેસ સર્ટિફિકેટ, રોડ અને બિલ્ડિંગ વિભાગનું ક્લિયરન્સ વગેરે બાબતોનો સમાવેશ થાય છે. તેઓએ ૧૬ મે ના રોજ મેળો શરૂ કર્યો હતો અને ૨૫ મે ના રોજ રાજકોટમાં TRP ગેમ ઝોનની દુર્ઘટના બનતા તેમનો મેળો પણ ઓથોરિટીએ બંધ કરાવી દીધો છે. આ મેળો નાખવા તેમને ૧.૬૪ કરોડનું રોકાણ કર્યું છે. જમીનનું ભાડું, રાઈડ્સનું ભાડું, આશરે ૧૩૫ લોકોનો પગાર, લાઈટબીલ વગેરે જોઈએ તો રોજનો ૯ લાખ રૂપિયા જેટલો ખર્ચ થાય છે. આ મેળાની મંજુરી ૨૩ જૂન સુધીની છે. આ અંગે સરકારને રજૂઆત કરી હોવા છત્તા કોઈ પ્રત્યુતર આવ્યો નથી. આથી હાઈકોર્ટમાં અરજી દાખલ કરવી પડી છે. ગુજરાત મેળા એસોશિયેશનના પ્રમુખ કૃણાલ ભટ્ટે જણાવ્યું હતું કે, રાજ્યમાં રાજકોટની ઘટના બાદ તમામ મેળાઓ સરકારી ઓથોરિટીએ બંધ કરાવી દીધા છે. તમામ પરમિશન ધરાવતા ૪૦ મેળાઓ રાજ્યમાં ચાલતા હતા. જ્યારે ૧૫ મેળાઓની પરમિશન મેળવવાની પ્રોસેસ કરીને ચાલુ થવાના હતા.


### ૧૫ રાઉન્ડ બાદ એકાએક બાજી પલટાઈ હતી

# પાટણ લોકસભા બેઠક પર ભરતસિંહ ડાભીની જીત થઈ

### ભાજપના ભરતસિંહજને ૫૮૨૯૭૨ મત મળ્યા છે, આ સાથે જ કોંગ્રેસ ઉમેદવારને ૫૫૩૭૧૫ મત મળ્યા

। (એજન્સી) પાટણ, તા.૪ ।

પાટણ લોકસભા બેઠક પર કોંગ્રેસ ઉમેદવાર ચંદનજી ઠાકોરના સમર્થનમાં રાહુલ ગાંધીએ પણ પ્રચાર કર્યો હતો. આ બેઠક પર કરિણસિંહ ઠાકોર સહિત અનેક ભાજપના કાર્યકર્તાઓ કોંગ્રેસમાં પણ જોડાયા હતા. ચૂંટણી પહેલા ભાજપમાં મોટું ગાબડું પડ્યું હતું. પરંતુ છેલ્લા સમયે બાજી પલટાઈ ગઈ છે. તમને જણાવી દઈએ કે ચંદનજી ઠાકોરે ચૂંટણી પ્રચાર સમયે પોતાની પાઘડી ઉતારીને લોકો પાસેથી તેમના મત માંગ્યા હતા. આ રીતનો અનોખો પ્રચાર પણ તેમને જીત અપાવી શક્યો નથી. પાટણ લોકસભા બેઠક પર ભાજપ ભરતસિંહ ડાભીની જીત થઈ છે. તમને જણાવી દઈએ કે પ્રથમ ૧૫ રાઉન્ડ સુધી કોંગ્રેસના ચંદનજી ઠાકોર આગળ રહ્યા હતા. ૧૫ રાઉન્ડ બાદ એકાએક બાજી પલટાઈ હતી અને ભાજપના ઉમેદવાર ભરતસિંહ ડાભીએ બાજી મારી હતી. મત ગણતરીના અંતિમ ચરણમાં ભરતસિંહ ડાભી ૩૦ હજાર થી વધુ મતોથી આગળ દોડી ગયા હતા. જેના કારણે નિરુત્સાહ



કાર્યકરોમાં ફરી પ્રાણ ફૂંકાયા હતા અને ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ છવાયો હતો. ભરતસિંહ ડાભી પરિવાર જનોએ આનંદ વ્યક્ત કર્યો અને જનતાનો આભાર માન્યો હતો. અત્રે જણાવવાનું કે પાટણ એ અતિ મહત્વની બેઠકમાં ગણતરી થાય છે કારણ કે આ બેઠક પર પહેલેથી જ ઠાકોર અને દેસાઈ સમાજનું પ્રભુત્વ રહ્યું છે. જો કે આ વખતે ભાજપે કોઈ જોખમ ન લેતા વર્તમાન ધારાસભ્ય ભરતસિંહ ડાભીને જ મેદાનમાં ઉતાર્યા. તેઓ અગાઉ ખેરાલુ બેઠક પરથી ધારાસભ્ય પણ રહી ચૂક્યા છે.

### પ્રમુખ સી.આર.પાટીલ પ્રેસ કોન્ફરન્સમાં બોલ્યા

# અમારા કમનસીબે ૧૫ સીટ પર ૫ લાખની લીડનો ટાર્ગેટ અધુરો રહ્યો

### બનાસકાંઠાના મતદારોની નારાજગી હશે એટલે અમે જીતી શક્યા નથી: ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ

। (એજન્સી) ગાંધીનગર, તા.૪ ।

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પહેલાં જ ભાજપે ૨૬ બેઠકો પર પાંચ લાખ મતની લીડથી જીતવાનો ટાર્ગેટ રાખ્યો હતો. ભાજપના દરેક પેજ પ્રમુખને આ ટાર્ગેટ માટે તૈયાર કરવામાં આવ્યો હતો. પરંતુ રાજકોટમાં રૂપાલાના નિવેદન બાદ શરૂ થયેલા ક્ષત્રિય આંદોલનને કારણે મતદાન ઓછું થયું હોવાની ચર્ચાઓ શરૂ થઈ હતી. હવે ચૂંટણીનું પરિણામ



આવી ગયું છે. જેમાં આ વખતે ગુજરાતમાં ભાજપની હેટ્રિક અટકી છે. બનાસકાંઠા બેઠક પર ગેનીબેન ઠાકોરે જીત મેળવતાં ભાજપની ક્લિન સ્વીપ અને ક્ષત્રિય આંદોલનને કારણે પાંચ લાખની લીડનો ટાર્ગેટ તૂટી ગયો છે. પરિણામોના છેલ્લા રાઉન્ડ સમયે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યું હતું કે, ૪ બેઠક પર ૫ લાખથી વધુની લીડ મળી છે. ૨ બેઠક ૭ લાખની લીડથી જીત્યા છીએ. કમનસીબે અમે ગુજરાતમાં તમામ સીટ જીતી શક્યા નહીં. અમે ૨૪ સીટ બહુમતીથી જીત્યા છીએ. ઓછા માર્જિનથી માત્ર એક જ સીટ જીત્યા છીએ. બનાસકાંઠાના મતદારોની નારાજગી હશે એટલે અમે જીતી શક્યા નથી.તમામનો આભાર. આજે મત ગણતરી પૂરી થયા બાદ ૨૬ સીટનું પરિણામ આપની સામે છે. આ પહેલા પણ બંને વખત ૨૬ સીટ ભાજપ જીતી હતી. આ લોકસભામાં ૨૬ સીટ જીતવાનો સંકલ્પ કર્યો હતો પણ ક્યાંક મતદાતાની નારાજગી હશે, અમારાથી કંઈ ભુલ થઈ હશે એટલે ફક્ત ૩૧ હજાર મતથી અમે એક સીટ હાર્યા છીએ. દેશમાં અને ભાજપના ઈતિહાસમાં સુરત સીટ બિન હરીફ થઈ છે.

### ભાજપના યુવા નેતાએ કર્યો કમાલ

# વડોદરામાં ભાજપના યુવા નેતા ડો. હેમાંગ જોષીની જીત

### ભાજપના ઉમેદવાર ડો. હેમાંગ જોષીએ કોંગ્રેસના ઉમેદવાર જશપાલસિંહ પઢિયારને હરાવી દીધા છે

। (એજન્સી) વડોદરા, તા.૪ ।

ભારતીય જનતા પાર્ટીએ પોતાનો ગઢ જાળવી રાખતા ફરી એકવાર વડોદરા લોકસભા બેઠક કબજે કરી લીધી છે. વડોદરામાં ભાજપે ઉમેદવાર બદલ્યાં છતાં પોતાની જીતનો સિલસિલો યથાવત રાખ્યો છે. વડોદરા લોકસભા સીટ પર ભાજપ ના ઉમેદવાર ડો. હેમાંગ જોષીએ કોંગ્રેસના ઉમેદવાર જશપાલસિંહ પઢિયારને હરાવી દીધા છે. વડોદરા લોકસભા સીટ ભાજપનો ગઢ



ગણવામાં આવે છે. આ બેઠક પરથી ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ જીત મેળવી હતી. ત્યારે ૨૦૨૪ની ચૂંટણીમાં ૩૩ વર્ષીય ડો. હેમાંગ જોષીએ જીત મેળવી છે. ભાજપનો મુકાબલો કોંગ્રેસ નેતા જશપાલસિંહ પઢિયાર સામે હતો. પરંતુ ભાજપે આ સીટ જીતીને પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. નોંધનીય છે કે ૧૯૮૯થી ભારતીય જનતા પાર્ટી વડોદરા બેઠક જીતતી રહી છે. ગુજરાતની સંસ્કારી નગરી તરીકે ઓળખાતા શહેર વડોદરાના રાજકારણમાં છેલ્લા કેટલાક દાયકાથી ભારતીય જનતા પાર્ટીનો દબદબો જોવા મળી રહ્યો છે. આઝાદી બાદ વર્ષો સુધી આ બેઠક રાજવી પરિવારના ખાતામાં રહી હતી. મહારાજા ફતેહસિંહરાવ ગાયકવાડ ૪ વખત તો રણજીતસિંહ ગાયકવાડ બે વખત આ સીટથી સાંસદ રહ્યાં હતા. પરંતુ ૧૯૮૯થી ભાજપે વડોદરાને પોતાનો ગઢ બનાવ્યો છે. ભારતીય જનતા પાર્ટીએ પોતાની પ્રથમ યાદીમાં વડોદરા બેઠક પરથી વર્તમાન સાંસદ રંજનબેન ભટ્ટને ટિકિટ આપી હતી. પરંતુ ત્યારબાદ તેમનો વિરોધ પણ થયો હતો. અંતે ભારતીય જનતા પાર્ટીએ આ સીટ પર ઉમેદવાર બદલવાની ફરજ પડી હતી.

### ૨૦થી ૨૪% સુધી શેર તૂટ્યા

# ચૂંટણીના પરિણામોના કારણે અદાણી ગ્રુપને બજારમાં મોટો ફટકો પડ્યો

## અત્યાર સુધીમાં રોકાણકારોના ૩૫ લાખ કરોડ ધોવાઈ ગયા છે અને બજારમાંથી વિશ્વાસ હચમચી જાય તેવી સ્થિતિ બની

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।

લોકસભાની ચૂંટણીના રિઝલ્ટ જે રીતે આવી રહ્યા છે તેનાથી શેરબજારને મોટો ફટકો પડ્યો છે અને તેમાં પણ અદાણી જૂથના રોકાણકારો માટે બહુ ખરાબ સ્થિતિ હતી. એક્ઝિટ પોલના કારણે ગઈકાલે જે શેરો ૧૬ ટકા સુધી વધી ગયા હતા તે શેર્સ આજે ૨૦થી ૨૪ ટકા સુધી ઘટી ગયા છે. અદાણીના ઈન્વેસ્ટરોએ લાખો કરોડો ગુમાવ્યા છે અને તાજેતરમાં જ એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બનેલા અદાણીની નેટવર્થને પણ ફટકો પડ્યો છે. અદાણી જૂથ અને એનડીએ બહુ નજીક ગણવામાં આવે છે અને તેથી જ એનડીએનો દેખાવ નબળો પડ્યો તેની સીધી અસર અદાણી પર પડી છે. શેરબજારમાં આજે અત્યાર સુધીમાં રોકાણકારોના ૩૫ લાખ કરોડ ધોવાઈ ગયા છે અને બજારમાંથી વિશ્વાસ હચમચી જાય તેવી સ્થિતિ છે. આ લખાય છે ત્યારે અદાણી એન્ટરપ્રાઈઝિસનો શેર પૂરા ૨૫ ટકા ઘટીને ૨૭૩૩ પર હતો. અદાણી ગ્રીન એનર્જીનો શેર ૧૯.૫૦ ટકા ઘટીને ૧૬૪૧ પર ચાલતો હતો. અદાણી પોર્ટનો શેર ૨૫ ટકા ઘટીને ૧૧૮૮ પર હતો. અદાણી પાવરનો શેર ૨૦ ટકા ઘટીને ૭૦૦ રૂપિયા પર હતો. અન્ય શેરોમાં અદાણી વિલ્મરનો શેર ૧૦ ટકા, સિમેન્ટ કંપનીઓ એસીસી ૧૫ ટકા, અંબુજા સિમેન્ટ ૨૦ ટકા, અદાણી ટોટલ ગેસ ૧૮ ટકા, એનડીટીવીનો શેર ૧૮.૬ ટકા ઘટ્યો છે. આ લખાય છે ત્યારે સેન્સેક્સ એક તબક્કે ૬૨૦૦ પોઈન્ટ ઘટી ગયો હતો. અદાણી જૂથની કંપની અદાણી પોર્ટ તેના રોકાણકારો માટે કેશ કાઉ ગણાય છે અને તેમાં ૨૦ ટકાનો કડાકો આવે એટલે કેટલો બધો ગભરાટ છે તે સમજી શકાય છે. એક વાત સ્પષ્ટ છે કે વડાપ્રધાન મોદીએ જે બેઠકો જીતવાની આશા રાખી હતી અથવા દાવો કર્યો હતો તે નહીં જીતી શકાય. અદાણી જૂથની ૧૦ લિસ્ટેડ કંપનીઓ છે અને તેની માર્કેટ કેપિટલમાં લગભગ ૧૦ લાખ કરોડથી વધારે ઘટાડો થયો છે. ગઈકાલે એક્ઝિટ પોલના કારણે જે ફિલગુડ ફેક્ટર હતું તેમાં અદાણીના શેરો સૌથી વધુ વધ્યા હતા. આજે તેના કરતા સાવ ઉલ્ટું ચિત્ર છે. એક્ઝિટ પોલે લોકોને આંબા-આંબલી દેખાડ્યા હતા પરંતુ મતદારોનો મિજાજ સાવ અલગ હતો તેવું લાગે છે. ગુજરાત અને મધ્ય પ્રદેશમાં ભાજપે સોલિડ દેખાવ કર્યો છે અને આ બે રાજ્યો વગર ભાજપને ભારે નુકસાન જવાનું હતું તે નક્કી છે. હાલની સ્થિતિમાં પણ લગભગ ૬૦થી ૭૦ સીટનું નુકસાન જોવા મળે છે જે અદાણી જૂથ માટે સારી વાત નથી. ગયા વર્ષે હિન્ડનબર્ગ રિસર્ચના રિપોર્ટના કારણે પણ અદાણીને એટલો ફટકો પડ્યો હતો કે કેટલાક શેરના ભાવ ૭૦ ટકા સુધી ઘટી ગયા હતા. ત્યાર પછી અદાણી સામે જુદી જુદી તપાસ થઈ જેમાં કંઈ બહાર ન આવ્યું અને તેને ક્લિન ચીટ મળી ગઈ. ત્યાર પછી અદાણીના શેરો સતત વધતા ગયા અને હિન્ડનબર્ગ રિપોર્ટ અગાઉ જે ભાવ ચાલતો હતો તેનાથી આગળ નીકળી ગયા. હિન્ડનબર્ગના આંચકામાંથી બહાર આવ્યા પછી એક જ દિવસમાં શેરનો ભાવમાં ૨૦થી ૨૪ ટકાનો ઘટાડો થયો છે. ચૂંટણીના રિઝલ્ટ આવ્યા તે અગાઉ ગ્લોબલ બ્રોકરેજ કંપનીઓએ અદાણી માટે બાય રેટિંગ આપેલું હતું. અદાણી એન્ટરપ્રાઈઝિશના શેર માટે ૩૮૦૦ રૂપિયાનો ટાર્ગેટ છે જ્યારે અદાણી પોર્ટ માટે ૧૬૪૦ રૂપિયાનો ટાર્ગેટ અપાયો છે.

### કોની બનશે સરકાર

# આ વખતે બોલીવુડ સ્થાનની સાથે ક્રિકેટરો પણ લડી રહ્યા છે ચૂંટણી

## આ પહેલા પણ બોલિવુડ સ્ટાર અને ક્રિકેટરો પણ લોકસભાની ચૂંટણી લડી ચુક્યા છે, બસ હવે નજર છે તો આજના પરિણામ પર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ભારતમાં હાલમાં એક જ વાતની ચર્ચા થઈ રહી છે અને તે છે લોકસભાના પરિણામની કે કોણ જીતશે. તેમજ કોની સરકાર બનશે. આ વખતે બોલિવુડ સ્ટારની સાથે ક્રિકેટરો પણ લોકસભાની ચૂંટણી લડી રહ્યા છે અને બસ હવે નજર છે તો આજના પરિણામ પર. તમને જણાવી દઈએ કે, આ પહેલા પણ કેટલાક બોલિવુડ સ્ટાર તેમજ ક્રિકેટરો ચૂંટણીના મેદાનમાં ઉતરી ચુક્યા છે. આ પહેલી વખત નથી કે કોઈ ક્રિકેટર લોકસભાની ચૂંટણી લડી રહ્યો હોય. તો ચાલો જોઈએ આ પહેલા ક્યા ક્યા ક્રિકેટર ચૂંટણીના મેદાનમાં ઉતરી ચુક્યા છે. ગૌતમ ગંભીર ભારતના એ ક્રિકેટરોમાંથી આવે છે. જે વર્લ્ડકપ જીતનારી ટીમનો ભાગ હતો. તેમજ લોકસભાની ચૂંટણી પણ જીતી છે. ગૌતમ ગંભીરે ૨૦૧૯માં ભાજપની ટિકિટ પરથી પૂર્વી દિલ્હીથી ચૂંટણી જીતી હતી. લોકસભા ૨૦૨૪ પહેલા તે રાજકારણથી દુર થયા છે. ગૌતમ ગંભીર ટી૨૦ વર્લ્ડકપ ૨૦૦૭ અને વનડે વર્લ્ડ કપ ૨૦૧૧ની ફાઈનલમાં ટોપ સ્કોરર હતો. ઓલરાઉન્ડર યુસુફ પઠાણ લોકસભા ચૂંટણીમાં ૨૦૨૪માં જીત મેળવશે તો તે ગંભીર , સિદ્ધુ સહિતએ ૫ ક્રિકેટરોના કલબમાં એન્ટ્રી કરશે. જે જનતાના મતથી સાંસદ બન્યો હોય. યુસુફ પઠાણને ટીએમસીએ બહરમપુર સીટથી ચૂંટણીના મેદાનમાં ઉતાર્યો છે. ઓલરાઉન્ડર યુસુફ પઠાણ લોકસભા ચૂંટણીમાં ૨૦૨૪માં જીત મેળવશે તો તે ગંભીર , સિદ્ધુ સહિતએ ૫ ક્રિકેટરોના કલબમાં એન્ટ્રી કરશે. જે જનતાના મતથી સાંસદ બન્યો હોય. યુસુફ પઠાણને ટીએમસીએ બહરમપુર સીટથી ચૂંટણીના મેદાનમાં ઉતાર્યો છે. ભારત માટે ૧૮૭ મેચ રમનાર નવજોત સિંહ સિદ્ધુએ ક્રિકેટમાંથી સંન્યાસ લીધા બાદ રાજકારણમાં એન્ટ્રી કરી હતી. તેમણે ૨૦૦૪માં ભાજપમાં એન્ટ્રી કરી હતી, સિક્સર કિંગથી પોપ્યુલર સિદ્ધુ ૨૦૦૪,૨૦૦૭ પેટાચૂંટણી તેમજ ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં જીત મેળવી સાંસદ બન્યા હતા. વર્ષ ૨૦૧૮માં તે રાજ્યસભાના સભ્ય પણ બન્યા હતા. તે જ વર્ષે તેઓ રાજ્યસભાનું સભ્યપદ છોડીને કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા હતા. ભારત માટે ૧૮૭ મેચ રમનાર નવજોત સિંહ સિદ્ધુએ ક્રિકેટમાંથી સંન્યાસ લીધા બાદ રાજકારણમાં એન્ટ્રી કરી હતી. તેમણે ૨૦૦૪માં ભાજપમાં એન્ટ્રી કરી હતી, સિક્સર કિંગથી પોપ્યુલર સિદ્ધુ ૨૦૦૪,૨૦૦૭ પેટાચૂંટણી તેમજ ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં જીત મેળવી સાંસદ બન્યા હતા. વર્ષ ૨૦૧૮માં તે રાજ્યસભાના સભ્ય પણ બન્યા હતા. તે જ વર્ષે તેઓ રાજ્યસભાનું સભ્યપદ છોડીને કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા હતા. ભારતીય ક્રિકેટ ટીમના ૩ વર્લ્ડકપમાં કેપ્ટનશીપ કરનાર મોહમ્મદ અઝહરુદ્દીને રાજનીતિમાં કિસ્મત અજમાવી હતી. તેમણે લોકસભા ચૂંટણી ૨૦૦૯માં મુરાદાબાદથી કોંગ્રેસ ઉમેદવારના રુપમાં જીત મેળવી હતી. વર્ષ ૨૦૧૪માં થયેલા લોકસભા ચૂંટણીમાં અઝહર ટોંકથી લડ્યો અને હાર મળી હતી. દેશના સૌથી સ્ટાઈલિશ ક્રિકેટરમાં અઝહરનું નામ આવતું હતુ. તો નામે પહેલી ૩ ટેસ્ટ મેચમાં સદી ફટકારવાનો પણ રેકોર્ડ છે. વર્લ્ડકપ ૧૯૮૩માં કપિલ દેવની ટીમનો મહત્વનો ભાગ રહેલા કીર્તિ આઝાદ ક્રિકેટ બાદ ચૂંટણીની પીચ પર ઉતર્યો હતો.

**ન્યૂઝ બ્રિફ**

### સુરેશ ગોપીએ થ્રિસુર લોકસભા બેઠક પર મોટી જીત મેળવી

। (એજન્સી) થિરૂવનંતપૂરમ, તા.૪ ।

લોકસભા ચૂંટણી ૨૦૧૪ અને ૨૦૧૯માં મોદી લહેર છતાં ભાજપ દક્ષિણના રાજ્યો અને ખાસ કરીને કેરળમાં કોઈ સારૂં પ્રદર્શન નહોતી કરી શકતું પરંતુ હવે દક્ષિણમાં ભાજપ ધીરે-ધીરે પગપેસારો કરી રહ્યું છે. ઈતિહાસમાં પ્રથમ વખત ભાજપે કેરળમાં ખાતું ખોલીને એક બેઠક પોતાના નામે કરી છે. ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર અને અભિનેતામાંથી રાજકારણી બનેલા સુરેશ ગોપીએ કેરળની થ્રિસુર લોકસભા બેઠક પર મોટી જીત મેળવી છે. દેશના ઈતિહાસમાં પહેલીવાર કેરળમાં કમળનું ફૂલ ખીલ્યું છે. સુરેશ ગોપીનો ૭૫,૦૭૯ મતોના જંગી સરસાઈથી વિજય થયો છે. તેમને કુલ ૪૦૯૨૩૯ મત મળ્યા હતા. આ વખતે તેમના નજીકના હરીફ સીપીઆઈના વી. એસ. સુનિલ કુમાર હતા જેમને કુલ ૩૩૧૫૩૮ મત મળ્યા અને કોંગ્રેસના મુરલીધરન ૩૨૨૯૯૫ મત સાથે ત્રીજા ક્રમે રહ્યા છે. મહત્ત્વની વાત એ છે કે સુરેશ ગોપી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી હારી ગયા હતા અને અને ફરીથી ૨૦૨૧ રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં પણ થ્રિસૂર બેઠક પરથી હાર્યા હતા. જોકે ફરી ભાજપે તેમના પર વિશ્વાસ દર્શાવ્યો હતો અને તેઓ ભાજપ માટે આશાનું કિરણ બનીને ઉભર્યા છે. ઓક્ટોબર ૨૦૧૬માં ભાજપમાં જોડાયાના અમુક મહિનામાં પાર્ટીએ ગોપીને રાજ્યસભા માટે નોમિનેટ કર્યા.

### લખનઉમાં સપા અને બીજેપી કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ

। (એજન્સી) લખનઉ, તા.૪ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે મત ગણતરી ચાલુ છે. આ ચૂંટણી માટે સૌથી મહત્વપૂર્ણ રાજ્ય ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસે ભાજપ ને ટક્કર આપતું જોવા મળી રહ્યું છે અને ઘણી બેઠકો પર આગળ ચાલી રહી છે. જો કે, આ દરમિયાન રાજ્યની રાજધાની લખનઉમાં મત ગણતરી દરમિયાન ભાજપ અને સમાજવાદી પાર્ટીના કાર્યકરો વચ્ચે મોટી અથડામણ જોવા મળી હતી. અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર લખનઉમાં ચૂંટણી માટે નક્કી કરાયેલા મતગણતરી સ્થળની નજીક સમાજવાદી પાર્ટી અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ થયું છે. આ અથડામણ લોકસભા ચૂંટણીના વલણોને લઈને ચર્ચા બાદ થઈ હતી. સપા અને ભાજપ ના કાર્યકર્તાઓ વચ્ચે અથડામણમાં એક યુવક ઘાયલ થયો છે.

### NOTAએ તોડ્યો રેકોર્ડ

# નોટાને ઈન્દોરમાં લોકસભા ચૂંટણી મતગણતરીના દિવસે રેકોર્ડ બનાવ્યો

## મતદારોએ ઉમેદવારો પ્રતિ નારાજગી વ્યક્ત કરી, ઈન્દોર લોકસભા સીટ પર દેશમાં સૌથી મોટા માર્જિનથી જીતનો રેકોર્ડ પણ બન્યો છે

। (એજન્સી) ઈન્દોર, તા.૪ ।




NOTA એ ઈન્દોરમાં લોકસભા ચૂંટણીની મતગણતરીના દિવસે રેકોર્ડ બનાવ્યો છે અને તેની સાથે જ ઈન્દોર લોકસભા સીટ પર દેશમાં સૌથી મોટા માર્જિનથી જીતનો રેકોર્ડ પણ બન્યો છે. NOTA માટે ઈન્દોરમાં સૌથી મોટી જીત હાંસલ કરવાનો અને દેશમાં સૌથી વધુ મત મેળવવાનો નવો રેકોર્ડ સર્જાયો છે. ચૂંટણી પંચ (EC) ના ડેટા અનુસાર, લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે મતોની ગણતરી ચાલી રહી છે. તેમજ મતદારો પાસે તમામ ઉમેદવારો પ્રત્યે નારાજગી વ્યક્ત કરવાનો વિકલ્પ નોટા એટલે ઉપરોક્તમાંથી કોઈ નહીંને ઈન્દોરમાં ૨ લાખથી વધુ મત મળ્યા છે. ચૂંટણી પંચે કહ્યું કે NOTAને લગભગ ૧.૬૨ ટકા વોટ મળ્યા છે. તે જ સમયે, ભાજપને લગભગ ૬૦ ટકા વોટ મળ્યા હતા. તમને જણાવી દઈએ કે NOTA નો આ પહેલો નોંધપાત્ર મામલો નથી. ૨૦૧૯ માં, ઈન્દોરમાં ૬૯.૩૧ ટકા મતદાન થયું હતું. જેમાં ૫,૦૪૫ મતદારોએ NOTA પસંદ કર્યું હતું. હવે તમે વિચારતા હશો કે આ કેવી રીતે થયું? NOTAને આટલી મોટી સંખ્યામાં વોટ કેવી રીતે મળ્યા? હકીકતમાં, એક અભૂતપૂર્વ પગલું લેતા કોંગ્રેસે મતદારોને નોટાનો વિકલ્પ પસંદ કરવાનો આગ્રહ કરતા એક અભિયાન શરૂ કર્યુ હતું. કારણકે તેના ઉમેદવાર અક્ષય કાંતિ બામે ૨૯ એપ્રિલે અંતિમ સમયે લોકસભા ચૂંટણીથી પોતાનું નામાંકન પાછુ લઈ લીધું હતું. જેનાથી પાર્ટી પાસે વૈકલ્પિક ઉમેદવાર ઉભો કરવાનો સમય બચ્યો નહતો. હાલના નિયમો અનુસાર, જો NOTAને કોઈ મતવિસ્તારમાં સૌથી વધુ મત મળે છે, તો બીજા નંબરના સૌથી વધુ મત મેળવનાર ઉમેદવારને વિજેતા જાહેર કરવામાં આવે છે. આવી સ્થિતિમાં, જો NOTA ઈન્દોરમાં ભાજપના ઉમેદવાર શંકર લાલવાણીથી આગળ થઈ જાય, તો પણ લાલવાણી લોકસભાના સાંસદ બનશે.

**સ્મૃતિ ઈરાનીની અમેઠીથી હાર**

### મોદી સરકારમાં ઘણા મોટા મંત્રીઓ આ વખતે પોતાની સીટ પર હારી ગયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં અત્યાર સુધીના ટ્રેન્ડ મુજબ મોદી સ્મૃતિ ઈરાની અમેઠીથી મોટા માર્જિનથી હારી ગયા છે. અત્યાર સુધી જે ટ્રેન્ડ બહાર આવ્યા છે તે મુજબ કેન્દ્રમાં ફરી એકવાર મોદી સરકાર નિશ્ચિતપણે રચાય તેમ લાગી રહ્યું છે. પરંતુ આ વખતે ઓછી બહુમતી સાથે સરકાર રચાઈ રહી છે, અગાઉની ચૂંટણીઓથી વિપરીત તેને મજબૂત જનાદેશ મળ્યો નથી. મોદી સરકારમાં ઘણા મોટા મંત્રીઓ પણ આ વખતે પોતાની સીટ પર હારી ગયા છે, તેઓ પોતાના વિરોધીઓથી હારી ગયા છે. મોદી સરકારના કેટલાક અન્ય મંત્રીઓ પણ પોતપોતાની સીટ પર હારી ગયા છે. આ સિવાય કેન્દ્રીય મંત્રી અમિત શાહ, પીયૂષ ગોયલ, મનસુખ માંડવિયા અને અનુરાગ ઠાકુર જેવા કેન્દ્રીય મંત્રીઓ મજબૂત જીત હાંસિલ કરી છે. હાલમાં કેન્દ્રીય મંત્રીઓ સ્મૃતિ ઈરાની, અર્જુન મુંડા, મહેન્દ્ર નાથ પાંડે અને આર.કે. સિંહ હારનો સામનો કરી રહ્યા છે. એક તરફ સ્મૃતિ ઈરાની અમેઠીથી ચૂંટણી લડી રહ્યા છે, અર્જુન મુંડા ખુંટીથી ચૂંટણી લડી રહ્યા છે, ડૉ. મહેન્દ્ર નાથ પાંડે ચંદૌલીથી અને રાજ કુમાર(RK) સિંહ બિહારના આરાથી નસીબ અજમાવી રહ્યા છે. પરંતુ મોદી સરકારના આ તમામ મંત્રીઓએ લોકસભાની ચૂંટણીમાં સારું પ્રદર્શન કર્યું નથી અને તેઓએ હારનો સ્વાદ ચાખ્યો છે.

### થરુરની સતત ચોથી વખત જીત

# તિરુવનંતપુરમથી શશિ થરુરે મોદી સરકારના મંત્રીને હરાવ્યા

## શશિ થરૂરે જીત પછી કહ્યું, “ભાજપને ખૂબ જ મજબૂત સંદેશ મળ્યો છે કે કેરલમાં સાંપ્રદાયિક કેમ્પેઈન ચાલશે નહીં

। (એજન્સી) તિરુનવંતપુરમ, તા.૪ ।



કેરલની હોટ સીટ તિરુવનંતપુરમના પરિણામ સામે આવી ગયા છે. કોંગ્રેસના ઉમેદવાર શશિ થરૂરે તિરુવનંતપુરમ બેઠક પરથી સતત ચોથીવાર જીત મેળવી છે. તેમણે આ બેઠક પરથી મોદી સરકારના મંત્રી રાજીવ ચંદ્રશેખરને કાંટે કી ટક્કરમાં હરાવ્યા હતા. શશિ થરૂરે જીત પછી કહ્યું, “ભાજપને ખૂબ જ મજબૂત સંદેશ મળ્યો છે કે કેરલમાં સાંપ્રદાયિક કેમ્પેઈન ચાલશે નહીં. મેં પહેલેથી જ કહ્યું હતું કે એક્ઝિટ પોલ ભારતભરમાં પ્રચાર દરમિયાન મેં જમીન પર જે જોયું તેના અનુરૂપ નથી. આજે આપણે જે પરિણામો મેળવી રહ્યા છીએ તે પ્રચાર દરમિયાન આપણે જે જોયું તેની નજીક છે. શશિ થરૂરે કહ્યું, “અંત સુધી અહીં કાંટે કી ટક્કર હતી. મારે રાજીવ ચંદ્રશેખર અને પન્નિયન રવીન્દ્રન બંનેને આટલી સારી લડાઈ લડવા અને અહીં તેમના પક્ષોના પ્રદર્શનમાં આટલી મજબૂતીથી સુધારો કરવા બદલ અભિનંદન આપવા જોઈએ. મને ખુશી છે કે અંતે મતદારોએ તિરુવનંતપુરમે ફરી એકવાર મારામાં વિશ્વાસ વ્યક્ત કરવાનો નિર્ણય કર્યો છે, જે તેઓએ છેલ્લી ત્રણ ચૂંટણીઓમાં કર્યો હતો અને હું સ્પષ્ટપણે તેમના વિશ્વાસને પૂર્ણ કરવા અને આ મતવિસ્તાર માટે સખત મહેનત કરવા તૈયાર છું. સમગ્ર દેશની નજર રાજસ્થાનની ૨૫ લોકસભા સીટો પર છે. ચૂંટણી પંચે કુલ ૫૬ મતગણતરી નિરીક્ષકોની નિમણૂક કરી છે. NDA ૧૪ બેઠકો પર આગળ છે. ઈન્ડિયા ગઠબંધન ૮ બેઠકો પર આગળ છે જ્યારે અન્ય ૩ બેઠકો પર આગળ છે. મતગણતરીના શરુઆતના વલણોમાં કોંગ્રેસનું પ્રદર્શન રાજસ્થાનમાં ખૂબ જ સારુ જોવા મળી રહ્યું છે. તમિલનાડુની તમામ બેઠકો પર પ્રથમ તબક્કામાં મતદાન થયું હતું.



નવી દિલ્હીમાં પાર્ટીના મુખ્યાલય ખાતે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પાર્ટીના નેતાઓ સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી અને રાહુલ ગાંધી સાથે લોકસભા ચૂંટણીની મતગણતરી વચ્ચે વિજયના સંકેતો દર્શાવે છે.

### ઈઝરાયલના જંગલોમાં ભીષણ આગનો બનાવ

# હિઝબુલ્લાહે સેંકડો રોકેટ ઝીંકતા યુદ્ધના એંધાણ

। (એજન્સી) જેરૂસાલેમ, તા.૪ ।

આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહના સતત રોકેટ અને ડ્રોન દ્વારા હુમલાના કારણે ઉત્તરી ઈઝરાયલના જંગલોમાં ભયાનક આગ ફાટી નીકળી છે. આ આગ ખૂબ જ ભયાનક છે. ઈઝરાયલ ફાયર ફાઈટર દળો આગ પર કાબુ મેળવવાની કોશિશ કરી રહ્યા છે. પરંતુ હજુ સુધી આગ પર કાબુ મેળવી શકાયુ નથી. પોલીસે કેટલાક રાજ્યોના રસ્તાઓ અને મુખ્યમાર્ગો બંધ કરી દીધા છે, જેથી કરીને લોકો આગવાળા વિસ્તારોમાં ન જાય. ઈઝરાયલના કેટલાક નાગરિકો લેબનાનની સરહદ નજીક વસવાટ કરે છે, તેમના ઘરોની આસપાસના જંગલોમાં ભયાનક આગ ફાટી નીકળી છે. જો કે, અહીંના રહેવાસીઓને મહીના પહેલા સુરક્ષિત જગ્યા પર ખસેડવામાં આવ્યા હતા. કારણ કે, હિઝબુલ્લાહના આતંકવાદીઓ સતત ઈઝરાયલ પર હુમલાઓ કરી રહ્યા હતા. મહત્ત્વની વાત છે કે, ઈઝરાયેલ પણ તેની સામે જડબાતોડ જવાબ આપી રહ્યું છે. મળતા રિપોર્ટના કહેવા પ્રમાણે હિઝબુલ્લાહના સેંકડો રોકેટ અને ડ્રોનના હુમલાઓના કારણે જંગલોમાં લાગેલી આગ હાલમાં કેટલાક ઘરોમાં પ્રસરી ગઈ હતી. ઈઝરાયલ મિલિટ્રીએ આગ ઓલવવા માટે જરુરી યંત્ર અને સૈનિકોને મોકલી દીધા છે. પરંતુ આગ એટલી ઝડપી ફેલાઈ રહી છે કે, તેને ઓલવવી ખૂબ જ મુશ્કેલ થઈ રહ્યું છે. તેમજ સતત આગ ફેલાવાના કારણે હવામાન ખૂબ જ ગરમ થઈ ગયુ છે.

# બોલિવુડ એક્ટર વરુણ ધવન પિતા બની ગયો

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।

બૉલીવુડ ઈન્ડસ્ટ્રીથી આજે ગુડ ન્યુઝ સામે આવ્યા હતા. જાણીતા નિર્માતા ડેવિડ ધવને પોતે દાદા બન્યા હોવાના અહેવાલો આપ્યા હતા, અને કહ્યું કે તેમનો પુત્ર બોલિવુડ એક્ટર વરુણ ધવન પિતા બની ગયો છે. એક્ટરની પત્ની નતાશા દલાલે ૩ જૂન ૨૦૨૪ના રોજ પુત્રીને જન્મ આપ્યો છે. સૌપ્રથમ વરુણ ધવનના પિતા ડેવિડ ધવને આ વાતની પુષ્ટિ કરી હતી. ૩ જૂન ૨૦૨૪ના રોજ નતાશા દલાલને લેબર પેઈન થયા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. વરુણ ધવન પણ હોસ્પિટલની બહાર સ્પોટ થયો હતો. આ દરમિયાન વરુણના હાથમાં એક બેગ અને પાણીની બોટલ હતી.ધવન પરિવાર હાલમાં ખુશીથી ઝૂમી રહ્યો છે. સોશિયલ મીડિયા પર વરુણના ચાહકો તેને સતત અભિનંદન પાઠવી રહ્યા છે. હવે એક્ટરે પણ ચાહકો સાથે પોતાની ખુશી શેર કરી છે. વરુણે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પરથી વીડિયો શેર કરીને ચાહકોનો આભાર માન્યો છે. વરુણ ધવન અને નતાશા પહેલીવાર પેરેન્ટ્સ બન્યા છે. આ અવસર તેના માટે ખૂબ જ ખાસ છે. વરુણે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પરથી એક ક્યૂટ વીડિયો શેર કર્યો છે. વીડિયો શેર કરતા એક્ટરે લખ્યું કે, ‘હમારી બિટિયા રાની કા આગમન હો ચૂકા હૈ’. વરુણ ધવને આગળ લખ્યું કે, તમે પાઠવેલી તમામ શુભકામના માટે આભાર જે તમે માતા અને દીકરી માટે પાઠવી છે. ત્યારબાદ તેણે ઈશ્વરનો આભાર માનતા લખ્યું કે, ‘હરે રામ હરે રામ, રામ રામ હરે હરે, હરે કૃષ્ણ હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે. સોશિયલ મીડિયા પર વરુણની આ પોસ્ટ ખૂબ વાયરલ થઈ રહી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર “ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત” દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

## તંત્રી લેખ...

### સાઈબર બુલિંગ-અપરાધ અંગે જાગૃત કરવાની સાથોસાથ સતર્ક રહેવાની આવશ્યકતા

ઓનલાઇન દુર્વ્યવહારની વ્યાપકતા વધી રહ્યાનું ચિંતાજનક ચિત્ર ઉપસી રહ્યું છે. આ પ્રવૃતિ મોટાભાગે શોષણના ભયાવહ રુપોને જન્મ આપે છે. ભારતમાં મોટી સંખ્યામાં બાળકો સાઈબર બુલિંગનો શિકાર બને છે. પ્રૌદ્યોગિકીના તેજ ગતિથી વિકાસ વચ્ચે આપણા જીવવા, કામ અને સંવાદ કરવાની સીસ્ટમમાં ક્રાંતિકારી બદલાવ આવ્યો છે. સાથોસાથ હિંસા અને શોષણ પણ નવા રુપે સામે આવી રહ્યા છે. ઈન્ટરનેટ આધારિત હિંસાનો પ્રસાર વૈશ્વિક ચિંતાનો વિષય છે. એડિનબર્ગ વિશ્વવિદ્યાલયના શોધકર્તાઓ દ્વારા જાહેર કરાયેલ વૈશ્વિક આકલનથી જાણવા મળે છે કે, દુનિયાભરમાં ૩૦ કરોડથી વધુ બાળકો દર વર્ષ ઓનલાઇન યૌન શોષણનો શિકાર બને છે. શોધ અનુસાર વૈશ્વિક સ્તર પર ૧૨.૬ ટકા બાળકો યૌન સામગ્રી, ગેરકાયદે સંચાર અને જબરજસ્તી વિડીયો ચેટનો શિકાર બને છે. આ ઓનલાઇન દુર્વ્યવહારની ગંભીર વ્યાપકતાને દર્શાવે છે. જેમાં સેકસટોર્શન, સાયબર અપરાધીઓને ખંડણી ન આપવાના કારણે ખાનગી અથવા બનાવટી તૈયાર કરાયેલ ફોટો કે વિડીયો વાયરલ કરવાની ધમકીઓ સહિતની સમસ્યાઓ ઉદ્દભવે છે. ભારતમાં મોટી સંખ્યામાં બાળકો સાઈબર બુલિંગનો શિકાર બને છે. નેશનલ સેન્ટર ફોર મિસિંગ એન્ડ એકસપ્લોયટેડ ચિલ્ડ્રન નામની સંસ્થાએ વત વર્ષ જાહેર કરેલ રિપોર્ટનુસાર ૨૦૧૯ બાદ ભારતમાં બાળકોના ઓનલાઇન યૌન શોષણના કિસ્સામાં ૮૭ ટકાની વૃદ્ધિ થઈ છે. આ રિપોર્ટમાં જણાવાયું છે કે, બાળકોના યૌન શોષણની ઓનલાઇન સામગ્રીમાં ૩.૨ કરોડનો વધારો થયો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અપરાધી ગતિવિધિઓમાં થઈ રહેલ વૃદ્ધિએ સમસ્યાને વધુ જટિલ બનાવી છે. ઓનલાઇન દુર્વ્યયવહારના ૧૨.૫ ટકા કિસ્સાઓમાં આ પ્લેટફોર્મનો ઉપયોગ લોકોને યૌન ગતિવિધિઓમાં સામેલ થવા મજબૂર કરવા માટે કરવામાં આવે છે. યુવા અને બાળકો વિશેષરુપે અસુરિક્ષત છે, કારણ કે તેઓમાં પરિપકવતા અને અનુભવ હોતો નથી. ઓનલાઇન હિંસાની આ મહામારી સામે લડવા માટે ઓનલાઇન સુરક્ષાના મજબૂત ઉપાયો વિકસિત કરવા જોઈએ. બાળકો માટે ઈન્ટરનેટ એકસેસ ડિવાઈસ કેટલું જરુરી છે તે માતાપિતાએ નકકી કરવું જોઈએ.

### પોતાની શકિતઓનો નિયંત્રક છે, તેને સંસારમાં કોઇ હરાવી શકતું નથી



સફળતા માટે આત્મવિશ્વાસ આવશ્યક છે. સારામાં સારો તરવૈયો પણ આત્મવિશ્વાસના અભાવના કારણે કોઈ નદી પણ પાર કરી શકતો નથી, તે મઝધારમાં ફસાઈ જાય છે અને નદીના પ્રવાહમાં તણાઈ જાય છે. એક સામર્થ્યવાન વ્યકિતના મનથી જયારે આત્મવિશ્વાસ નષ્ટ થવા લાગે છે ત્યારે સંસારમાં તેણે સ્થિર કરેલા પગ ડગમગી જાય છે. આત્મવિશ્વાસ મનુઉયને તૃચ્છતાથી મહાનતા તરફ અગ્રેસર બનાવે છે. તે મનુષ્યને સામાન્યથી ઉત્કૃષ્ટ બનાવે છે. આપણામાં આત્મવિશ્વાસ જેટલો વધુ હશે, અનંત શકિતની સાથે આપણો સંબંધ તેટલો વધુ ઊંડાણભર્યો બને છે. આત્મવિશ્વાસ સંપૂર્ણ શકિતઓની સંગઠિત કરીને, તે શકિતઓને એક દિશામાં વાળે છે. શારીરિક અને માનસિક ક્ષમતાઓ આત્મવિશ્વાસી વ્યકિતના ઈશારા પર કામ કરે છે. જે પોતાની શકિતઓનો નિયંત્રક છે, તેને સંસારમાં કોઈ હરાવી શકતું નથી. સંગઠિત શકિતઓને મનુષ્ય જે ક્ષેત્રમાં પણ કેન્દ્રિત કરે છે તેમાં તેને ભારે સફળતા સાંપડે છે. આત્મવિશ્વાસ મનુષ્યના કાર્યકલાપ, તેના જીવન વ્યવહાર વગેરેમાં એક પ્રકારનું ચૈતન્ય ભરી દે છે. તેના સમસ્ત જીવનને પ્રાણવાન બનાવે છે. આવી વ્યકિત પર લોકો વિશ્વાસ કરે છે. તેનામાં એક પ્રકારની દિવ્યતાનો અહેસાસ થવા લાગે છે. આ તમામ બાબતો તે વ્યકિતનો પોતાના પ્રત્યે અપાર આત્મવિશ્વાસ થકી શકય બને છે. અતઃ જીવનમાં સફળ થવું છે, વિજયી બનીને જીવન વિતાવવુંછે, સમાજમાં નવી દિશા ચીંધનાર તરીકેની ઓળખ મેળવવી છે, આ જીવનના દરેક ચઢાવ-ઉતાર, હાર-જીત, મુશ્કેલીઓમાં પણ સ્થિર રહેવું છે, આશા અને ઉમંગ સાથે જીવન વિતાવવું છે તો વ્યકિતએ પોતાનામાં આત્મવિશ્વાસ જગાવવો પડશે. ધ્યાન, યોગ, કઠિન પરિશ્રમ અને સત્યના રસ્તે ચાલીને આપણે આપતી આત્મવિશ્વાસની શકિતને જગાવી, દૃઢ બનાવી શકીએ છીએ. જીવનમાં સફળ થવું કોને ન ગમે? સંઘર્ષના માર્ગે આ સફળતા મેળવવા માટે ન જાણે કેટલી મહેનત કરવી પડે છે. તમામ પ્રયત્નો કરવા છતાં જે વિચાર્યું છે તે પ્રમાણે સફળતા નથી મળી રહી. જીવનમાં સફળતા મેળવવા માટે કેટલાક ખૂબ જ મહત્વપૂર્ણ મૂળભૂત મંત્રો છે, જેને મોટાભાગના લોકો અવગણના કરે છે. જીવનમાં સફળ થવા માટે કેટલીક બાબતોની ગાંઠ બાંધી લેવી જોઈએ જેથી કોઈ પણ સંજોગોમાં તમારે નિરાશ ન થવું પડે. સફળતા એ જીવનનો આધાર છે. કોઈપણ વ્યક્તિ ત્યારે જ સફળ થઈ શકે છે જ્યારે તે પોતાના નિર્ણયને સર્વોપરી રાખે. જ્યારે આ સફળતાના માર્ગમાં અન્ય કોઈની સલાહને મહત્વ આપવામાં આવે છે, ત્યારે પરિણામો ખોટા આવે છે. જો તમારે સફળતા જોઈતી હોય તો તમારી જાતને એટલી સક્ષમ બનાવો કે તમારે તમારા પોતાના નિર્ણય માટે બીજાની સલાહ લેવી ન પડે. જરૂરી નિર્ણયો જાતે લો. કારણ કે વ્યક્તિ પોતાની જાતને જેટલી સારી રીતે સમજી શકે છે તેટલું બીજું કોઈ નહીં. શું નુકસાનકારક છે અને શું ફાયદાકારક છે તે જાતે સમજીને નિર્ણય લો અને સફળતા તરફ આગળ વધો. આત્મવિશ્વાસ વગર પ્રતિભાનો ખાસ ફાયદો થતો નથી અને ક્યારેક નિરાશા પણ મળે છે. આત્મવિશ્વાસ ધરાવનાર વ્યક્તિ કાર્યસ્થળ અને સમાજમાં એક અલગ ઓળખ બનાવે છે, જ્યારે નબળા આત્મવિશ્વાસવાળી વ્યક્તિ પોતાની વાત યોગ્ય રીતે કોઈની સામે મૂકી શકતી નથી.

**ભાજપાની જીત વિશે કોઈ શંકા નથી અને હજી આ વખતે પણ વડાપ્રધાન નરેન્દ્ર ભાઇ મોદી જ બનશે એ પણ પાક્કું છે**

# ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પરિણામનાં લેખાંજોખાં! ગાજ્યા મેઘ વરસ્યા નહીં !; એક્ઝિટ પોલની ગણતરી ઊંધી પડી...



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ક્યાંક કોઈ વાત એ ઓવર કોનફિડન્સ, કે પછી કરેલા વાયદા પૂરા ન કરી શકવાને કારણે, અથવા તો વાતો વિકાસની પણ દિન પ્રતિદિન મધ્યમ વર્ગની તકલીફો વધતી જતી હતી, એને કારણે પાર્ટી માર ખાઈ ગઈ! એવું લાગે છે.**

ચૂંટણીનાં મોટાભાગના પરિણામો એક સ્પષ્ટ નિતી તરફ આગળ વધી રહ્યા છે, અને... જે પરિણામનો અંદેશો બંધાઈ રહ્યો છે, એ અત્યંત ચોંકાવનારો છે. જે લોકપ્રિયતા નો દાવો હતો, એનું સૂરસૂરિયું થયું છે. ગુજરાતમા હેટ્રિક ન થઈ! એટલે કે ૨૬ એ ૨૬ સીટ ન મેળવી. કદાચ સાવ આવી આશા શાસક પક્ષને નહોતી! એવું લાગે છે. દેશભરમાં એમને જ્યાં જ્યાં સુધારાની શકયતા લાગતી હતી, ત્યાં તો સત્તા સાવ હાથમાંથી ગઈ. એટલે કે ભારતીય જનતા પાર્ટીની જીત વિશે કોઈ શંકા નથી, અને હજી આ વખતે પણ વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી જ બનશે એ પણ પાક્કું છે. પણ પાર્ટીની વાત કરીએ તો એ કમળ જેમ અસંગ ન રહી શકી, અને ક્યાંક એને કીચડ અડી ગયો. બીજું એટલીસ શેર બજાર એ પણ આવા પરિણામની આશા નહોતી રાખી, અને એને કારણે સેન્સેકસ ૬૫૦૦ હજાર જેટલા પોઈન્ટથી તૂટ્યો. અત્યાર સુધીના પરિણામ પરથી કહી શકાય કે જનતા ઈચ્છતી નથી કે વિરોધ પક્ષની કોઈ ભૂમિકા ન રહે! કારણકે એને લીધે જ લોકશાહી સશક્ત છે, જ્યાં સત્તાને પણ પડકારો આપ વા વાળું કોઈ હોય. લોકસભાની ચૂંટણીની સીટનું વિશ્લેષણ કરીએ કુલ ૫૪૩ સીટ માટે ચૂંટણી યોજવામાં આવી હતી, એમાંથી ભારતીય જનતા પાર્ટી અત્યારે ૨૯૫ થી ૨૯૮ આસપાસ રમી રહી છે, જોકે એમાં સ્પષ્ટ બહુમતી તો ૨૪૦, આસપાસ છે, જ્યારે કોંગ્રેસ ૨૨૭ થી ૨૨૯ અને અન્ય ૧૮ આસપાસ છે, જે બતાવે છે કે સરકાર તો ભારતીય જનતા પાર્ટીની જ બનશે! પણ જે દાવા સાથે આ વખતે મેદાનમાં ઉતરી આવ્યા હતાં કે અબ કી બાર ૪૦૦ કે પાર એ કોઈ કાળે શક્ય લાગતું નથી. ખુદ ભારતીય જનતા પાર્ટી એમ કહી રહી છે કે અમે ધાર્યા મુજબનું પરિણામ નથી આવ્યું! પછી ક્યાં વાત રહી! ક્યાંક કોઈ વાત એ ઓવર કોનફિડન્સ, કે પછી કરેલા વાયદા પૂરા ન કરી શકવાને કારણે, અથવા તો વાતો વિકાસની પણ દિન પ્રતિદિન મધ્યમ વર્ગની તકલીફો વધતી જતી હતી, એને કારણે પાર્ટી માર ખાઈ ગઈ! એવું લાગે છે.

ગુજરાતની વાત કરીએ તો ગુજરાતમાં ચોક્કસ ચિત્ર સ્પષ્ટ છે, એટલે કે ૨૬ માંથી લગભગ ૨૪ માં ભારતીય જનતા પાર્ટી આગળ છે, અને ઘણે ઠેકાણે જીત પણ નિશ્ચિત થઈ ગઈ છે, અને સરકાર એ પોતાની બેઠક જાળવી રાખી છે! પણ આ વખતે રાજકોટ અગ્નિ કાંડને ને કારણે આ વખતે જીતની ઉજવણી કરવાની નથી. પણ આ વિધાનસભાની ચૂંટણી નથી કે માત્ર ગુજરાતમાં જીત થવાથી આપણે રાજી રાજી... વિચારો વિચારો આ પરિણામ શું કહે છે? જનતા એ બહુ જોરથી લપડાક લગાવી છે, અને જનતા કહે છે કે હવે સરકાર કે સત્તા માટે વ્યક્તિ વિશેષ જવાબદાર નહીં બની શકે! જનતા હવે જાગૃત થઈ રહી છે. એ જાણે છે કે અસલી સત્તા તો અમારા હાથમાં છે, કોને જીતાડવા કોને હરાવવા અને કેટલા મતે એ માત્ર ને માત્ર અમે જ નક્કી કરીશું એકઝીટ પોલ નહીં! પંજાબ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, અને કેરાલા આંધ્ર પ્રદેશ બધે જ બીજેપી સીટની દાવેદારી ગુમાવી રહ્યું છે, અને એમાં પણ ખાસકરીને ઉત્તર પ્રદેશ કે જે બીજેપીનો ગઢ કહેવાય છે, અને છતાં ત્યાં હાર! અમેઠીમાં સ્મૃતિ ઈરાની પણ કદાચ હાર નો સામનો કરશે!:રાડનાડ માંથી રાહુલ ગાંધી ની જીત શું બતાવે છે! પપ્પુ પપ્પુ કરીને જેને દર્શાવ્યો! શું એ ખોટું? શું હિન્દુત્વ નો મુદ્દો કામ ન કર્યો! એવું કેમ ! કે પછી ૭૦૦ ખેડૂતો માર્યા ગયા, ત્યાં ચાલતી તાનાશાહી ને બઢાવો આપ્યો! કારણકે હવે દેશની જનતા એક સાફ સરકાર ઈચ્છે છે, એને માનવતા એ જ ધર્મ! અને જે સનાતન ધર્મની સૌથી મોટી ખાસિયત છે, એમાં જ રસ છે. એટલે એવું નથી કે ભારતીય જનતાને હિન્દુ હોવા વિશે ગર્વ નથી, પણ કટ્ટરવાદી બનવું જરાં પણ પસંદ નથી. ઉપરાંત દેશની જનતા જાણે છે કે ધર્મ ને નામે થતી અંદરોઅંદરની આ ગળાકાપ હરીફાઈ હવે પૂરી થાય તો જ સાચો વિકાસ થશે! અત્યારે આ પરિણામ આપણને ચિંતા કરાવે છે કે ચિંતન?? મને લાગે છે કે ચિંતા કોઈ સમસ્યાનો ઉકેલ લાવી શકે નહીં! સમસ્યા ઉકેલવી હોય તો ચિંતન જ કરવું પડે! કે કેમ આવું પરિણામ આવ્યું! ભારતીય જનતા પાર્ટી ક્યાં માર ખાઈ ગઈ. જરા વિચારો! શું આપણે આ પરિણામથી ખુશ છીએ?; ચોક્કસ પણે હાં! કારણકે આ આપણે જ કરેલા મતદાનનું પરિણામ છે! પછી મોઢું મચકોડવાનો કોઈ અર્થ નથી. જુવો કોઈપણ પ્રકારની સ્પર્ધા તરીકે ચૂંટણીને ગણવામાં આવે તો, એમાં હારજીતથી એક જગ્યાએ જ્યાં ખુશીનો માહોલ હોય, ત્યાં બીજી જગ્યાએ એ જ રીતે હારેલા ના ઘરે માતમનો માહોલ હોય. ભારતમાં લોકશાહી હજી જીવે છે, એનું પ્રમાણ ભારતીય જનતા એ આપ્યું, અને પૂરા ભારતમાં લગભગ ૬૩ % જેવું જંગી મતદાન થયું, જે અન્ય દેશો કરતા ટકાવારીમાં પણ થોડું વધારે છે. હારજીત છોડો, પણ શું દરેક ભારતીય એ મત આપતી વખતે પોતાના દેશની સર્વોપરીતા ના ભાવથી મત આપ્યો હતો? કે પછી કોઈ પક્ષ, કે કોઈ વ્યક્તિ, કે અન્ય કોઈ કારણથી મત આપ્યો, એ પણ જાણવું એટલું જ જરૂરી છે.

જો ભારતનો દરેકે દરેક નાગરિક પોતાના દેશની સર્વોપરિતાને ઉપર રાખીને મતદાન કર્યું હશે, તો એ સો ટકા સારું પરિણામ લાવશે. કારણકે લોકશાહીમાં અંતે વિજયી પક્ષના નહીં પણ નાગરિકની જીતના પડઘા પડવા જોઈએ! અને જો એવું થયું હોય એટલે કે આપણે કાલે કહ્યું એમ "વિજયી વિશ્વ તિરંગા પ્યારા" એ તિરંગાની આને બાન શાન ને જે વધારી શકે, એને અમે મત આપ્યો છે, અને એ પક્ષની જીત થઈ, માટે અમે ખુશ છીએ! અને તો ખરેખર ભારત હવે પુરા વિશ્વનું રોલ મોડલ બની ને દુનિયાને દેખાડી દેશે! પણ જ્યાં હારેલા ઉમેદવારોનો માત્ર ઉપહાસ કરવા માટે જો જીત હાંસલ થઈ હશે, તો એનું પરિણામ ધાર્યા મુજબનું નહીં આવે. અથવા તો જીત્યા પછી ચૂંટણીના દાવપેચ અને એકબીજાને કરેલા કટાક્ષ ભર્યા નિવેદન બધું જ ભૂલી જવું પડે! કારણકે લોકશાહીમાં વિપક્ષની પણ બહુ મોટી જવાબદારી બતાવી છે, અને એણે એ કામ કરી શાસન ને સરમુખત્યાર થતું રોકવાનું હોય છે, નહીં કે ખોટા ખોટા વિરોધ કરી વિકાસમાં બાધા બનવાનું એક માત્ર લક્ષ્ય હોય એમ વર્તવાનું. તો આ પરિણામ ને કોઈ પક્ષની જીત કે હાર તરીકે ન લેતાં, સદાય સૌથી ઉપર તો રાષ્ટ્ર જ રહેશે. જય હિન્દ.

**સંસાર એ દુઃખનો દરિયો છે, પ્રત્યેક જીવ દુઃખી છે, પાપ-પુણ્ય સમાન બને છે, ત્યારે આ મનુષ્ય શરીર મળે છે**

# રાજકારણનો રંગ જે રીતે લાગે એવી રીતે ભક્તિનો રંગ જલદી લાગતો નથી અને લાગી જાય પછી તેને સંસારની પ્રવૃત્તિ ગમતી નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આપણે હમણાં લોકસભાની ચૂંટણીમાં જોયું મારી તો એક સીટ હોવી જ જોઇએ.નહિતર પક્ષ પલટો કરતાં વારે ન કરે હો આવું આપણે અવાર નવાર જોઇએ છીએ એવી રીતે ભક્તિનો રંગ જલદી લાગતો નથી અને લાગી જાય પછી તેને સંસારની પ્રવૃત્તિ ગમતી નથી, મીરાં બાઈ એ કહ્યું છે, મારા શ્રીકૃષ્ણનો રંગ કાળો છે.કાળા રંગ ઉપર કોઈ દુજો એટલે બીજો રંગ લાગતો નથી.**

એકવાર રાજકારણનો રંગ લાગે તો પછી પથારીમાં પડયા પડયા પણ ઝપના થાય હો પછી નેવું વર્ષ કેમ ના થયા હોય.આપણે હમણાં લોકસભાની ચૂંટણીમાં જોયું મારી તો એક સીટ હોવી જ જોઈએ.નહિતર પક્ષ પલટો કરતાં વારે ન કરે હો આવું આપણે અવાર નવાર જોઈએ છીએ એવી રીતે ભક્તિનો રંગ જલદી લાગતો નથી અને લાગી જાય પછી તેને સંસારની પ્રવૃત્તિ ગમતી નથી. મીરાં બાઈ એ કહ્યું છે, મારા શ્રીકૃષ્ણનો રંગ કાળો છે. કાળા રંગ ઉપર કોઈ દુજો એટલે બીજો રંગ લાગતો નથી. પ્રહલાદજીને જન્મથી ભક્તિનો રંગ લાગ્યો હતો. પ્રહલાદ મહા વૈષ્ણવ છે.ગુરુ જે ભણાવે તે સાંભળે છે. ગુરુજીએ વિચાર કર્યો કે, છોકરો ડાહ્યો છે. તેની કેળવણી જોઈ તેના પિતા મને ઈનામઆપશે શંડામર્ક પ્રહલાદને દરબારમાં લઈ આવે છે. પ્રહલાદ પિતાજીને પ્રણામ કરે છે. હિરણ્યકશિપુએ બાળકને ઊઠાવી ગોદમાં લીધો, પ્યાર કર્યો. પછી પૂછે છે, બેટા,ગુરુજીને ઘરે જે ઉત્તમમાં ઉત્તમ પાઠ શીખ્યો હોય તે બોલ! (મહા રાજનીપ્રહલાદ જીએ વિચાર્યું કે, પિતાજી ઉત્તમમાં ઉત્તમ પાઠ શું શીખ્યો એમ પૂછે છે, એટલે એમણે પોતાના ચિંતન માંથી જે ઉત્તમ પાઠ તારવ્યો તે. ચિત્ત જેમાં એકાકાર કર્યું હતું તે પાઠ ભણ્યો. તેમણે કહ્યું, અંધારા કૂવા જેવુંઘર માણસના અધઃપતન નું મૂળ છે, તેનો ત્યાગ કરી વનમાં જવું અને હરિનું શરણું લેવું. પિતાજી, અનેક જન્મોના અનુભવ ઉપરથી કહું છું. આ જીવ અનેક વખત સ્ત્રી,પુરુષ,પશુ,પક્ષી બન્યો છે. હજારો જન્મથી તે લૌકિક સુખ ભોગવે છે, છતાં તેને તૃપ્તિ થતી નથી. તૃપ્તિ માત્ર ત્યાગ થી થાય છે. સંસાર એ દુઃખનો દરિયો છે. પ્રત્યેક જીવ દુઃખી છે. પાપ-પુણ્ય સમાન બને છે, ત્યારે આ મનુષ્ય શરીર મળે છે. પાપ ભોગવવું પડે છે તેમ પુણ્ય પણ ભોગવવું પડે છે. સંસાર ક્ષણે ક્ષણે બદલાય છે. પિતાજી, સ્વાર્થ અને કપટ સિવાય સંસારમાં બીજું કાંઈ નથી. પતિ-પત્નીના પ્રેમમાં પણ સ્વાર્થ અને કપટ હોય છે. જીવ ઉપર નિઃસ્વાર્થ પ્રેમ કરનાર એક પરમાત્મા જ છે. સંસારમાં કપટ કરવું જ પડે છે. વાસના હોય ત્યાં છળકપટ હોવાનું જ.આમ બાળક પ્રહલાદ અનેક જન્મોના અનુભવ નું ફળ પિતાને સંભળાવે છે. સંસાર આખો કપટજાળ છે. પતિ અને પત્નીના પ્રેમમાં કપટ છે.પત્ની સુખ આપે તો પતિપ્રેમ કરે.સુખ આપતી બંધ થાય તો પતિ ઈચ્છશે આનું કાંઈક થઈ જાય, એટલે કે મરી જાય તો સારું. પતિ દુઃખ આપે તો પત્ની પણ ઈચ્છે કે પતિ મરી જાય તો સારું. પત્ની સુખ આપે છે, માટે પતિ તેને ચાહે છે. પત્ની છે તેટલા માટે કાંઈ પતિ તેને ચાહતો નથી. આમ જગતમાં સ્વાર્થ અને કપટ સિવાય બીજું કાંઈ નથી. સુર, નર, મુનિ બધાની આ રીત છે. સ્વાર્થ માટે જ બધા પ્રેમ કરે છે. યાજ્ઞવલ્ક્ય ઋષિએ સંન્યાસ ગ્રહણ કરવા નિશ્ચય કર્યો. તેમણે પોતાની બંને પત્નીઓ મૈત્રેયી અને કાત્યાયનીને બોલાવીને કહ્યું, મારે હવે સંન્યાસ લેવો છે. તમારી વચ્ચે ઝઘડો ન થાય એટલે સર્વ સંપત્તિ તમને બંનેને સરખે ભાગે વહેંચી આપું છું. મૈત્રેયી બ્રહ્મવાદિની હતી. તેણે પૂછ્યું, આ ધનથી હું મોક્ષ પામી શકીશ?હું અમર થઈ શકીશ? યાજ્ઞવલ્ક્ય કહે, ધનથી કાંઈ મોક્ષ મળી શકે? ધનથી બીજા ભોગ પદાર્થો મળી શકે. એ વડે તમે આનંદથી જીવી શકશો!મૈત્રેયી કહે, જે ધનથી મોક્ષ ન મળે તે ધનને મારે શું કરવું છે? તમે સઘળું ધન કાત્યાયનીને આપો. મૈત્રેયીને જિજ્ઞાસુ જાણીને યાજ્ઞ વલ્ક્ય તેને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપ્યો. તેમણે કહ્યું, તે મૈત્રેયી! માણસને ઘર, પુત્ર, સ્ત્રી આદિ જે પ્રિય લાગે છે તે પોતાના સુખ માટે, પોતાના સ્વાર્થને માટે પ્રિય લાગે છે. બાકી માણસને પ્રિયમાં પ્રિય તો આત્મા જ છે. પત્ની પતિને ચાહે છે, કારણ કે પતિ તેનું ભરણપોષણ કરે છે. પતિ હશે તો મારું ભરણપોષણ કરશે. એ આશાએ એટલે પોતાની જ કામનાઓ માટે પત્ની પતિને ચાહે છે, નહીં કે પોતાનો પતિ છે એટલા જ માટે. પતિ પત્નીને ચાહે છે, તે પત્ની તેની ઈચ્છાઓ પૂર્ણ કરે છે. એટલા માટે ચાહે છે, નહીં કે તે ફક્ત પત્ની છે. એટલા માટે જ માતાપિતા પુત્રોને ચાહે છે, કારણ કે તેઓને આશા હોય છે કે પુત્રો મોટા થઈને તેઓનું ભરણ પોષણ કરશે, તેઓને પાળશે, નહીં કે તે પુત્ર છે એટલા માટે ચાહે છે. મનુષ્ય મનુષ્ય સાથે પ્રેમ કરતો નથી, સ્વાર્થ સાથે પ્રેમ કરે છે.પ્રહલાદજીએ કહ્યું,પિતાજી હું અનેક જન્મોના અનુભવથી કહું છું કે, સંસારમાં સાચી શાંતિ ક્યાંય નથી. ઘરમાં ભજન બરાબર થતું નથી. એટલે મારે ઘરમાં નહીં, વનમાં જઈને એકાંતમાં બેસી નારાયણનું આરાધન કરવું છે. આ સાંભળી હિરણ્યકશિપુને ક્રોધ આવ્યો. તેણે શંડામર્કને ઠપકો આપ્યો. તમે મારા બાળકને આવો બોધ આપો છો? આવું શિક્ષણ આપો છો? ખબરદાર, હવે પછી આવું શિખવ્યું છે તો! શંડામર્કે પ્રહલાદને કહ્યું કે, અમે તને આવું શિખવાડયું નથી તો તું આવું કેમ બોલ્યો? પ્રહલાદજી કહે છે, ગુરુજી, આ તો ભક્તિનો રંગ છે. કોઈના કહેવાથી આ રંગ લાગતો નથી. પ્રભુ કૃપા થાય તો જ ભક્તિ નો રંગ લાગે છે. થોડા સમય પછી ફરી એક દિવસ અધૂરી મૂકેલી પોતાની વાત આગળ ચલાવી કહે, પિતાજી, નવપ્રકારે વિષ્ણુ ભગવાન ની ભક્તિ થાય છે. ભગવાનના ગુણ-લીલા નામ આદિનું શ્રવણ, તેનું કીર્તન,સ્મરણ,એના ચરણોની સેવા, પૂજા અર્ચા, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. સમર્પણ ભાવથી આ નવ પ્રકારની ભક્તિ જો કરવામાં આવે તો પ્રભુ પ્રસન્ન થાય છે.પ્રભુ પ્રસન્ન થાયતો જીવન સફળ થાય છે.બાકી ભોગ ભોગવવાથી શાંતિ મળતી નથી. આ સાંભળી હિરણ્યકશિપુને ક્રોધ આવ્યો. તેણે પ્રહલાદને ગોદમાંથી ફેંકી દીધો. સેવકોને હુકમ કર્યો, તમે આ બાળકને મારી નાખો! તે મારા શત્રુનું ભજન કરે છે. દૈત્યો પ્રહલાદને મારવા દોડ્યા. પ્રહલાદ ની દૃષ્ટિ દિવ્ય હતી. પ્રહલાદને તલવારમાં શ્રીકૃષ્ણ દેખાયા. તલવાર જેના હાથમાં છે તેમાં પણ શ્રીકૃષ્ણ દેખાય, વસ્તુ માત્રમાં શ્રીકૃષ્ણને જોવાવાળો બધે શ્રી કૃષ્ણ જ જુએને? સર્વને ભાગવતભાવથી જુઓ. જગતમાં કર્મ કરતાં કરતાં ઈશ્વરનું અનુસંધાન રાખો. બાળકને બદલે બાલકૃષ્ણનું અનુસંધાન રાખો તો કનૈયો મળશે અને કનૈયા પાછળ લક્ષ્મી પણ આવશે.લૌકિક નામરૂપ માં મન ફસાય તે આસક્તિ પરંતુ તે જ મન શ્રીકૃષ્ણના નામરૂપમાં ફસાય તો તે ભક્તિ છે. સંસારના વિષયોમાં પ્રેમએ આસક્તિ ભગવાન તરફ પ્રેમ એ ભક્તિ. સંસારશક્તિ બાધક છે તે બંધન કરે છે. ભગવતાશક્તિ બંધનમાંથી મુક્ત કરે છે, ને મુક્તિ અપાવે છે. આંખમાં કામને ન રાખો અને મન માં સ્વાર્થને ન રાખો. સમતા રાખી જગતને જુઓ. આંખ બગડેલી હશે તો બગડેલું દેખાશે. જ્ઞાની મહાપુરુષોને જગતમાં કોઈ ખરાબ દેખાતું નથી.સંસારમાં પ્રીતિ થાય તો ભક્તિ થતી નથી. સુંદર વસ્તુ જ જોવાનું આંખને મન હોય તો એને કહોકે, ભગવાન શ્રીકૃષ્ણ સિવાય ત્રિભુવનમાં કોઈ વસ્તુ સુંદર નથી. બે જણા બજારમાં ફૂલ લેવા ગયા છે. એક ભગવાનની પૂજા માટે ફૂલ લેવા ગયો છે, બીજો પત્નીના કહેવાથી પત્ની માટે ફૂલની વેણી લેવા ગયો છે. એકની ભક્તિ છે, બીજાની આસક્તિ.એકને પરમા ત્માને શણગારવાની ભાવના છે તે તેની ભક્તિ છે.બીજાને લાડીને શણગારવી છે. બીજાને સંસાર વિલાસની આસક્તિ છે. બે ક્રિયા એક છે,છતાં એકમાં આસક્તિ અને બીજામાં ભક્તિ છે. દૈત્યો પ્રહલાદને મારે છે, છતાં તેનો વાળ વાંકો થતો નથી. પ્રહલાદની ભક્તિ દિવ્ય છે. પ્રહલાદ નિર્ભય છે. પ્રહ્લાદને મારવા અનેક ઉપાયો કર્યા, પણ પ્રહલાદ મરતા નથી. હિરણ્યકશિપુને થયું, આ કોઈ જાદુ શીખી આવ્યો લાગે છે. હુકમ કર્યો, તેને અંધારામાં પૂરી રાખો. અન્નજળ વગર તે મરી જશે. પ્રહલાદજીને અંધારા ઓરડામાં પૂરી દેવામાં આવે છે પણ તેને બીક નથી. તે શાંતિથી શ્રીકૃષ્ણકીર્તન કરે છે. સુખમાં ભાગવતકૃપાનો અનુભવ કરે એ સાધારણ વૈષ્ણવ, પરંતુ દુઃખમાં પણ ભાગવતકૃપાનો અનુભવ કરે છે,અને સેવા-સ્મરણ છોડે નહીં એ મહાન વૈષ્ણવ છે. દેવકી- વસુદેવ ઉપર કેટલું દુઃખ પડ્યું છતાં તેઓ ધીરજ છોડતા નથી.આપણા ઉપરસહેજ દુઃખ આવે છેતો આપણે અકળાઈ જઈએ છીએ. અતિશય દુઃખમાં પ્રહલાદ વિચારે છે કે, મારા ભગવાન મારી સાથે છે. પછી બીક શાની? બીક જેને લાગે તે ઈશ્વરથી દૂર છે.અંધારામાં પ્રહલાદ શ્રીકૃષ્ણ કીર્તન કરેછે.એને દેહભાન નથી. ભગવત્પ્રેમમાં જેને દેહનું ભાન રહેતું નથી, તેને સંસારના કોઈ વિકાર અસર કરી શકતા નથી. આજે ઠાકોરજી લક્ષ્મીને પૂછે છે કે, જગતમાં કોઈ જીવ ભૂખ્યો તો નથી ને? લક્ષ્મીજીએ જવાબ આપ્યો કે, તમારો ભક્ત પ્રહલાદ કેદમાં પડ્યો છે તે ભૂખ્યો છે. ભગવાને કહ્યું, દેવી, તેમને માટે તરત પ્રસાદ મોકલો. લક્ષ્મીજીએ સેવકોને આજ્ઞા કરી. સેવકો પ્રહલાદ માટે પ્રસાદ લઈને કારાગૃહમાં આવ્યા પ્રહલાદ કહે, મારા પ્રભુને કેટલી ચિંતા છે! તે હોય જ ને! બધી ચિંતા પ્રહલાદે પ્રભુને સોંપી દીધી, પછી પ્રભુ ચિંતા ન કરે તો જાય ક્યાં? હિરણ્યકશિપુના સેવકોને આશ્ચર્ય થયું, પ્રહલાદ કાંઈક ખાય છે! તેઓ હિરણ્યકશિપુ પાસે ગયા, વાત કહી. હિરણ્યકશિપુ આવ્યો. પ્રહલાદ આરોગતો હતો. પૂછ્યું, આ ક્યાંથી લાવ્યો, સાચું બોલ? પ્રહ્લાદ કહે, પ્રભુએ ગર્ભવાસમાં મારું પોષણ કર્યું. તે અહીં પણ મારું પોષણ કરે છે! હિરણ્યકશિપુનો ગુસ્સો હાથ ન રહ્યો.વળીપાછો પ્રભુ! અહીં પણ પ્રભુ! તેનો પુત્ર પ્રેમ ઓગળી ગયો હતો. તેણે હુકમ કર્યો,આને મુશ્કેટાટ બાંધો!શંડામર્ક પ્રહલાદને વરૂણ પાશમાં બાંધી બહાર લાવ્યા. પ્રહૂલાદને બંધનમાં પણ બધે શ્યામ સુંદરનાં દર્શન થાય છે. એક દિવસ ગુરુજી બહાર ગયેલા. પ્રહુલાદ બાળકોને કહે છે,હું આજે તમને એક નવીન રમત બતાવીશ. પ્રહલાદે બાળકોને ભાગવત ધર્મનો ઉપદેશ કર્યો ને કહ્યું, મિત્રો, મનુષ્યજન્મ દુર્લભ છે. શરીર નાશવંત છે, પણ એના દ્વારા અવિનાશી પ્રભુનાં દર્શન થાય છે.માટે બાળપણથી જ પ્રભુ ની ભક્તિ કરો. વાત ખરી જ છે. પ્રહલાદનું ચરિત્ર પણ આપણ ને સૂચવે છેકે, બાલ્યાવસ્થાથી જ મનુષ્યે ઈશ્વરના ભજનમાં લાગી જવું જોઈએ. માતાપિતાએ નાનાં બાળકો ઉપર ધર્મના સંસ્કાર પાડવા જોઈએ. વૃદ્ધાવસ્થામાં દેહની સેવા થાય છે, દેવની સેવા થઈ શકતી નથી. માનવશરીર ભોગ ભોગવવા માટે મળ્યું નથી, ભગવાનના ભજન કરવા માટે મળ્યું છે, ભગવાન મેળવવા માટે મળ્યું છે. શરીર નાશવંત છે, છતાં મનુષ્યજન્મ દુર્લભ છે, કારણ કે આ નાશવંત શરીરથી નિત્યવસ્તુ ભગવાનને પ્રાપ્ત કરી શકાય છે. અનેક વખત જન્મ-મરણનો ત્રાસ ભોગવતો આ જીવ મનુષ્ય શરીરમાં આવ્યો છે, એટલે મનુષ્યાવતાર મોંઘો છે. ઈશ્વર નિત્ય છે, શરીર અનિત્ય છે. છતાં અનિત્યથી નિત્યની પ્રાપ્તિ થાય છે, માટે મનુષ્યશરીર નો મહિમા કહ્યો છે. કોડીના બદલામાં કરોડ મળે તેવી આ વાત છે. પછી એ કોડીની કિંમત કેટલી ગણાય? એટલા માટે મનુષ્યજન્મ મોંઘો કહ્યો છે.

### વરુણ-નતાશાના લગ્ન કોરોના વચ્ચે થયા હતા

# હોસ્પિટલની બહાર દેખાયો વરુણ ધવન, શું જલ્દી થશે નતાશા દલાલની ડિલિવરી?

## વરુણ ધવન અને નતાશા દલાલ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકપ્રિય કપલમાંથી એક છે, બંનેએ વર્ષ ૨૦૨૧માં પોતાની લવ સ્ટોરી લગ્નના બંધનમાં બંધાઈ હતી

વરુણ ધવન અને નતાશા દલાલ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકપ્રિય કપલમાંથી એક છે. બંનેએ વર્ષ ૨૦૨૧માં પોતાની લવ સ્ટોરી લગ્નના બંધનમાં બંધાઈ હતી. લગ્નના ત્રણ વર્ષ બાદ આ કપલના ઘરે ટૂંક સમયમાં એક નાનકડા મહેમાનનું આગમન થવાનું છે, જેને લઈને માત્ર ધવન પરિવાર જ નહીં પરંતુ ફેન્સ પણ ખૂબ જ ઉત્સાહિત છે. દરમિયાન, અભિનેતાના એક વીડિયોએ ચાહકોની ઉત્તેજના વધુ વધારી દીધી છે. ખરેખર, વરુણ તાજેતરમાં જ હિન્દુજા હોસ્પિટલની બહાર જોવા મળ્યો હતો.



આ દરમિયાન, અભિનેતાએ તેના હાથમાં લાલ રંગની બેગ પકડી હતી અને તે ખૂબ જ થાકેલા દેખાતા હતા. વરુણ હિન્દુજા હોસ્પિટલની બહાર આવ્યા અને ત્યાંથી સીધા જ કારમાં બેસી ગયા. આ દરમિયાન, અભિનેતા સફેદ રંગની ટી-શર્ટ અને લૂઝ ડેનિમ જીન્સ પહેરેલો જોવા મળ્યો હતો. હવે તેનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ ચાહકોએ બાળકના જલ્દી આવવાની અટકળો શરૂ કરી દીધી છે. જોકે, અત્યારે એ કહેવું મુશ્કેલ છે કે અભિનેતા નતાશાની ડિલિવરી માટે કે તેના નિયમિત ચેકઅપ માટે ત્યાં પહોંચ્યો હતો. પરંતુ હાલમાં તેના આ વીડિયોએ ચાહકોમાં હલચલ મચાવી દીધી છે. તમને જણાવી દઈએ કે વરુણ અને નતાશાએ ૨૪ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ એક ખાનગી સમારંભમાં લગ્ન કર્યા હતા. બંનેએ અલીબાગમાં કોરોનાવાયરસ રોગચાળા દરમિયાન પરિવારના કેટલાક સભ્યો અને મિત્રોની હાજરીમાં લગ્ન કર્યા. અભિનેતાના કામની વાત કરીએ તો વરુણ ટૂંક સમયમાં 'બેબી જોન'માં જ જોવા મળશે.



### આ ગામનું ઓરીજનલ લોકેશન ક્યાં છે?

# પંચાયત ૩ માં દર્શાવામાં આવેલું ફૂલેરા ગામ યુપીના બલિયા જીલ્લાનું નથી

## એમપીના સિહોર જિલ્લાની મહોડિયા ગ્રામ પંચાયત કે જ્યાં આ સિરીઝનું શૂટિંગ થયું હતું તે રાતોરાત ટોક ઓફ ધ ટાઉન બન્યું છે

વેબ સિરીઝ પંચાયત ૩ના આગમન સાથે ફૂલેરા ગામ ફરી એકવાર ચર્ચામાં છે. સોશિયલ મીડિયા યુઝર્સ આ ગામની ચોક્કસ લોકેશન વિશે ઘણી શોધ કરી રહ્યા છે. જો તમે પણ આ ગામની વાસ્તવિકતા વિશે જાણવા માંગતા હોવ તો અમે તમને આના વિશે માહિતગાર કરીશું. વેબ સીરીઝમાં બતાવાયું યુપી કનેક્શન ખરેખર, પંચાયત ૩ વેબ સીરીઝમાં ફૂલેરા ગામ બતાવવામાં આવ્યું છે તે યુપીના બલિયા જિલ્લામાં છે. યુપીના આ ગામનું લોકેશન સર્ચ કરીને યુઝર્સ પરેશાન થઈ ગયા. આ ગામનું ચોક્કસ સ્થાન હજુ સુધી મળ્યું નહીં કારણ કે



વાસ્તવમાં ફિલ્મનું શૂટિંગ એમપીના સિહોર જિલ્લાના મહોડિયા ગ્રામ પંચાયતમાં થયું હોવાનું બહાર આવ્યું હતું. પંચાયત ૩ વેબ સિરીઝની તમામ સિઝન આ ગામમાં જ શૂટ કરવામાં આવી છે. ઘણી તપાસ પછી જાણવા મળ્યું કે પંચાયત ૩માં દર્શાવવામાં આવેલા ફૂલેરા ગામનું યુપીના બલિયા સાથે નહીં પરંતુ મધ્યપ્રદેશ સાથે સિંહોર સાથે કનેક્શન છે, યુઝર્સ તેના લોકેશનને લઈને સર્ચ કરી રહ્યા છે. મહત્વનું છે કે પંચાયતની નવી સીઝન લોકોને ખુબ પસંદ આવી રહી છે. એમપીના સિહોર જિલ્લાની મહોડિયા ગ્રામ પંચાયત કે જ્યાં આ સિરીઝનું શૂટિંગ થયું હતું તે રાતોરાત ટોક ઓફ ધ ટાઉન બની ગયું છે. લોકો આ ગામ વિશે ઘણી ચર્ચા કરી રહ્યા છે. આસપાસના લોકો તેને ફુલેરાના નામથી બોલાવવા લાગ્યા છે. ફિલ્મ યુનિટને આ લોકેશન ખૂબ જ પસંદ છે. કહેવાય છે કે આ ગામના લોકો ખૂબ માયાળું છે. શૂટિંગ દરમિયાન ટીમને કોઈ સમસ્યાનો સામનો કરવો પડ્યો નથી.

### 2.5કરોડ રૂપિયાની ઠગાઈ મામલે સનીએ જવાબ આપ્યો

# સની દેઓલ અને પ્રીતિ ઝિંટાની 'લાહોર ૧૯૪૭'નું શૂટિંગ સમાપ્ત

માધુરી દિક્ષિત, દિયા મિર્ઝા, સુષ્મિતા સેન સહિત અનેક એક્ટ્રેસ કમબેક કરી રહી છે. આ યાદીમાં પ્રીતિ ઝિંટાનું નામ પણ ઉમેરાયું છે. અન્ય સ્ટાર્સની સરખામણીએ પ્રીતિ વધુ નસીબદાર છે, કારણ કે તેમને કમબેક માટે મોટા બેનરની ફિલ્મ મળી છે. આમિર ખાનના પ્રોડક્શન હાઉસ દ્વારા 'લાહોર ૧૯૪૭' બની રહી છે, જેનું ડાયરેક્શન રાજકુમાર સંતોષી કરી રહ્યા છે અને લીડ રોલમાં સની દેઓલ છે. આમિર, સની અને સંતોષીની ત્રિપુટી પહેલી વાર સાથે કોઈ ફિલ્મ કરી રહ્યા છે ત્યારે તેમાં લીડ એક્ટ્રેસ તરીકે પ્રીતિ ઝિંટાને પસંદ કરવામાં આવી છે. ફિલ્મની સમગ્ર ટીમ કેટલાક અઠવાડિયાઓથી સતત શૂટિંગ કરી રહી હતી અને શૂટિંગ પૂરું થયું હોવાની એનાઉન્સમેન્ટ પ્રીતિએ કરી છે. પ્રીતિએ સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરીને ફિલ્મના સેટની ઝલક આપી હતી. શૂટિંગ રેપઅપ ના સમાચાર આપતાં પ્રીતિએ કેપ્શનમાં જણાવ્યુ હતું કે, લાહોર ૧૯૪૭નું રેપઅપ થયું અને આ અવિશ્વસનિય અનુભવ માટે સમગ્ર કાસ્ટ અને ક્રૂની આભારી છું. નિશ્ચિત રૂપથી મારી અત્યાર સુધીની કરિયરમાં આ સૌથી કઠિન ફિલ્મ છે. પ્રોડ્યુસર સૌરવ ગુપ્તાએ સની દેઓલ પર રૂ.અઢી કરોડની ઠગાઈનો આરોપ લગાવ્યો હતો. સની દેઓલે નાણાં લીધા બાદ ફિલ્મ નહીં કરી હોવાનો આરોપ ગુપ્તાએ લગાવ્યો હતો. સનીએ વિવાદી કોન્ટ્રાક્ટમાં મનસ્વી રીતે છેડછાડ કરી પોતાની ફી અને પ્રોફિટ શેરિંગ એમાઉન્ટ વધારી હોવાનું પણ તેમણે કહ્યું હતું. આ મામલે સની દેઓલના વકીલ રિઝવાન મર્ચન્ટે ખુલાસો કર્યો છે અને તમામ આરોપને પાયાવિહોણા ગણાવ્યા છે. સની દેઓલ તરફથી જણાવાયુ હતું કે, પ્રોડ્યુસર અને સની દેઓલ વચ્ચે કોન્ટ્રાક્ટ થયો હતો.




### સિદ્ધાર્થ મલહોત્રા સાથે 'યોદ્ધા' બાદ 'ધ સાબરમતી રિપોર્ટ'માં પણ જોવા મળશે રાશિ ખન્ના

# રાશિ ખન્નાનો બોલિવૂડ પ્રોજેક્ટ વિક્રાંત મેસ્સી સાથે ફિલ્મ કરશે

રાશિ ખન્ના માટે ૨૦૨૪ના વર્ષમાં બોલિવૂડ યાત્રા સફળ રહી છે. વર્ષની શરૂઆતમાં સિદ્ધાર્થ મલહોત્રા સાથે 'યોદ્ધા' રિલીઝ થઈ હતી. બોક્સઓફિસ પર ફિલ્મ ખાસ ચાલી ન હતી, પરંતુ રાશિ માટે બોલિવૂડના દરવાજા ખોલવામાં આ ફિલ્મ સફળ રહી છે. વિક્રાંત મેસ્સીની 'ધ સાબરમતી રિપોર્ટ'માં રાશિ ખન્નાનો સમાવેશ થયો હોવાનું કહેવાય છે. રાશિને પ્રથમ વખત બોલિવૂડમાં એક જ વર્ષમાં બે ફિલ્મ મળી છે. જેને જોતાં રાશિ પણ હવે રશ્મિકાની જેમ બોલિવૂડમાં પગ જમાવી રહી હોવાનું અનુમાન છે. કોરોના મહામારી બાદના સમયમા સાઉથ અને બોલિવૂડના સંબંધ ગાઢ બની રહ્યા છે. બોલિવૂડ એક્ટર્સ સાઉથની ફિલ્મ કરી રહ્યા છે અને સાઉથના સ્ટાર્સ બોલિવૂડમાં વિજય પતાકા ફરકાવી રહ્યા છે. સાઉથની જાણીતી એક્ટ્રેસ રાશિ ખન્નાએ ૨૦૨૪માં સિદ્ધાર્થ મલહોત્રા સાથે 'યોદ્ધા'માં લીડ રોલ કર્યો હતો. વિક્રાંત મેસ્સીની ચર્ચાસ્પદ ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ'માં રાશિની પસંદગી થઈ હોવાનું મનાય છે. આ ફિલ્મની એનાઉન્સમેન્ટ ઘણાં સમય પહેલા થઈ હતી. વિક્રાંતે તેમાં ટીવી રિપોર્ટ્રનો રોલ કર્યો છે. ફિલ્મની બાકીની કાસ્ટિંગ અંગે ખુલાસો થયો હતો. આ ફિલ્મને બીજી ઓગસ્ટે રિલીઝ કરવાનું આયોજન છે ત્યારે રાશિ ખન્નાના લીડ રોલની માહિતી બહાર આવી છે. '૧૨વીં ફેલ'ની સફળતા બાદ વિક્રાંત મેસ્સીની ડીમાન્ડ વધી ગઈ છે. ઓડિયન્સ તથા ફિલ્મમેકર્સ વિક્રાંત મેસ્સી પર વિશ્વાસ કરી રહ્યા છે.




# સંજય ભણસાલીએ હીરામંડી સીઝન ૨ની જાહેરાત આપી




### હીરામંડી સીઝન ૨ ની જાહેરાત માટે, કાર્ટર રોડ, મુંબઈ પર ૧૦૦ નર્તકોનું એક ફ્લેશ મોબનું આયોજન હતું

સંજય લીલા ભણસાલીએ ફેન્સને ખુશખબર આપી છે. જો તમે તાજેતરમાં નેટફિલક્સ પર રિલીઝ થયેલી વેબ સિરીઝ 'હીરામંડી' જોઈને મંત્રમુગ્ધ થઈ ગયા હોવ, તો હવે ખુશ થવાનો સમય છે. નિર્માતાઓએ 'હીરામંડી' સીઝન ૨ની જાહેરાત કરી છે. હીરામંડી સીઝન ૨ ની જાહેરાત માટે, કાર્ટર રોડ, મુંબઈ પર ૧૦૦ નર્તકોનું એક ફ્લેશ મોબનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં આ ડાન્સર્સ અનારકલી સૂટ અને ઘુંઘરસ પહેરીને હીરામંડીના ગીતો પર પરફોર્મ કરી રહ્યાં છે. આ અદ્ભુત નજારો જોઈને લોકો ખૂબ જ ઉત્સાહિત છે. દરેક વ્યક્તિ આ દ્રશ્યને પોતાના કેમેરામાં કેદ કરવા માંગે છે. અદ્ભુત ડાન્સ જોઈને લોકો ધૂમ મચાવી રહ્યા છે. 'હીરામંડી'ની પ્રખ્યાત ગજગામિની પદયાત્રા પણ ફરીથી બનાવવામાં આવી હતી. આ શાનદાર એકિંટગને કુતિ મહેશે કોરિયોગ્રાફ કર્યું છે. વીડિયોના કેપ્શનમાં લખ્યું છે- મહેફિલ ફરી ભેગી થશે, હીરામંડી સિઝન ૨ આવશે. જાહેરાતના વીડિયોમાં કહેવામાં આવ્યું છે કે આઝાદીની લડાઈ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ સમાપ્ત થઈ હતી. આ ગણિકાઓ માટે પણ એક નવું યુદ્ધ શરૂ થયું. માથું ઊંચું રાખીને નવી દુનિયામાં ટકી રહેવાની લડાઈ... આ બધું સિઝન ૨માં બતાવવામાં આવશે. સંજય લીલા ભણસાલીએ વેરાયટીને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે સિરીઝ બનાવવા માટે ઘણી મહેનત કરવી પડે છે. ૨૦૨૨માં 'ગંગુબાઈ કાઠિયાવાડી' રિલીઝ થઈ ત્યારથી તે કોઈ વિરામ વિના કામ કરી રહ્યો છે. શ્રેણી બનાવવાની જવાબદારી ઘણી મોટી છે. સીઝન ૨ કન્ફર્મ કરતી વખતે તેણે કહ્યું- હીરામંડી ૨માં લાહોરની મહિલાઓએ ફિલ્મી દુનિયામાં પ્રવેશ કર્યો છે. ભાગલા પછી, મોટા ભાગના ગણિકાઓ લાહોર છોડીને મુંબઈ અને કોલકાતા ફિલ્મ ઉદ્યોગમાં સ્થાયી થયા. તેની સફર હજુ પણ એવી જ છે. તે નૃત્ય કરે છે અને ગાય છે. પરંતુ આ વખતે નવાબો માટે નહીં પણ નિર્માતાઓ માટે છે. અગાઉ ભણસાલીએ કહ્યું હતું કે 'હીરામંડી' જેવી સીરિઝ માત્ર એક જ વાર બને છે. કોઈ તેને ફરીથી બનાવી શકતું નથી, હું પણ નહીં. પરંતુ એવું લાગે છે કે લોકોનો પ્રતિસાદ જોઈને ભણસાલીએ પોતાનો નિર્ણય બદલી નાખ્યો છે. 'હીરામંડી' ૧ મેના રોજ સ્ટ્રીમ કરવામાં આવી હતી, પરંતુ એક મહિના પછી પણ આ શો વિશે ભારે ચર્ચા છે.

# કંગનાએ કહ્યું, ૫-૬ વધુ લોકો હોત તો તે લિંચિંગનો શિકાર બની હોત...

## બોલિવૂડ એક્ટ્રેસ રવિના પર મારપીટનો મામલો ઘણી ચર્ચામાં છે, દરેક વ્યક્તિ પોત પોતાનો અભિપ્રાય બનાવે છે

બોલિવૂડ એક્ટ્રેસ રવિના ટંડન પર મારપીટનો મામલો ઘણી ચર્ચામાં છે. દરેક વ્યક્તિ પોતપોતાનો અભિપ્રાય બનાવે છે. જોકે, સીસીટીવી ફૂટેજમાં ખુલાસો થયો છે કે આમાં રવીનાની ભૂલ નથી. આમ છતાં અનેક પ્રકારની વાતો કરવામાં આવી રહી છે. હવે અભિનેત્રી કંગના રનૌત પણ આ મામલે આગળ આવી છે અને રવિનાને સપોર્ટ કર્યો છે. કંગનાએ આ ઘટનાને લિંચિંગ ગણાવી છે અને તેની સખત નિંદા કરી છે. એક્ટ્રેસે કાર્યવાહી કરવાની પણ માંગ કરી છે. કંગનાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી અપડેટ કરી અને રવિના સાથેના હુમલાના કેસ પર પોતાનો અભિપ્રાય શેર કર્યો. કંગનાએ લખ્યું- રવિના ટંડન સાથે જે પણ થયું તે ચિંતાજનક છે. જો વિરોધી જૂથમાં ૫-૬ વધુ લોકો હોત તો તે લિંચિંગનો શિકાર બની હોત. અમે રોડ રેજ જેવી ઘટનાઓની નિંદા કરીએ છીએ. તે લોકોને સજા થવી જોઈએ અને આવા હિંસક અને ઝેરી વર્તનથી દૂર જવા દેવા જોઈએ નહીં. વાસ્તવમાં કેટલાક લોકોએ રવિના અને તેના ડ્રાઈવર પર મારપીટનો આરોપ લગાવ્યો હતો. એવું કહેવાય છે કે ડ્રાઈવર બેદરકારીથી વાહન ચલાવી રહ્યો હતો, જેના કારણે તેણે કાર્ટર રોડ પર ત્રણ લોકોને ટક્કર મારી હતી. આ પછી, જ્યારે રવીના સાથે વાત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો, ત્યારે તે નશામાં જોવા મળી હતી, અને અભિનેત્રીએ તેમની સાથે ખરાબ વર્તન કર્યું હતું. જ્યારે પોલીસ અને સીસીટીવી ફૂટેજ મુજબ સત્ય કંઈક બીજું જ બહાર આવ્યું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રવિનાની કાર કોઈને સ્પશી નથી. હકીકતમાં, કથિત પીડિતોમાં હાજર એક મહિલાએ બળજબરીથી બિલ્ડિંગમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો.





# સોશિયલ મીડિયાની બાળકોના મન પર ઊંડી અને નેગેટિવ અસરથી એશા દેઓલ ચિંતિત

## એશાએ કહ્યું કે સોશિયલ મીડિયા પરના સમાચાર તેના બાળકોના મન પર ઊંડી અસર

એશા દેઓલ સોશિયલ મીડિયા પર બહુ મર્યાદિત સમય વિતાવે છે. તાજેતરમાં જ તેણે આ અંગે કેટલીક સ્પષ્ટતા કરી હતી કે કઈ રીતે સોશિયલ મીડિયા પરની કમેન્ટ્સ અને લોકોના અભિપ્રાયો ઘણી વખત તેને કેટલી અસર કરે છે. તેણે કહ્યું હતું કે કેટલાંકથી પ્રેરણા મળે છે અને કેટલાંક નગેટિવ અસર કરે છે. આ ઈન્ટરવ્યૂમાં એશાએ જણાવ્યું કે ક્યારેક તે સોશિયલ મીડિયાથી દૂર રહેવા મજબુર થઈ જાય છે. જ્યારે એશાને પૂછવામાં આવ્યું કે તેને સોશિયલ મીડિયાની કમેન્ટ્સથી કોઈ ફરક પડે છે કે નહીં, તેના જવાબમાં તેણે કહ્યું હતું, "બિલકુલ, તે અંદર સુધી ઉતરી જાય છે." એશાએ એવું પણ કહ્યું કે ક્યારેક સોશિયલ મીડિયાનો ઉપયોગ જરૂરી પણ હોય છે, પણ ઘણી વખત તે તમને દુઃખી કરી દે છે. તમે પોતે આ કેરિઅર પસંદ કરી છે અને તમે આ ઈન્ડસ્ટ્રીનો એક ભાગ છો તો તમારે જ મેનેજ કરવું પડશે અને તમારે જ તેની સાથે ડીલ કરતાં શીખવું પડશે. એશાને એ પણ ચિંતા છે કે આ સમાચાર તેના બાળકો સુધી કઈ રીતે પહોંચે છે. કારણ કે તેઓ હજુ ઘણા નાનાં છે. એશાની ફિલ્મ 'યુવા'ને હમણાં જ ૨૦ વર્ષ થયાં છે. તેને સેલિબ્રેટ કરવા માટે એશાએ ઈન્સ્ટાગ્રામ પર એક ભાવુક પોસ્ટ પણ લખી હતી. તેણે લખ્યું, "મની સર તમે જાદુ છો. તમારી સાથે તમિલ અને બંને ફિલ્મમાં કામ કરવું, એક કલાકાર તરીકે તમે ડિરેક્ટ કરો તે મારા માટે અતિશય આનંદ, ખુબ સંતોષકારક અને જાણે સપનું સાકાર થતું હોય તેવી બાબત છે. મારા બંને કો સ્ટાર અજય દેવગન અને સૂર્યા સાથ કામ કરવું પણ ઉત્તમ અને અદ્દભુત હતું. મને યાદ છે કે એ વખતે હું પહેલી વખત અજય સાથે કામ કરતી હતી અને હું અને મણી સર સીન વિશે કોઈ ચર્ચા કરવા માટે કેવી રીતે તમિલમાં વાતો કરતાં અને અજયને થતું કે આ બધું શું બોલે છે આ લોકો! મને જે રીતે યાદ છે તે રીતે સૂર્યા આમ ઘણો ઓછા બોલો પણ જેવો કૅમેરા ચાલુ થાય કે તરત અમે બંને જાણે ફૂલ એનજીમાં અને પાત્રોની લાઈફમાં ખોવાઈ જતાં હતાં. મને વિશ્વાસ નથી થતો કે એ વાતોને ૨૦ વર્ષ વીતી ચૂક્યા છે અને હું એ બે અદ્ભભૂત ફિલ્મનો ભાગ હતી."



# 'એનિમલ' ફિલ્મ ઈફેક્ટઃ તૃપ્તિ ડીમરીને સાત ફિલ્મ મળી

રણબીર કપૂરની 'એનિમલ' બ્લોકબસ્ટર સાબિત થઈ હતી. રૂ.૯૦૦ કરોડનું કલેક્શન મેળવનારી આ ફિલ્મના કારણે તૃપ્તિ ડીમરીના નસીબ ખુલી ગયા હોય તેવી સ્થિતિ છે. 'એનિમલ' બાદ સોશિયલ મીડિયા પર તૃપ્તિના ફોલોઅર્સ વધી ગયા છે અને ફિલ્મમેકર્સ પણ તેની સાતે કામ કરવા ઉત્સુક રહે છે. જેના કારણે તૃપ્તિ પાસે હાલ ૭ ફિલ્મો છે. 'એનિમલ'માં રશ્મિકા મંદાના કરતાં વધારે ચર્ચા તૃપ્તિ ડીમરીની થઈ હતી. રણબીર અને અનિલ કપૂર જેવાં સ્ટાર્સની વચ્ચે પણ તૃપ્તિની નોંધ લેવાઈ હતી. તૃપ્તિની કેટલીકનું શૂટિંગ ચાલી રહ્યું છે. આગામી બે વર્ષ સુધી નવરાશ ન મળે તેટલું કામ



તૃપ્તિ પાસે છે. કાર્તિક આર્યન સાથે 'ભૂલ ભુલૈયા૩'નું શૂટિંગ પૂરજોશમાં ચાલી રહ્યું છે. 'ભૂલ ભુલૈયા'ની અગાઉની બંને ફિલ્મો હિટ રહી હતી. ત્રીજી ફિલ્મમાં વિદ્યા બાલન અને માધુરી દિક્ષિત પણ મહત્ત્વના રોલમાં છે. અગાઉની બંને ફિલ્મો કરતાં 'ભૂલ ભુલૈયા૩'ને વધારે મોટી બનાવવાનું આયોજન છે. રણબીર સાથે ફિલ્મ બાદ તૃપ્તિ ડીમરીને ધર્મા પ્રોડક્શનના માનીતા સ્ટાર્સમાં જગ્યા મળી છે. કરણ જોહરના પ્રોડક્શન હાઉસની બે ફિલ્મોમાં તૃપ્તિનો સમાવેશ કરાયો છે. 'બેડ ન્યૂઝ'માં વિકી કૌશલ અને એમી વિર્ક સાથે તૃપ્તિ ડીમરી છે. આ ફિલ્મ જુલાઈ મહિનામાં રિલીઝ થવાની છે. કરણ જોહરના પ્રોડક્શન બેનર હેઠળ 'ધડક ૨'માં તૃપ્તિના નામનું એલાન થઈ ગયું છે. તેમાં સિદ્ધાંત ચતુર્વેદી સાથે તૃપ્તિનો લીડ રોલ છે. ફિલ્મની સ્ટોરી જાતિ પ્રથા આધારિત છે અને બે અલગ-અલગ જાતિના કેરેક્ટર્સની લવ સ્ટોરી છે. 'વિકી વિદ્યા કા વો વાલા વીડિયો'માં તૃપ્તિ ડીમીરીની સાથે રાજકુમાર રાવનો લીડ રોલ છે. તેઓ પહેલી વાર સાથે કામ કરી રહ્યા છે. બંને સ્ટાર્સે ફિલ્મ સાથે સંકળાયેલો એક વીડિયો શેર કર્યો હતો. ફિલ્મની રિલીઝ ડેટ હજુ જાહેર થઈ નથી, પરંતુ તે કોમેડી હોઈ શકે છે. 'એનિમલ'ના એન્ડમાં 'એનિમલ પાર્ક'નું એલાન થઈ ગયું હતું. સીક્વલમાં તૃપ્તિ ડીમરીનો રોલ વધારે લાંબો થઈ શકે છે. પહેલી ફિલ્મે રૂ.૯૦૦ કરોડનો બિઝનેસ કર્યો હતો, જ્યારે તેની સીક્વલ વધારે મોટ બજેટ સાથે બનાવવાનું આયોજન છે. કેજીએફ સ્ટાર યશ સાથે તૃપ્તિએ એક ફિલ્મ સાઈન કરી છે.



### 'આવો અને લક્ષદ્વીપ અને ગોવાની મુલાકાત લો...'

# ઇઝરાયલે માલદીવમાં ઇઝરાયલી નાગરિકોને પ્રતિબંધિત કરવાના નિર્ણય બાદ કહ્યું

### માલદીવ સરકારે પાસપોર્ટના નિયમોમાં ફેરફાર કરીને ઇઝરાયેલના પાસપોર્ટ પર પ્રતિબંધ મૂક્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।



ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધ વચ્ચે માલદીવની મુઈઝુ સરકારે મોટો નિર્ણય લીધો છે. માલદીવ સરકારે પાસપોર્ટના નિયમોમાં ફેરફાર કરીને ઈઝરાયેલના પાસપોર્ટ પર પ્રતિબંધ મૂક્યો હતો. આ નિર્ણય બાદ હવે ઈઝરાયેલના નાગરિકો માલદીવ જઈ શકશે નહીં.માલદીવની મુઈઝુ સરકારે પેલેસ્ટાઈનના સમર્થનમાં ઈઝરાયેલના નાગરિકો પર પ્રતિબંધ મૂક્યો છે. માલદીવમાં ઈઝરાયેલના નાગરિકોના પ્રવેશ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ દરમિયાન હવે ઈઝરાયેલે પણ જવાબ આપ્યો છે.

ઈઝરાયેલે પોતાના નાગરિકોને માલદીવ જવાનું ટાળવાની સલાહ આપી છે. આ સાથે ઈઝરાયેલના નાગરિકો જેઓ પહેલાથી જ માલદીવમાં છે તેમને તાત્કાલિક દેશમાં પરત ફરવાની સલાહ આપવામાં આવી છે. ઈઝરાયલી દૂતાવાસે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે માલદીવે હવે ઈઝરાયેલના આવવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. નીચે કેટલાક સુંદર અને અદ્ભુત ભારતીય દરિયાકિનારા આપવામાં આવ્યા છે, જ્યાં ઈઝરાયલી પ્રવાસીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવે છે અને અત્યંત આદર આપવામાં આવે છે.

આ સમય દરમિયાન, ઈઝરાયેલ એમ્બેસીએ લક્ષદ્વીપના બીચની કેટલીક તસવીરો પણ પોસ્ટ કરી છે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધ વચ્ચે માલદીવની મુઈઝુ સરકારે મોટો નિર્ણય લીધો છે. માલદીવ સરકારે પાસપોર્ટના નિયમોમાં ફેરફાર કરીને ઈઝરાયેલના પાસપોર્ટ પર પ્રતિબંધ મૂક્યો હતો. આ નિર્ણય બાદ હવે ઈઝરાયેલના નાગરિકો માલદીવ જઈ શકશે નહીં. ગાઝા પર ઈઝરાયેલી સેનાના હુમલાને લઈને માલદીવના લોકોમાં સતત વધી રહેલા ગુસ્સાને ધ્યાનમાં રાખીને સરકારે આ નિર્ણય લીધો છે. માલદીવના ગૃહમંત્રીએ ઈમરજન્સી પ્રેસ બ્રીફિંગમાં કહ્યું હતું કે આજે કેબિનેટે માલદીવમાં ઈઝરાયેલના નાગરિકોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવવા માટે કાયદામાં જરૂરી ફેરફાર કર્યા છે. કેબિનેટે આ પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે મંત્રીઓની વિશેષ સમિતિની રચના કરી છે. તમને જણાવી દઈએ કે દર વર્ષે ૧૦ લાખથી વધુ પ્રવાસીઓ માલદીવની મુલાકાત લે છે.

માલદીવ સરકારે ફંડ એકત્ર કરવા અને પેલેસ્ટિનિયન નાગરિકોને સમર્થન આપવા માટે મુસ્લિમ દેશો સાથે ચર્ચા કરવાનો નિર્ણય લીધો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે UNRWA દ્વારા પેલેસ્ટિનિયન નાગરિકો માટે ભંડોળ એકત્ર કરવામાં આવશે. આ સાથે કેબિનેટે એવા વિસ્તારોની ઓળખ કરવા માટે એક વિશેષ દૂતની નિમણૂક કરવાનો નિર્ણય લીધો છે જ્યાં પેલેસ્ટાઈનને માલદીવની મદદની સખત જરૂર છે.આ પહેલા ઈન્ટરનેશનલ કોર્ટે ઈઝરાયલને રફાહ શહેર પર હુમલા રોકવા માટે કહ્યું હતું, પરંતુ તેમ છતાં મંગળવારે પહેલીવાર ઈઝરાયેલની સેનાની ટેન્કો રફાહમાં પ્રવેશી હતી.હમાસ સાથેના યુદ્ધના સાત મહિના પછી ઑક્ટોબર ૭ માં, ઈઝરાયેલી સેનાએ ૬ મેના રોજ રફાહમાં ઓપરેશન શરૂ કર્યું. ૨૭ મેના રોજ ઈઝરાયેલે રફાહમાં રાહત શિબિરમાં બોમ્બમારો કર્યો હતો. હમાસે આ હુમલામાં ૪૫ નાગરિકોને માર્યા હોવાનો દાવો કર્યો છે. વિશ્વભરમાં આ હુમલાની ટીકા થઈ ત્યારે બેન્જામિન નેતન્યાહુએ તેને દુઃખદ અકસ્માત ગણાવ્યો.જો કે, આ હુમલા પછી તરત જ, ઈઝરાયલએ દાવો કર્યો હતો કે તેઓએ હમાસના ઠેકાણાને નિશાન બનાવ્યું હતું.

### વંદે ભારત બાદ હવે એર ટેક્સી

# ૭ મિનિટમાં દિલ્હીથી ગુરુગ્રામ પહોંચી જવાશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

સેમી હાઈસ્પીડ ટ્રેન વંદે ભારત એક્સપ્રેસ બાદ હવે દેશને એર ટેક્સીની ભેટ ટૂંક સમયમાં મળવા જઈ રહી છે. DGCAએ અર્બન એર મોબિલિટી પ્રોજેક્ટ પર કામ કરવાનું શરૂ કરી દીધુ છે. જોકે, સરકાર દ્વારા આ અંગે સત્તાવર કંઈ કહેવામાં નથી આવ્યું. ૨૦૨૬માં દિલ્હી-એનસીઆર, મુંબઈ અને બેંગલુરુમાં એર ટેક્સી શરૂ કરવામાં આવશે, ત્યારબાદ ચેન્નાઈ અને હૈદરાબાદ જેવા અન્ય શહેરો પણ શરૂ થશે. એક અહેવાલ પ્રમાણે DGCAએ દેશમાં એર ટેક્સીની ઉડાન અંગે રોડમેપ તૈયાર કરવા માટે તકનીકી સમિતિઓનું ગઠન કર્યું છે. ઈ-વર્ટિકલ ટેકઓફ અને લેન્ડિંગ એટલે કે, eVTOL સાથે સબંધિત નિયમો તૈયાર કર્યા બાદ Indigoની પેરેન્ટ કંપની ઈન્ટરગ્લોબ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (IGE) ઈન્ફ્રા અંગે કામ શરૂ કરી દેશે. IGE અમેરિકી એર ટેક્સી કંપની આર્ચર એવિએશન સાથે મળીને કામ કરવા જઈ રહી છે. DGCA એર ટેક્સી સાથે સબંધિત અલગ-અલગ પાસાઓની જાણકારી એકત્ર કરવા માટે અનેક પેનલની રચના કરી છે. તેમાં એર નેવિગેશન, કયા રૂટ પર એર ટેક્સી કામ કરશે, સુરક્ષા અને વર્ટિપોર્ટ્સ સાથે જોડાયેલા સ્ટાન્ડર્ડસ સામેલ છે. ભારતમાં એર ટેક્સી સાથે સબંધિત તમામ કામ વર્ષ ૨૦૨૬ સુધીમાં પૂરા થઈ જશે. અહેવાલ પ્રમાણે એર ટેક્સીની શરૂઆત દિલ્હી-એનસીઆર, મુંબઈ અને બેંગલુરુમાં વર્ષ ૨૦૨૬ સુધીમાં થઈ જશે. ત્યારબાદ ચેન્નાઈ અને હૈદરાબાદમાં આ સેવાની શરૂઆત થશે. આર્ચર્સના CEO નિખિલ ગોયલે જણાવ્યું કે, એર ટેક્સીનું ભાડું કેબ સર્વિસ Uber કરતા થોડું જ વધારે હશે. ઉદાહરણ તરીકે દિલ્હીથી ગુડગાંવ જવામાં Uberનું ભાડું રૂ. ૧,૫૦૦થી ૨,૦૦૦ થાય છે. એર ટેક્સીમાં (પ્રતિ પેસેન્જર) ૧.૫% થશે અને તે ૨,૦૦૦થી ૩,૦૦૦ સુધી જઈ શકે છે. મહત્વની વાત એ છે કે, એર ટેક્સીની મદદથી યાત્રી દિલ્હીથી ગુડગાંવનું અંતર માત્ર ૭ મિનિટમાં કાપી શકશે. તેનો એક રૂટ બાંદ્રાથી કોલાબા પણ હોઈ શકે છે.

### ઝારખંડના ડીજીપીએ કહ્યું

# પહેલીવાર કોઈ પણ હિંસા વિના લોકસભાની ચૂંટણી યોજાઈ

### ઝારખંડના ડીજીપી અજય કુમાર સિંહે રાજધાની રાંચીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધારવા માટે સમીક્ષા બેઠક યોજી હતી

। (એજન્સી) ઝારખંડ, તા.૪ ।




ઝારખંડના ડીજીપી અજય કુમાર સિંહે કહ્યું છે કે ઝારખંડમાં પહેલીવાર તમામ ૧૪ બેઠકો પર હિંસા વિના મતદાન થયું હતું. રાજ્યમાં ૩૪૭૯ બૂથ નક્સલ પ્રભાવિત છે, જ્યારે ૯૪૬૦ સંવેદનશીલ શ્રેણીમાં છે. ક્યાંયથી કોઈપણ પ્રકારની હિંસા થઈ ન હતી. ચૂંટણી માટે ૪૦ હજાર સૈનિકો તૈનાત કરવામાં આવ્યા હતા. રાજ્ય પોલીસ ઉપરાંત કેન્દ્રીય અર્ધલશ્કરી દળોની ૨૦૦ કંપનીઓ તૈનાત કરવામાં આવી હતી. પ્રથમ વખત ૪૦ બૂથ પર ચૂંટણી યોજાઈ હતી. અગાઉ આ ૪૦ બૂથ પર મતદાન થયું ન હતું. તેમણે ચૂંટણી કામગીરીમાં રોકાયેલા પોલીસ અધિકારીઓ અને જવાનોને અભિનંદન પાઠવ્યા હતા. ડીજીપીએ વધુમાં જણાવ્યું હતું કે સૈનિકો અને મતદાન કર્મચારીઓને હેલિકોપ્ટર દ્વારા ગુમલામાં ૧૩, લોહરદગામાં ૧૪, ચાઈબાસામાં ૧૨૬, લાતેહારમાં ૬૫ અને ગઢવામાં ૮ બૂથ પર પહોંચાડવામાં આવ્યા હતા. આચારસંહિતા દરમિયાન ૨૪૩ હથિયારો જપ્ત કરવામાં આવ્યા હતા. ૧૪૫૮૧ લાયસન્સ ધરાવતા હથિયારો સરેન્ડર કરવામાં આવ્યા હતા અને ૨૦૫૨ હથિયારોના લાઈસન્સ રદ કરવામાં આવ્યા હતા. તેમજ તપાસ દરમિયાન પોલીસે ૮૪.૫૨ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨ની સરખામણીએ વર્ષ ૨૦૨૩માં ગુનાહિત ઘટનાઓમાં ઘટાડો નોંધાયો છે. તેમણે કહ્યું કે ૨૦૨૧ અને ૨૦૨૨ની સરખામણીએ ૨૦૨૩માં હત્યા, લૂંટ, ઘર તોડવું, ચોરી, ખંડણી માટે અપહરણ, બળાત્કાર જેવી ઘટનાઓમાં ઘટાડો થયો છે.ડીજીપીએ રાજધાની રાંચીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધારવા માટે સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં રાંચી ઝોનના આઈજી, ડીઆઈજી, એસએસપી, સિટી એસપી અને અન્ય પોલીસ અધિકારીઓએ ભાગ લીધો હતો. બેઠકમાં પોલીસ સ્ટેશનોમાં પડતર કેસ, છેલ્લા ત્રણ વર્ષમાં નોંધાયેલા કેસના આંકડા અને સંગઠિત ગુનેગારો સામે કરવામાં આવી રહેલી કાર્યવાહીની સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત પેન્ડિંગ કેસો, ગુમ થયેલ વ્યક્તિઓ અંગે નોંધાયેલા કેસો અને જોડાણ જપ્તી વોરંટના અમલની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

DGPએ સંગઠિત ગુનાખોરીને ખતમ કરવા કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યો.સમીક્ષા દરમિયાન, ડીજીપીએ રાંચીમાં થઈ રહેલી ચેઈન સ્નેચિંગ, લૂંટ અને અન્ય ગુનાહિત ઘટનાઓ પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે અધિકારીઓને ઘટનાઓમાં સંડોવાયેલા ગુનેગારોની ધરપકડ કરવા જણાવ્યું હતું. અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે સુનિશ્ચિત કરે છે. ડીજીપીએ ચૂટિયા પોલીસ સ્ટેશન વિસ્તારના એક્સ્ટ્રીમ બારમાં ગોળીબારની ઘટના પર લેવાયેલી કાર્યવાહીની માહિતી લીધી અને રાંચીના તમામ બારમાં કામ કરતા બાઉન્સરોના ગુનાહિત ઈતિહાસ વિશે માહિતી એકત્રિત કરવાનો નિર્દેશ આપ્યો. તેમજ રાત્રીના સમયે પેટ્રોલીંગ પર ખાસ ધ્યાન આપવા જણાવ્યું હતું.

### અમેરિકામાં લાપતા ભારતીય વિદ્યાર્થીની શોધખોળ

# ભારતીય વિદ્યાર્થીનીને શોધ કેલેફોર્નિયા પોલીસે માંગી મદદ

### કેલિફોર્નિયા પોલીસે યાદી બહાર પાડીને ભારતીય વિદ્યાર્થિનીને શોધવામાં મદદ કરવા અમેરિકી નાગરિકોને વિનંતી કરી છે

। (એજન્સી) કેલિફોર્નિયા, તા.૪ ।

અમેરિકા ભણવા ગયેલા ભારતીય વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓની હત્યા અને લાપતા થવાની ઘટના અટકવાનું નામ નથી લેતી. ગયા અઠવાડિયે કેલિફોર્નિયામાં ૨૩ વર્ષની વધુ એક વિદ્યાર્થિની લાપતા થઈ હોવાના સમાચાર છે. કેલિફોર્નિયા પોલીસે આ સંદર્ભમાં એક યાદી બહાર પાડીને ભારતીય વિદ્યાર્થિનીને શોધવામાં મદદ કરવા અમેરિકી નાગરિકોને વિનંતી કરી છે.

પોલીસે જણાવ્યું કે, કેલિફોર્નિયા સ્ટેટ યુનિવર્સિટી સેન બર્નાર્ડિનોની વિદ્યાર્થિની નિતિશા કંડુલા ૨૮ મેએ લાપતા થઈ છે. યુનિવર્સિટીના પોલીસ વડા જ્હોન ગુટરેજે ગઈકાલે રવિવારે એક્સ હેન્ડલ ઉપર માહિતી આપી કે, નિતિશા છેલ્લે લોસ એન્જેલસમાં જોવા મળી હતી અને ત્યારબાદ ૩૦ મેથી તે લાપતા હોવાનું જાણવા મળે છે. પોલીસે નિતિશા વિશે કોઈ જાણકારી મળે તો તે આપવા માટે એક ટેલિફોન નંબર પણ જારી કર્યો છે. અમેરિકામાં ચાલુ વર્ષના પ્રથમ પાંચ મહિનાના ગાળામાં ઓછામાં ઓછા સાત વિદ્યાર્થી મૃત્યુ પામ્યા છે. તેમાંથી કેટલાક વિદ્યાર્થી આ જ રીતે લાપતા થયા હતા અને છેવટે થોડા દિવસ બાદ તેમના મૃતદેહ મળી આવ્યા હતા.

સૌપ્રથમ જાન્યુઆરી ૨૦૨૪માં ઓહાયોમાં લિન્ડનર સ્કૂલ ઑફ બિઝનેસના વિદ્યાર્થી શ્રેયસ રેડ્ડીનો મૃતદેહ મળ્યો હતો. એ જ મહિનામાં પર્ડ્યુ યુનિવર્સિટીનો વિદ્યાર્થી નીલ આચાર્ય લાપતા થયો હતો અને છેવટે થોડા દિવસ પછી તેના મૃત્યુના સમાચાર મળ્યા હતા. ફેબ્રુઆરી ૨૦૨૪માં આવી ઓછામાં ઓછા ચાર ઘટના બની હતી. બીજી ફેબ્રુઆરીએ વૉશિંગ્ટનમાં એક રેસ્ટોરાંની બહાર ભારતીય મૂળના આઈટી એક્ઝિક્યુટિવ વિવેક તનેજા ઉપર હુમલો થયો હતો. આ હુમલો તેમના માટે જીવલેણ સાબિત થયો હતો. જ્યારે પાંચમી ફેબ્રુઆરીએ ઈન્ડિયાનામાં ભારતીય મૂળના વિદ્યાર્થી સમીર કામથનો મૃતદેહ મળી આવ્યો હતો. સમીર કામથ પણ પર્ડ્યુ યુનિવર્સિટી નો જ વિદ્યાર્થી હતો. એ જ પ્રમાણે ઈલિનોય યુનિવર્સિટીમાં ભણતા અકુલ ધવનનું પણ અકાળ મૃત્યુ થયું હોવાના અહેવાલ ફેબ્રુઆરીમાં મળ્યા હતા. ત્યારપછી માર્ચમાં અભિજીત પારુચુરના મૃત્યુના અહેવાલ પણ આવ્યા હતા.

### મિસાઈલ પ્રોજેક્ટ્સમાં નિશાંત સામેલ હતો

# બ્રહ્મોસ મિસાઈલના પૂર્વ એન્જિનિયરને જન્મટીપની સજા

। (એજન્સી) નાગપુર, તા.૪ ।

બ્રહ્મોસ એરોસ્પેસના પૂર્વ એન્જિનિયર નિશાંત અગ્રવાલને નાગપુર કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. તેના પર પાકિસ્તાનની ઈન્ટેલિજન્સ એજન્સી ISI માટે જાસૂસી કરવાનો આરોપ છે. નિશાંત અગ્રવાલની ૨૦૧૮માં બ્રહ્મોસ મિસાઈલની માહિતી પાકિસ્તાનની ઈન્ટેલિજન્સ એજન્સી ISIને લીક કરવા બદલ ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્ર એટીએસ અને મિલિટરી ઈન્ટેલિજન્સ દ્વારા ૨૦૧૮ માં નાગપુર નજીક ધરપકડ કરવામાં આવી હતી. નિશાંત અગ્રવાલ બ્રહ્મોસ એરોસ્પેસમાં સિનિયર સિસ્ટમ એન્જિનિયર હતો અને મિસાઈલ પ્રોજેક્ટ્સમાં પણ સામેલ હતો. બ્રહ્મોસ એરોસ્પેસ ભારત અને રશિયા વચ્ચેનું સંયુક્ત સાહસ છે, જે બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ વિકસાવે છે. નિશાંતે તેની વિશેષતાઓ અને ટેકનીકલ કુશળતાના કારણે બ્રહ્મોસ એરોસ્પેસમાં ઘણા મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ પર કામ કર્યું છે. નિશાંત અગ્રવાલે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (IIT) રોપડમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં ગ્રેજ્યુએશન કર્યું છે. આ પછી તેણે બ્રહ્મોસ એરોસ્પેસમાં એન્જિનિયર તરીકે કામ કરવાનું શરૂ કર્યું હતું. જેની કુશળતાના કારણે ખૂબ જ ઓછા સમયમાં બ્રહ્મોસ એરોસ્પેસમાં મહત્વપૂર્ણ હોદ્દા પર બઢતી મળી ગઈ અને મિસાઈલ પ્રોજેક્ટ્સ પર કામ કરતી ટીમનો મહત્વનો સભ્ય બની ગયો હતો. ધરપકડ બાદ નિશાંત અગ્રવાલને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો હતો. તેની સામે આઈટી એક્ટ અને ઓફિશિયલ સિક્રેટ એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. તપાસ એજન્સીઓએ તેના કોમ્પ્યુટર અને અન્ય ડીજીટલ ડિવાઈસની તપાસ કરી અને સંવેદનશીલ ડેટા ટ્રાન્સફર થયો હોવાનું જાણવા મળ્યાનો દાવો કર્યો છે.

### પથી ૬ જૂથોમાં આ આતંકીઓને ભારતમાં ઘુસાડવા પ્રયાસ કરશે

# કાશ્મીર સરહદે અંકુશ રેખા નજીક ૭૦ આતંકી ઘૂસણખોરીની ફિરાકમાં : ડીજીપી

### આ પ્રયાસોનો સામનો કરવામાં કેટલીક સફળતાનો સ્વીકાર કરતી વખતે સ્વૈને કહ્યું કે ખતરો હજુ પણ છે

। (એજન્સી) શ્રીનગર, તા.૪ ।



જમ્મુ કાશ્મીરમાં નિયંત્રણ રેખા નજીક પાકિસ્તાન એક મોટું ષડયંત્ર રચી રહ્યું છે. જેમાં ૭૦ આતંકીઓ ભારતમાં ઘૂસણખોરીની ફિરાકમાં હોવાની માહિતી સામે આવી છે. જમ્મુ-કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક રશ્મિ રંજન સ્વૈને જણાવ્યું હતું કે ૭૦ આતંકવાદીઓ નિયંત્રણ રેખા પર સ્થિત લૉન્ચ પેડ પર સક્રિય છે.

જે ભારતમાં ઘૂસણખોરી કરવાની યોજના બનાવી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે હાલમાં ભારતીય સુરક્ષા જવાનોની પ્રતિબદ્ધતાને કારણે દુશ્મન માટે સફળ થવું ખૂબ મુશ્કેલ છે. હાલ સુરક્ષા વ્યવસ્થા માટે ડ્રોન સહિતની ટેક્નોલોજીના લીધે મોનીટરીંગ સઘન બન્યું છે.જમ્મુ અને કાશ્મીર પોલીસ અને ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ નો બેવડો હવાલો સંભાળતા સ્વૈને કહ્યું, કે સુરક્ષા એજન્સીઓ સાથેની બેઠકમાં સામાન્ય રીતે એ નિષ્કર્ષ પર આવ્યા છીએ પાકિસ્તાન આતંકીઓ અને સામગ્રી હજુ પણ મોકલી રહ્યું છે. તેમણે આ વિસ્તારમાં પશ્ચિમી પડોશી દેશના વિદેશી આતંકવાદીઓની હાજરીનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ પ્રયાસોનો સામનો કરવામાં કેટલીક સફળતાનો સ્વીકાર કરતી વખતે સ્વૈને કહ્યું કે ખતરો હજુ પણ છે. તેમણે કહ્યું હતું કે પ્રદેશને અસ્થિર કરવાની દુશ્મનની ક્ષમતાને વધુ ઘટાડવા માટે સતત પ્રયત્નોની જરૂર છે. તેમણે કહ્યું, હું કહીશ કે દુશ્મનના ઈરાદો એક જ છે. તેઓની ક્ષમતા ચોક્કસપણે ઓછી થઈ છે. પરંતુ ક્યારેક-ક્યારેક સિસ્ટમને તોડવાની અને અસ્થિર કરવાની ક્ષમતા હજી પણ છે.

ડીજીપી સ્વૈને કહ્યું કે કોઈ પણ સમયે પાકિસ્તાન અલગ અલગ સ્થાનો પરથી પાંચ કે છના જૂથમાં ૭૦ આતંકીઓને મોકલવાની રાહ જોઈ રહ્યું છે.તેમણે ડ્રોનને તોડી પાડવાના મુદ્દે જણાવ્યું કે આ એક નોંધપાત્ર પડકાર છે કારણ કે તે હથિયારો, દારૂગોળો, વિસ્ફોટકો, રોકડ અને નાર્કોટિક્સની દાણચોરીને સુગમ બનાવે છે. તેમણે કહ્યું કે આ ખતરા સામે લડવામાં પ્રગતિ થઈ છે. પરંતુ આ પ્રવૃત્તિઓને સંપૂર્ણપણે નાબૂદ કરવા માટે સતત તકેદારી જરૂરી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ખાસ કરીને ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ ધ્યાન રાખવાની જરૂર છે. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. આજે તમે તમારા કોઈ વાયદા ને પૂરો નહિ કરી શકો જેના લીધે તમારો પ્રેમી ગુસ્સે થયી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. જો તમને લાગે છે કે તમારો પ્રિયતમ તમારી વાત સમજી શકતો નથી, તો આજે તેમની સાથે સમય પસાર કરો અને સ્પષ્ટપણે તમારી વસ્તુઓ તેમની સામે મુકો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. બાળકો તમારૂં ધ્યાન માગે છે પણ બદલામાં ખુશીઓ આપે છે. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો. આજે તમારી કલાત્મક તથા રચનાત્મક આવડત લોકોની સરાહના આકર્ષશે તથા તમને અપેક્ષાથી વધારે વળતર અપાવશે.

**કર્ક (ડ,હ) :**

આજે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. પ્રેમની ઊર્જા તમને પ્રેમ કરવાનું કારણ આપે છે. તમારી અપેક્ષા મુજબ કામ ન કરવા બદલ તમે તમારા હાથ નીચેના લોકોથી ખાસ્સા નારાજ થાવ તેવી શક્યતા છે.

**સિંહ (મ,ટ) :**

આજે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. આજે તમારા માતા પિતામાં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે? જો તમે દરેકની માગનું ધ્યાન રાખવા જસો તો તમે આજે અનેક વિવધ દિશાઓમાં વહેંચાયેલા રહેશો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. તમે જો ઑફિસમાં વધારાનો સમય વિતાવશો તો તેની અસર તમારા ગૃહજીવન પર પડશે. મોજ-મજા માટે તમે કોઈ ટ્રીપ પર જાવ એવી શક્યતા છે, જે તમારામાં શક્તિનો સંચાર કરશે તથા તમને જુસ્સાથી ભરી મુકશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. તમે જો વધારે પડતા દયાળુપણ વર્તશો તો-તમારી નિકટના લોકો તમારો ગેરફાયદો ઉપાડશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે દાંતનો દુખાવો અથવા પેટમાં ગરબડ તમારી માટે સમસ્યા સર્જી શકે છે. તરત રાહત મેળવવા માટે ફિઝિશિયનની સલાહ લો. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. તમારા જીવનસાથીની તબિયત તાણ તથા બેચેનીનું કારણ બની શકે છે. કોઈ ત્રીજી વ્યક્તિની દખલ તમારા અને તમારા પ્રિયપાત્ર વચ્ચે ઘર્ષણ પેદા કરશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે કોઈક સંતપુરુષનાં આશિષ તમને માનસિક શાંતિ આપશે. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. આજે ઘરે તમારાથી કોઈની પણ લાગણી ન દુભાય તેની કાળજી રાખજો અને તમારા પરિવારની જરૂરિયાતોને અનુકુળ થજો. તમે એક જગ્યાએ ઊભા હશો અને પ્રેમ તમને બીજા જ વિશ્વમાં ખેંચી જશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે. મિત્રો તમને સહકાર આપનારા જણાશે-પણ તમે જે બોલો છો તે અંગે તકેદારી રાખજો. રોમાન્સ રોમાંચક હશે-આથી તમે જેને પ્રેમ કરો છો એવી વ્યક્તિનો સંપર્ક કરો અને દિવસને શ્રેષ્ઠ બનાવો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો. કામનું દબા તમારા મગજને ઘેરી વળશે.

## બંગાળના રાજ્યપાલે ઈમેલ અને હેલ્પલાઈન નંબર જાહેર કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

લોકસભા ચૂંટણીના પરિણામોની જાહેરાત દરમિયાન સંભવિત હિંસાને ધ્યાનમાં રાખીને બંગાળના રાજ્યપાલે હેલ્પલાઈન નંબર અને ઈમેલ જારી કર્યો છે. પશ્ચિમ બંગાળના રાજ્યપાલ ડૉ.સી.વી. આનંદ બોઝે મતદાન પછીની કોઈપણ હિંસાનો સામનો કરવા માટે એક નવું પોર્ટલ, જન મંચ શરૂ કર્યું. બંગાળનો કોઈપણ પીડિત નાગરિક ઈમેલ દ્વારા સીધો રાજ્યપાલનો સંપર્ક કરી શકે છેઃ Janmanch.rajbhavankolkata@gmail.com અથવા ટેલિફોનઃ ૦૩૩-૨૨૦૦૧૬૪૧. રાજ્યપાલે મુશ્કેલીમાં રહેલા લોકોને તાત્કાલિક મદદ પૂરી પાડવા માટે ક્વિક રિસ્પોન્સ ટીમની પણ રચના કરી છે. તેમણે કહ્યું કે જરૂરિયાતમંદ લોકોને રહેવા અને પરિવહનની સુવિધા પણ આપવામાં આવશે. રાજ્યપાલે તમામ લોકોને સંયમ રાખવા અને બદમાશો દ્વારા શાંતિ ભંગ કરવા અથવા સંભવિત હિંસા અંગેની કોઈપણ માહિતી રાજભવનને જાણ કરવા અપીલ કરી છે. પશ્ચિમ બંગાળમાં એનડીએને ૨૬થી ૩૧ બેઠકો મળશે.પશ્ચિમ બંગાળમાં, એક્ઝિટ પોલમાં આગાહી કરવામાં આવી છે કે એનડીએને ૪૬ ટકા વોટ મળશે, ટીએમસીને ૪૦ ટકા વોટ મળશે અને કોંગ્રેસ-ડાબેરીઓને ૧૨ ટકા વોટ મળશે. ઈન્ડિયા ટુડે એક્સિસ માય ઈન્ડિયા એક્ઝિટ પોલ અનુસાર એનડીએને ૨૬થી ૩૧ બેઠકો મળવાની ધારણા છે. ટીએમસીને ૧૧ થી ૧૪ બેઠકો મળવાની ધારણા છે અને ઈન્ડિયા બ્લોકને શૂન્યથી બે બેઠકો મળવાની ધારણા છે.હોટ સીટની વાત કરીએ તો અધીર રંજન ચૌધરી કોંગ્રેસની ટિકિટ પર બહેરામ પુર સીટથી મેદાનમાં છે અને પૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણ ટીએમસીની ટિકિટ પર મેદાનમાં છે. આ બેઠક પર ત્રિકોણીય મુકાબલો છે. આ બેઠક પર ભાજપ પણ ચૂંટણી લડી રહ્યો છે. બસીરહાટ લોકસભા મતવિસ્તાર કે જેમાં સંદેશખાલી આવે છે તેના પર પણ સ્પર્ધા કઠીન છે.

## પાકિસ્તાનની કોર્ટમાંથી ઈમરાન ખાનને મોટી રાહત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

પાકિસ્તાનની કોર્ટે પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનને મોટી રાહત આપી છે. સોમવારે કોર્ટે ઈમરાન અને તેના વિદેશ મંત્રી શાહ મહમૂદ કુરેશીને સિફર કેસમાં નિર્દોષ જાહેર કર્યા હતા. જાન્યુઆરીમાં, ઈસ્લામાબાદની વિશેષ અદાલતે સત્તાવાર રહસ્યો ધારા હેઠળ રચાયેલી સાઈફર કેસમાં ઈમરાન અને કુરેશીને ૧૦ વર્ષની જેલની સજા ફટકારી હતી. સાયફર કેસ એક એવી ઘટનાથી સંબંધિત છે જેમાં ભૂતપૂર્વ વડા પ્રધાને ઈસ્લામાબાદમાં જાહેર રેલીમાં કાગળનો ટુકડો બતાવ્યો હતો. એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે પેપરમાં તેમની સરકાર વિરુદ્ધ વિદેશી શક્તિ દ્વારા ષડયંત્રના પુરાવા છે, જેમાં અમેરિકન રાજદ્વારી ડોનાલ્ડ લુનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જે સાયફર કેસના કેન્દ્રમાં છે. બાદમાં વર્તમાન સત્તાધારી પક્ષોએ ઈમરાન પર ગોપનીય દસ્તાવેજો લીક કરવાનો આરોપ લગાવ્યો હતો.ઈમરાન ખાને સત્તા ગુમાવ્યાના બે અઠવાડિયા પહેલા એક રેલીમાં વગીકૃત દસ્તાવેજ લહેરાવ્યો હતો. ઈમરાન ખાને એપ્રિલ ૨૦૨૨માં સંસદમાં વિશ્વાસ મત ગુમાવ્યા બાદ વડાપ્રધાન પદ પરથી હટી જવું પડ્યું હતું. ઈમરાન ખાન અને મહમૂદ કુરેશી બંનેએ વિશેષ અદાલતના નિર્ણયને ઈસ્લામાબાદ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. આ અરજી પર સોમવારે હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી અને કોર્ટે તેની સજાને સ્થગિત કરી હતી. કોર્ટે તેમની મુક્તિનો આદેશ પણ આપ્યો હતો.

### IMDએ દેશના હવામાન પર આ માહિતી આપી

# ઉત્તરપ્રદેશ-બિહારથી રાજસ્થાન સુધી હીટવેવનું એલર્ટ જારી

### પંજાબ, હરિયાણા, દિલ્હી, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ઓડિશા, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢના વિવિધ વિસ્તારોમાં ગરમીની લહેર આવવાની સંભાવના

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ઉત્તર ભારતના ઘણા રાજ્યો આ દિવસોમાં ભારે ગરમીની ઝપેટમાં છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે એટલે કે ૪ જૂને ચૂંટણીના ઉત્સાહ વચ્ચે ઉત્તર પ્રદેશ, પશ્ચિમ રાજસ્થાન, બિહાર, ઝારખંડ, હરિયાણા, દિલ્હી અને ઓડિશાના કેટલાક ભાગોમાં ગરમીનું મોજું યથાવત રહેવાની સંભાવના છે. તે જ સમયે, કેરળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને પશ્ચિમ બંગાળમાં ચોમાસાનો વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે. દિલ્હીમાં આ દિવસોમાં ભારે ગરમી છે અને દિવસનું તાપમાન ૪૪ ડિગ્રીની આસપાસ છે. હવામાન વિભાગ (IMD) એ આજે એટલે કે ૪ જૂને દિલ્હીમાં ઝરમર વરસાદની આગાહી કરી છે. આ સમયગાળા દરમિયાન જોરદાર પવન ચાલુ રહેવાની ધારણા છે. IMD અનુસાર, આ સમગ્ર સપ્તાહમાં દિલ્હીનું મહત્તમ તાપમાન ૪૨ થી ૪૪ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની સંભાવના છે અને લઘુત્તમ તાપમાન ૨૯ થી ૩૧ ડિગ્રી



સેલ્સિયસની વચ્ચે રહેવાની સંભાવના છે.હવામાનની આગાહી કરતી એજન્સી સ્કાયમેટ અનુસાર, આગામી ૨૪ કલાક દરમિયાન પૂર્વોત્તર ભારત, તમિલનાડુ, કર્ણાટક, સિક્કિમ અને મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની સાથે કેટલાક સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે. જ્યારે કેરળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, આંદામાન અને નિકોબાર ટાપુઓ, લક્ષદ્વીપ, ઓડિશાના કેટલાક ભાગો, છત્તીસગઢ અને પશ્ચિમ બંગાળના ગંગાના મેદાનોમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. આ ઉપરાંત દક્ષિણ મધ્યપ્રદેશ, દક્ષિણ ગુજરાત, પંજાબના કેટલાક ભાગો, હરિયાણા, પશ્ચિમી ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ હિમાલયમાં હળવો વરસાદ પડી શકે છે. પંજાબ, હરિયાણા, દિલ્હી, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ઓડિશા, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢના વિવિધ વિસ્તારોમાં ગરમીની લહેર આવવાની સંભાવના છે.હવામાનની આગાહી કરતી એજન્સી સ્કાયમેટના જણાવ્યા અનુસાર, આગામી ૨ દિવસમાં મધ્ય અરબી સમુદ્ર, કર્ણાટક, રાયલસીમા, તટીય આંધ્રપ્રદેશ, પશ્ચિમ મધ્ય અને ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડીના કેટલાક વધુ ભાગોમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસું આગળ વધવા માટે સ્થિતિ અનુકૂળ છે. તે જ સમયે, પૂર્વ મધ્ય બંગાળની ખાડી પર સમુદ્ર સપાટીથી ૩.૧ થી ૫.૮ કિલોમીટર ઉપર ચક્રવાતી પરિભ્રમણ રચાય છે, જે દક્ષિણ-પશ્ચિમ તરફ વળેલું છે.

### મુખ્યમંત્રીએ પ્રતિક્રિયા આપી

## સુકમામાં ૧૭ લાખના ઈનામ સાથે પાંચ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું

। (એજન્સી) છત્તીસગઢ, તા.૪ ।

છત્તીસગઢના સુકમામાં સોમવારે પાંચ નક્સલવાદીઓએ આત્મ સમર્પણ કર્યું હતું. આમાં એક કપલ પણ સામેલ છે. તેના પર કુલ ૧૭ લાખ રૂપિયાનું ઈનામ હતું. પોલીસ અધિકારીએ કહ્યું કે તેણે સુરક્ષા દળો સમક્ષ આત્મ સમર્પણ કર્યું. તેણે કહ્યું કે તે અમાનવીય અને પોકળ માઓવાદી વિચારધારાથી નિરાશ છે. તે જ સમયે, મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાંઈએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને તેમનું સ્વાગત કર્યું છે.સુકમાના પોલીસ અધિક્ષક કિરણ ચવ્હાણે જણાવ્યું હતું કે આત્મસમર્પણ કરનારા પાંચ નક્સલવાદીઓની ઓળખ મડકમ પાંડુ, તેની પત્ની રાવા ભીમે, તાતી/મડકમ માસા, કોમરામ દુલા અને મુકા સોઢી ઉર્ફે શેખર તરીકે કરવામાં આવી છે. પાંડુ પર ૮ લાખ રૂપિયાનું ઈનામ હતું. તેઓ પીપલ્સ લિબરેશન ગેરિલા આમી (PLGA) બટાલિયન નંબર ૧ સપ્લાય ટીમના ડેપ્યુટી કમાન્ડર અને પીપલ્સ પાટી કમિટી મેમ્બર (PPCM) પણ હતા. એસપીએ વધુમાં જણાવ્યું કે તેની પત્ની ભીમ પ્રતિબંધિત નક્સલવાદી સંગઠનની પીએલજીએ સભ્ય હતી, જેના પર ૧ લાખ રૂપિયાનું ઈનામ હતું. ચવ્હાણે જણાવ્યું હતું કે માસા પાલમેડ એરિયા કમિટી મેમ્બર/એરિયા મેડિકલ ટીમના ઈન્ચાર્જ/એરિયા કમિટી મેમ્બર (ACM) હતા, જેના પર ૫ લાખ રૂપિયાનું ઈનામ હતું. પ્લાટૂન નંબર ૧૦ 'બી' દુલાના સેક્શન કમાન્ડર પર ૨ લાખ રૂપિયાનું ઈનામ હતું.શેખર પર ૧ લાખ રૂપિયાનું ઈનામ હતું અને તે દક્ષિણ સબ-ઝોનલ બ્યુરો પ્રેસ ટીમ/પાટીનો સભ્ય હતો. તેણે જણાવ્યું કે પાંચેય લોકો ઘણી હિંસક ઘટનાઓમાં સામેલ હતા. તેમને રાજ્ય સરકારની શરણાગતિ અને પુનર્વસન નીતિ મુજબ સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે.

### સેલ્ફી લેતી વખતે પગ લપસી ગયો...

## ઉત્તર પ્રદેશની બે મહિલાઓના બિયાસ નદીમાં ડૂબી જવાથી મોત

। (એજન્સી) મનાલી, તા.૪ ।

ઉત્તર પ્રદેશની બે મહિલાઓ મનાલીમાં બિયાસ નદી પાસે સેલ્ફી લઈ રહી હતી. બંનેનો પગ લપસી જતાં બિયાસ નદીમાં ડૂબી જતાં બંનેના મોત થયા હતા. પોલીસનું કહેવું છે કે ઉત્તર પ્રદેશના બાગપતની રહેવાસી આંચલનો મૃતદેહ ઘટના સ્થળથી થોડે દૂરથી મળી આવ્યો હતો અને તેને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. બીજી મહિલાને શોધવા માટે બચાવ કામગીરી ચાલી રહી છે. હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લામાં સેલ્ફી લેતી વખતે બે મહિલાઓ બિયાસ નદીમાં પડી ગઈ અને બંનેના મોત થયા. માહિતી મળતાં પોલીસ પહોંચી હતી અને ઘટનાસ્થળથી થોડે દૂર એક મૃતદેહ બહાર કાઢ્યો હતો. પોલીસનું કહેવું છે કે મનાલીની પોલીસ ટીમ ઘટનાસ્થળેથી બીજી મહિલાને શોધવા માટે શોધ અને બચાવ અભિયાન ચલાવી રહી છે. તે મૃતદેહ પણ ટૂંક સમયમાં મળી જશે. મળતી માહિતી મુજબ, ઉત્તર પ્રદેશની બે મહિલાઓ મનાલીમાં બિયાસ નદી પાસે સેલ્ફી લઈ રહી હતી. આ દરમિયાન બંને પગ લપસી જવાથી બિયાસ નદીમાં ડૂબી ગયા હતા. પ્રત્યક્ષદશીઓના જણાવ્યા અનુસાર, આંચલ (૧૭) અને મીનુ (૨૪) તેમના પરિવાર સાથે મનાલી આવ્યા હતા. મનાલીથી લગભગ ૨ કિમી દૂર વશિષ્ઠ મોડ પાસે એક ખડક પર સેલ્ફી લેતી વખતે તે અકસ્માતે નદીમાં લપસી ગઈ હતી.પોલીસે જણાવ્યું કે ઉત્તર પ્રદેશના બાગપતની રહેવાસી આંચલનો મૃતદેહ ઘટનાસ્થળેથી થોડે દૂરથી મળી આવ્યો હતો અને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. મનાલીના ડીએસપી ડી શર્માએ જણાવ્યું હતું કે મનાલીથી પોલીસની એક ટીમ ઘટનાસ્થળે છે અને બીજી મહિલાને શોધી કાઢવા માટે બચાવ કામગીરી ચાલુ છે.

## 'નીરવ મોદી, મેહુલ ચોક્સી અને વિજય માલ્યા ભાગ્યા કારણ કે...'

### અબજો રૂપિયાનું કૌભાંડ કરીને ભારત છોડીને ભાગી ગયેલા ઉદ્યોગપતિ નીરવ મોદી, મેહુલ ચોક્સી અને વિજય માલ્યા પર વિશેષ અદાલતે કડક ટિપ્પણી કરી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

અબજો રૂપિયાનું કૌભાંડ કરીને ભારત છોડીને ભાગી ગયેલા ઉદ્યોગપતિ નીરવ મોદી, મેહુલ ચોક્સી અને વિજય માલ્યા પર વિશેષ અદાલતે કડક ટિપ્પણી કરી છે. મુંબઈ સ્પેશિયલ કોર્ટે કહ્યું કે નીરવ મોદી, મેહુલ ચોક્સી અને વિજય માલ્યા ભાગી શકે છે કારણ કે EDએ તેમની સમયસર ધરપકડ કરી નથી. સ્પેશિયલ જજ એમજી દેશપાંડેએ મની લોન્ડરિંગ કેસમાં એક આરોપીની જામીન અરજી પર સુનાવણી કરતી વખતે આ ટિપ્પણી કરી હતી. આરોપીએ પોતાની જામીનની શરતોમાં સુધારો કરવાની માગણી કરતી અરજી કરી હતી. મની લોન્ડરિંગના આરોપી વ્યોમેશ શાહે વિદેશ જતા પહેલા કોર્ટમાંથી મંજૂરી લેવાની જામીનની શરત દૂર કરવાની માંગ કરી હતી. કોર્ટે ૨૯ મેના રોજ આરોપીની અરજી સ્વીકારી હતી. જ્યારે કોર્ટે આરોપીની અરજી સ્વીકારી ત્યારે EDએ તેનો વિરોધ કર્યો અને દલીલ કરી કે તેનાથી નીરવ મોદી, વિજય માલ્યા અને મેહુલ ચોક્સી જેવી સ્થિતિ સર્જાશે. EDની આ દલીલને ફગાવી દેતા ન્યાયાધીશ દેશપાંડેએ કહ્યું કે આ તમામ લોકોની સમયસર ધરપકડ થઈ શકી નથી. કોર્ટે કહ્યું કે વ્યોમેશ શાહ સમન્સ પર કોર્ટમાં હાજર થયા, જામીન લીધા અને વિદેશ જવા માટે ઘણી વખત અરજી કરી. તેમણે કહ્યું કે શાહના કેસની તુલના નીરવ મોદી, વિજય માલ્યા અને મેહુલ ચોક્સી સાથે કરી શકાય નહીં.નીરવ મોદી અને તેના કાકા મેહુલ ચોક્સી કરોડો રૂપિયાના PNB કૌભાંડના મુખ્ય આરોપી છે. આ કૌભાંડ ૧૩,૫૦૦ કરોડ રૂપિયાથી વધુનું છે. નીરવ મોદી હાલમાં બ્રિટનની જેલમાં સજા કાપી રહ્યો છે. દરમિયાન મેહુલ ચોક્સી એન્ટીગુઆમાં રહે છે. જ્યારે વિજય માલ્યા રૂ. ૯૦૦૦ કરોડથી વધુની છેતરપિંડીના કેસમાં મુખ્ય આરોપી છે, જેની તપાસ ED અને CBI દ્વારા કરવામાં આવી રહી છે. વિજય માલ્યા ૮ વર્ષ પહેલા ભારત ભાગી ગયો હતો જ્યારે નીરવ મોદી અને મેહુલ ચોક્સી ૬ વર્ષ પહેલા ભારત છોડીને ભાગી ગયા હતા.

### પનવેલના ફાર્મ હાઉસના દરવાજે સલમાનને મળવાની જિદ સાથે યુવતીની ધમાલ

# ૫૮ વર્ષના સલમાન સાથે પરણવા હોબાળો કરનારી ૨૪ વર્ષની યુવતીને પોલીસે પકડી

### ૫૮ વર્ષના દબંગ સ્ટાર સાથે લગ્નની જિદ કરનારી યુવતીને સમજાવીને પાછી મોકલવાના પ્રયાસ નિષ્ફળ જતાં પોલીસ બોલાવવી પડી હતી

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।

મુંબઈમાં સલમાન ખાનના ગેલેક્સી એપાર્ટમેન્ટની બહાર ફાયરિંગની ઘટના પછી વધુ એક કિસ્સો ચર્ચામાં આવ્યો છે. પનવેલ ખાતે આવેલા સલમાન ખાનના ફાર્મહાઉસની બહાર એક યુવતી પહોંચી ગઈ હતી અને સલમાન સાથે પરણવાની જિદ પકડી આ યુવતીએ ધમાલ મચાવી હતી.



૫૮ વર્ષના દબંગ સ્ટાર સાથે લગ્નની જિદ કરનારી યુવતીને સમજાવીને પાછી મોકલવાના પ્રયાસ નિષ્ફળ જતાં પોલીસ બોલાવવી પડી હતી. પોલીસે ૨૪ વષીય યુવતીની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. સલમાન ખાન હાલ અનંત અંબાણી અને રાધિક મર્ચન્ટની બીજી પ્રી-વેડિંગ પાટી માટે ઈટાલીમાં છે, પરંતુ આ હકીકતથી અજાણ યુવતી પનવેલ ખાતે સલમાનના ફાર્મ હાઉસ પર પહોંચી ગઈ હતી. દિલ્હીની આ યુવતી સલમાનને મળવાની જિદ પકડી દરવાજા પર ઊભી રહી ગઈ હતી. તેને સમજાવીને પાછી મોકલવામાં આવી હતી, પરંતુ તે વારંવાર ફાર્મ હાઉસ ફરતે આંટા મારતી હતી. સલમાન સાથે લગ્ન કરવાની જિદ પકડીને યુવતીએ ધમાલ મચાવી હતી.

ગામના લોકોએ યુવતીની કરતૂતોનો વીડિયો ઉતાર્યો હતો. જેમા યુવતી પોતાને સલમાનની ચાહક ગણાવે છે અને તેની સાથે લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરે છે. યુવતીને સમજાવવાના પ્રયાસ નિષ્ફળ રહેતા ગામ લોકોએ પનવેલ તાલુકા પોલીસને બોલાવી હતી. સલમાન ખાનને સાંકળતી ઘટના હોવાથી પોલીસ તરત સ્થળ પર આવી ગઈ હતી અને યુવતીની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### ગોંડલમાં પ્રેમલગ્ન કરનાર યુગલને મળી તાલિબાની સજા

## યુવતીના પરિવારજનોએ સરાજાહેર માર્યો ઢોર માર

। (એજન્સી) ગોંડલ, તા.૪ ।

કહેવામાં તો આપણે ૨૧મી સદીમાં જીવી રહ્યા છે. વિકાસના મામલે ભારત વિશ્વમાં હરણફાળ ભરી રહ્યું છે. પરંતુ, તેમ છતાં "પ્રેમ લગ્નો" બાબતે આજે પણ કેટલાંક લોકોની માનસિકતા ખૂબ જ પછાત જોવા મળે છે. જેનો ભોગ બને છે. નિર્દોષ યુગલો ! હચમચાવના દૃશ્યો રાજકોટના ગોંડલ જિલ્લાના મોવિયા ગામેથી સામે આવી રહ્યા છે. અહીં રસ્તાની વચ્ચે જ એક યુગલને ઢોર માર મારવાનો વીડિયો વાયરલ થયો છે. અને સાથે જ તે અનેક સવાલો પણ ઉઠાવી રહ્યો છે. હકીકતમાં થોડાં મહિના પહેલાં જ યુવક અને યુવતીએ પ્રેમ લગ્ન કર્યા હતા. બંન્નેની જ્ઞાતિ અલગ હોઈ પરિવારજનોને આ લગ્ન મંજૂર ન હતા. ત્યારે આ જ મુદ્દે યુવતીના કાકા અને ભાઈઓએ "નવ દંપતી"ને રસ્તા વચ્ચે આંતરીને લાકડીથી ઢોર માર માર્યો. એટલું જ નહીં દીકરીને બળજબરી પૂર્વક ટુવ્હીલર પર બેસાડવાનો પ્રયત્ન કરાઈ રહ્યો હોય અને દીકરી માની ન રહી હોય તેવાં દૃશ્યો પણ કેમેરામાં કેદ થયા છે. પછાત માનસિકતા ધરાવતા પરિવારજનોએ દીકરીને પણ ન છોડી અને તેને બેરહેમી પૂર્વક મારતા રહ્યા. અહીં મુદ્દો એ પણ છે કે ઘટના સમયે ત્યાં હાજર એકપણ વ્યક્તિએ દરમિયાનગીરી કરી યુગલની મદદ ન કરી.

**વિશેષ** — ઘણી વખત ઈલિગલ કામો માટે વોટ્સએપ વપરાય છે અને તેની જાણકારી મેળવવી વોટસએપ માટે બહુ આવશ્યક છે

# વોટ્સએપે ૭૨ લાખ ભારતીય યુઝર્સ ઉપર પ્રતિબંધ મૂક્યો

। નવી દિલ્હી ।

ભારતમાં ઉરક્ષ્ંજર્છંનો ઉપયોગ એટલો બધો વધી ગયો છે કે આખો દિવસ ફોન ન કરો તો ચાલે, પરંતુ વોટ્સએપ દ્વારા સેંકડો લોકો સાથે આપણે દરેક પળે સંપર્કમાં રહીએ છીએ. જોકે, ભારતમાં વોટ્સએપના ઉપયોગની શરતોનું પાલન નથી થતું તેવું કહીને વોટ્સએપે ૭૨ લાખ ભારતીય યુઝર્સ પર પ્રતિબંધ મૂકી દીધો છે. WhatsAppએ ચેતવણી આપી છે કે ભારતીય યુઝર્સ નહીં સુધરે તો બીજા ઘણા યુઝર્સ પર પ્રતિબંધ મૂકાવાની શક્યતા છે.






એપ્રિલ મહિનામાં વોટ્સએપે ૭૨ લાખ ભારતીયો પર પ્રતિબંધ મૂક્યો છે. વોટ્સએપ મશીન લર્નિંગ અને ડેટા એનાલિટિક્સનો ઉપયોગ કરીને પતો લગાવે છે કે કઈ જગ્યાએ શંકાસ્પદ પ્રવૃત્તિ થઈ રહી છે. ત્યાર પછી તેના આધારે તે વ્યક્તિ પર બેન મૂકી દેવાય છે. ભારતમાં વોટ્સએપનો ઉપયોગ કરીને મોટા પ્રમાણમાં સ્કેમ કરવામાં આવે છે જેના કારણે વોટ્સએપે આ પગલાં લેવા પડ્યા છે. દરેક સોશિયલ મીડિયાની જેમ વોટ્સએપની પણ એક પ્રાઈવસી પોલિસી છે પરંતુ સ્કેમર્સ તેનો ભંગ કરીને લોકોને ઉલ્લુ બનાવે છે.

પહેલી એપ્રિલથી લઈને ૩૦ એપ્રિલ વચ્ચે ભારતમાં વોટ્સએપે ૭૧ લાખ ૮૨ હજાર યુઝર્સના એકાઉન્ટ બંધ કરી દીધા હતા. આ એકાઉન્ટ પર બેન મૂકી દેવાયો હતો. તેમાંથી ૧૩ લાખ એકાઉન્ટ એવા હતા જેના માટે કોઈ રિપોર્ટ આવે તે અગાઉ જ બેન કરી દેવાયા હતા. સામાન્ય રીતે કોઈ એકાઉન્ટ લોકોની પ્રાઈવસીની પોલિસીનો ભંગ કરે ત્યારે તેને રિપોર્ટ કરવામાં આવે છે અને પછી તેને પ્રતિબંધિત કરવામાં આવે છે. પરંતુ વોટ્સએપ હવે પ્રોએક્ટિવ બનીને આવા રિપોર્ટની પહેલા જ તેને બેન કરી નાખે છે. વોટ્સએપ મશીન લર્નિંગની સિસ્ટમનો ઉપયોગ કરીને લાખો શંકાસ્પદ એકાઉન્ટને શોધે છે અને તેને બંધ કરી નાખે છે. એપ્રિલ ૨૦૨૪માં ૧૦૫૦૦થી વધારે યુઝર રિપોર્ટ મળ્યા હતા જેમાં એકાઉન્ટ સપોર્ટ, બેન અપીલ, પ્રોડક્ટ સપોર્ટ, સેફ્ટી કન્સર્ન વગેરેને લગતા હતા. છતાં માત્ર ૬ એકાઉન્ટ સામે એક્શન લેવાઈ હતી કારણ કે એક્શન લેતા પહેલાં પણ તમામ ધોરણોનું પાલન કરવામાં આવે છે. ભારતે ૨૦૨૧માં આઈટીના નવા નિયમો ઘડ્યા હતા તેના કારણે પણ વોટ્સએપ માટે લાખો યુઝર્સના એકાઉન્ટને ફ્રીઝ તકકી દેવાનું અને તેને બંધ કરવાનું જરૂરી છે.

વોટસએપને લાગે કે કોઈ એકાઉન્ટ સેફ નથી અને યુઝર્સ માટે સિક્યોરિટીની ચિંતા પેદા કરી શકે છે, તો આવા એકાઉન્ટને બંધ કરી દેવાય છે. આ ઉપરાંત સ્થાનિક કાયદાનો ભંગ થાય તે રીતે વોટ્સએપનો ઉપયોગ થયો હોય અથવા યુઝર્સ દ્વારા આવા એકાઉન્ટને રિપોર્ટ કરવામાં આવે તો તેની સામે પગલાં લેવાય છે. કોઈ વ્યક્તિ વાંધાજનક મેસેજ કરે, ધમકીઓ આપે, ખોટી માહિતી ફેલાવે ત્યારે તેની સામે એક્શન લેવાય છે. તમે કોઈ એકાઉન્ટને બ્લોક કરો અથવા રિપોર્ટ કરો ત્યારે વોટ્સએપની ડિટેક્શન સિસ્ટમમાં તે માહિતી સંગ્રહ થઈ જાય છે. ત્યાર પછી વોટ્સએપ તેના વિશે વધારે ચકાસણી કરે છે અને અંતમાં એકાઉન્ટને બેન કરી દે છે.

ભારતમાં વોટ્સએપનો ઉપયોગ કરીને લોકોને ઘણી વખત છેતરવામાં આવે છે અથવા બ્લેકમેલ પણ કરવામાં આવે છે. એવા ઘણા કેસ બન્યા છે જેમાં વોટ્સએપ થી વીડિયો કોલ કરીને નગ્ન ફોટો મોકલવામાં આવે છે અને પછી લોકોને બ્લેકમેલ કરીને રૂપિયા માગવામાં આવે છે. આવા કિસ્સામાં યુઝર પ્રેશરમાં આવીને રૂપિયા આપી દેતા હોય છે અથવા તો પોલીસ ફરિયાદ પણ કરે છે. આ ઉપરાંત જોબ સ્કેમ માટે પણ વોટ્સએપનો ઉપયોગ થાય છે. બેરોજગારોને અથવા ઘણી વખત પગારદાર લોકોને આ સ્કેમમાં ફસાવાય છે. વિદેશમાં જોબ અપાવવાના નામે ફસાવાય છે અને પછી રૂપિયા પડાવવામાં આવે છે. આવા બધા કારણોથી વોટ્સએપના ખાતા બંધ કરવામાં આવે છે.

# ગાંધીનગર બેઠક પર અમિત શાહની ૭ લાખની લીડથી થઈ વિક્રમી જીત



। (એજન્સી) ગાંધીનગર, તા.૪ ।

ગુજરાતની ગાંધીનગર બેઠક ૩૫ વર્ષથી ભાજપ પાસે છે. અમિત શાહ પહેલા આ સીટ ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીની હતી. આ બેઠક ભાજપની ખૂબ જ સુરક્ષિત બેઠક માનવામાં આવે છે. અડવાણી આ સીટ પરથી ૬ વખત ચૂંટણી જીત્યા છે. આ પછી ૨૦૧૯માં ભાજપે આ સીટ પરથી અમિત શાહને મેદાનમાં ઉતાર્યા હતા. અમિત શાહ બીજી વખત અહીંથી ચૂંટણી લડી હતી. આ વખતે લોકસભા ચૂંટણીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો મુકાબલો કોંગ્રેસની સોનલ પટેલ સાથે થયો હતો. અંતે અમિત શાહે મોટી જીત મેળવી છે.કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અમિત શાહ જાહેર જીવનમાં ૪૦ વર્ષથી સક્રીય છે. અમિત શાહે પોલીંગ બુથ એજન્ટથી લઈ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ સુધીની જવાબદારી નિભાવી છે.જુલાઈ ૨૦૧૪ માં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પદની જવાબદારી અમિત શાહને સોંપાઈ હતી. ૨૦૨૦ સુધી તેઓએ રાષ્ટ્રીય અધ્યક્ષ રહ્યા હતા. ૧૯૮૨માં એબીવીપી ગુજરાતના સહમંત્રી બન્યા હતા. ૧૯૮૪માં અમદાવાદના નારાણપુરામાં પોલીંગ બુથની જવાબદારી નિભાવવાથી રાજકારણમાં આગળ વધવાની શરુઆત કરી હતી.

૧૯૮૦માં તેઓ આરએસએસમાં જોડાયા હતા. વર્ષ ૧૯૯૭માં સરખેજ બેઠક પરથી વિધાનસભાની ચૂંટણી લડી ધારાસભ્ય બન્યા હતા. ૨૦૧૯માં ગાંધીનગર બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડીને સાંસદ તરીકે ચૂંટાયા હતા. વર્ષ ૨૦૦૨ થી ૨૦૧૦ સુધી ગુજરાતના ગૃહ રાજ્યપ્રધાન રહ્યા હતા. ગુજરાત ક્રિકેટ એસોસીએશનના પ્રમુખ પદે પણ અમિત શાહ રહી ચુક્યા છે. તમને જણાવી દઈએ કે, લોકસભા ચૂંટણીના પરિણામો આજે જાહેર થઈ રહ્યા છે. સવારે ૮ વાગ્યાથી મતગણતરી શરૂ થઈ ચુકી છે. દેશમાં સાત તબક્કામાં ચૂંટણી યોજાઈ હતી. પ્રથમ તબક્કા માટે ૧૯ એપ્રિલે મતદાન થયું હતું. ૧ જૂનના રોજ છેલ્લા તબક્કાનું મતદાન થયું હતું. આ વખતે ચૂંટણીમાં મુકાબલો ભાજપની આગેવાની હેઠળના ગઠબંધન એનડીએ અને ૨૫થી વધુ પક્ષોના ગઠબંધન ભારત વચ્ચે છે.

## જૂનાગઢ બેઠક પર રાજેશ ચુડાસમાની સળંગ ત્રીજી જીત

। (એજન્સી) જૂનાગઢ, તા.૪ ।

લોકસભા ચૂંટણીનું આજે પરિણામ જાહેર થયું. જે અંતર્ગત જુનાગઢ લોકસભા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર રાજેશ ચુડાસમાની સતત ત્રીજી વખત જીત હાસીલ થઈ હતી. રાજેશ ચુડાસમાએ પોતાની જીત બાદ જિલ્લાના વિકાસના કામ કરવા એ જ તેનું ડ્રીમ હોવાની વાત જણાવી હતી. જૂનાગઢની કૃષિ યુનિવર્સિટી ખાતે આજે વહેલી સવારથી મતગણતરી શરૂ થઈ હતી. રાજેશ ચુડાસમાએ પોતાની જીત બાદ મતદાતાઓનો આભાર માન્યો હતો અને જિલ્લાના વિકાસના નિરંતર કામો કરવા એ તેનું સપનું હોવાની વાત જણાવી હતી. રાજેશ ચુડાસમા સતત ત્રીજી વખત જૂનાગઢ લોકસભા બેઠક ઉપરથી ચૂંટાયા છે. બીજી તરફ કોંગ્રેસના હીરા જોટવાય પોતાની હાર સ્વીકારી હતી અને પ્રજાના નિર્ણયને શિરોમાન્ય જણાવ્યું હતું. ઉપરાંત હારની સમીક્ષા કરીશું તે વાત પણ તેઓએ જણાવી હતી.. આગામી દિવસોમાં પણ પ્રજાના કામ કરતા રહેશું તેવી વાત હીરા જોટવાએ જણાવી હતી. જૂનાગઢ લોકસભા બેઠક પર કુલ ૧૦ લાખ ૫૭ હજાર મત માંથી ભાજપ ના ઉમેદવાર રાજેશ ચુડાસમાને ૫ લાખ ૭૮ હજાર ૫૧૬ મત મળ્યા.

## અમરેલી સીટ પર ભાજપનાં ભરત સુતરિયાની જીત

। (એજન્સી) અમરેલી, તા.૪ ।

અમરેલી બેઠક સૌરાષ્ટ્રના રાજકારણમાં એપિસેન્ટર બની રહી છે. ગુજરાતની ૨૬ બેઠકો પૈકી અમરેલી લોકસભા બેઠકનું ચિત્ર સ્પષ્ટ થઈ ચૂક્યું છે. અમરેલી બેઠક પર ઉમેદવારની પસંદગીમાં અનેક વિવાદ જોવા મળ્યા હતા. તેમ છતાં ભાજપ માટે માથાનો દુખાવો બનેલી અમરેલી બેઠક પર ભારતીય જનતા પાર્ટી કેસરિયો લહેરાય એવી આશા છે. અમરેલી લોકસભા મતવિસ્તારમાંથી ભાજપના ઉમેદવાર ભરત સુતરીયા ૨,૨૭,૮૩૯ હજાર મતોથી આગળ ચાલી રહ્યા હતા. આ બેઠક પર મત ગણતરી ૧૪ રાઉન્ડ પુરા થઈ ગયા છે. અમરેલીથી ભરત સુતરીયાની જીત નિશ્ચિત છે. અમરેલી લોકસભા બેઠક પર ભાજપ અને કોંગ્રેસ બંનેએ લેઉવા પાટીદારોને મેદાનમાં ઉતાર્યા હતા. ભાજપે ભરત સુતરિયાને અને કોંગ્રેસે મહિલા ઉમેદવાર જેનીબેન ઠુમ્મરને ટિકિટ આપી છે. અમરેલી બેઠક પર ઉમેદવારની પસંદગીમાં અનેક વિવાદ જોવા મળ્યા હતા. ભરત સુતરિયાનું નામ જાહેર થતા જ ભાજપમાં અસંતોષ સામે આવ્યો હતો.

### ક્ષત્રિયોનો પ્રચંડ વિરોધ પણ રૂપાલાના વિજયરથને રોકી ન શક્યો

## રાજકોટથી ભાજપના પરશોત્તમ રૂપાલાની જંગી લીડથી જીત થઈ

। (એજન્સી) રાજકોટ, તા.૪ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ગુજરાતની સૌથી વધુ હોટ સ્પોટ અને ચર્ચાસ્પદ બેઠક રાજકોટથી આખરે ભાજપના પરશોત્તમ રૂપાલાની ૪ લાખથી વધુ મતોથી જીત થઈ છે. ગુજરાતની ૨૬ બેઠકો પૈકી રાજકોટ બેઠક આ વખતે સૌથી વધુ વિવાદમાં અને ચર્ચામાં રહી હતી. પરશોત્તમ રૂપાલાના એક કાર્યક્રમ દરમિયાન ક્ષત્રિયો વિશે કરેલા એક નિવેદન બાદ વિવાદ છેડાયો અને ક્ષત્રિયો નારાજ થઈ ગયા હતા. જે બાદ સમગ્ર રાજ્યમાં ઉકળતા ચરૂ જેવી સ્થિતિનું નિર્માણ થયુ હતુ. રાજ્યભરમાં રૂપાલા સામે વિરોધ શરૂ થયો હતો અને ભાજપ સામે રાજકોટથી ઉમેદવાર



બદલવા માટે દબાણ કરવામાં આવ્યુ હતુ. જો કે ભાજપે એકના બે ન થતા રાજકોટથી ઉમેદવાર બદલ્યા ન હતા. ત્યારે ક્ષત્રિય સંકલન સમિતિએ ભાજપ વિરોધી મતદાન કરવાનું મન બનાવ્યુ હતુ. આ તમામ ઘટનાક્રમ વચ્ચે રૂપાલા ૪ લાખથી વધુ લીડથી આગળ રહ્યા છે. રૂપાલાને ૭,૮૭,૬૬૦ મતોથી આગળ છે. જ્યારે કોંગ્રેસના પરેશ ધાનાણીને ૩૩૫૦૬૯ મત મળ્યા છે. રાજકોટ બેઠક પરથી પરશોત્તમ રૂપાલા પ્રથમવાર લોકસભા ચૂંટણી લડ્યા છે. આ અગાઉ તેઓ ક્યારેય લોકસભાની ચૂંટણી લડ્યા નથી. તેઓ રાજ્યસભાના સાંસદ રહી ચુક્યા છે અને મત્સ્ય અને પશુપાલન મંત્રાલય સંભાળી રહ્યા છે. આ અગાઉ તેઓ અમરેલીથી ધારાસભ્ય પણ રહી ચુક્યા છે. આ ચૂંટણીમાં પરશોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય-રાજપૂત સમાજના પ્રચંડ વિરોધને જોતા કોંગ્રેસ ભારે આત્મવિશ્વાસમાં આવી ગઈ હતી અને જીતને લઈને ઘણી આશ્વસ્ત જણાતી હતી. કોંગ્રેસે પહેલેથી જ રાજકોટ બેઠક પરથી પરેશ ધાનાણીને ઉમેદવાર જાહેર કર્યા હતા. જો કે પરેશ ધાનાણીએ ચૂંટણી લડવાની અનિચ્છા દર્શાવી હતી. પરંતુ ક્ષત્રિયોના વિવાદ બાદ તેઓ રૂપાલા સામે ચૂંટણી લડવા તૈયાર થઈ ગયા હતા. ક્ષત્રિયોએ પણ કોંગ્રેસના ઉમેદવારને સમર્થન આપવાનુ નક્કી કર્યુ હતુ. પરંતુ એ વિરોધ રૂપાલાની જીતના વિજયરથને રોકી શક્યો નથી. છેલ્લી બે ટર્મની વાત કરીએ તો ભાજપે અહીંથી મોહન કુંડારિયાને ટિકિટ આપી હતી.

### સી.આર. પાટીલે ફરી જીત્યો ગઢ

## નવસારીમાં લોકસભા બેઠક પરથી ભાજપ ઉમેદવાર સી.આર. પાટીલ ભવ્ય જીત થઈ

। (એજન્સી) નવસારી, તા.૪ ।

ગુજરાત લોકસભા ચૂંટણીના પરિણામો આજે જાહેર થશે. રાજ્યની ૨૬ બેઠકો કોણ જીતશે તે ટૂંક સમયમાં નક્કી થશે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીની વાત કરીએ તો ગુજરાતમાં ભાજપે ક્લીન સ્વીપ કર્યું હતું. તે જ સમયે, કોંગ્રેસ ખાતું પણ ખોલી શકી ન હતી. ભાજપ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના ગૃહ રાજ્યમાં ૨૦૧૪ અને ૨૦૧૯ની જીતનું પુનરાવર્તન કરવા માંગે છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી આ વખતે ગુજરાતમાં .દ્ર.દ્વૈ. ગઠબંધન હેઠળ ચૂંટણી લડી રહી છે. કોંગ્રેસ ૨૪ સીટો પર ચૂંટણી લડી રહી છે જ્યારે છછઁ



૨ સીટો પર ચૂંટણી લડી રહી છે. નવસારી લોકસભા બેઠક ૨૦૦૮માં સીમાંકન બાદ અસ્તિત્વમાં આવી હતી. છેલ્લી ત્રણ ચૂંટણીથી આ બેઠક પર માત્ર કમળ જ ખીલ્યું હતું. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે નવસારીમાંથી મોટી જીત મેળવી હતી. દેશભરમાં સૌથી વધુ મતોથી જીતનાર તે સાંસદ બન્યા. ભાજપે અહીંથી ચોથી વખત સીઆર પાટીલને મેદાનમાં ઉતાર્યા છે. તેવામાં નવસારીમાં લોકસભા બેઠક પરથી ભાજપ ઉમેદવાર સી.આર. પાટીલ ભવ્ય જીત મેળવી છે. નવસારી બેઠક પર ભાજપ ઉમેદવાર સી.આર.પાટીલની સામે કોંગ્રેસ પાર્ટીમાંથી નૈષધ દેસાઈને મેદાનમાં ઉતર્યા હતા. જેની સામે પાટીલે ૭૬ હજારથી વધુ વોટના માર્જિનથી ભવ્ય જીત મેળવી છે. ગુજરાતની નવસારી લોકસભા બેઠક ભાજપનો ખૂબ જ મજબૂત ગઢ છે. ૨૦૦૯, ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપે પોતાની વોટબેંકમાં સતત વધારો કર્યો છે. ૨૦૧૯ની ચૂંટણીમાં, નવસારી ગુજરાત ભાજપના વર્તમાન પ્રમુખ સીઆર પાટીલ ૬,૮૯,૬૮૮ મતોની સરસાઈથી જીત્યા હતા. જણાવી દઈએ કે , ચંદ્રકાંત પાટીલ ગુજરાતમાં ભાજપના વરિષ્ઠ નેતા છે. તેઓ સી.આર. પાટીલ તરીકે પણ ઓળખાય છે. તેઓ મૂળ મહારાષ્ટ્રીયન છે પરંતુ ગુજરાતમાં સ્થાયી થયા છે અને અહીં રાજકારણમાં સક્રિય છે. તેઓ ગુજરાતની નવસારી લોકસભા બેઠક પરથી ત્રણ વખત સાંસદ રહી ચૂક્યા છે.

### કચ્છ લોકસભા બેઠક પર ફરી ખીલ્યું કમળ

## વિનોદ ચાવડાએ ૨.૪૦ લાખની સરસાઈથી જીત હાંસલ કરી

। (એજન્સી) કચ્છ, તા.૪ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪નું આજે ૪ જૂનના રોજ પરિણામો જાહેર થઈ ગયા છે. ગુજરાત લોકસભા કચ્છની બેઠક પર ફરી કમળ ખીલ્યું છે. આ વખતે ભાજપે વિનોદ ચાવડાને ત્રીજી વખત રિપીટ કર્યા હતા. છેલ્લા ૧૦ વર્ષોની વાત કરીએ તો ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડા સતત ૨ ટર્મથી જીતતા આવ્યા છે.



અને આ વખતે પણ તેમણે કચ્છની લોકસભા બેઠક પર શાનદાર જીત મેળવી છે. ગુજરાતની લોકસભા બેઠકોમાં વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટી ગણાતી કચ્છ લોકસભા બેઠક ૧૯૯૬થી ભાજપનો ગઢ રહી છે. આજે એટલે કે ૦૪ જુન ૨૦૨૪ના રોજ લોકસભા ચૂંટણીના પરિણામ જાહેર થયા છે. જેમાં વિનોદ ચાવડાએ ૨.૪૦ લાખની સરસાઈથી જીત હાંસલ કરી છે. કચ્છ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાને ૫,૭૨,૪૮૮ ટોટલ મત મળ્યા છે. જ્યારે વિપક્ષ ઉમેદવાર નીતેશ લાલનને ૩,૩૩,૪૬૦ મત મળ્યા છે. વિનોદ ચાવડાએ ૨.૪૦ લાખના માર્જિનથી જીત મેળવી છે. લોકસભાની ગુજરાતની ૨૬ બેઠકો પૈકી કચ્છ બેઠક વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટી છે અને ક્રમ પ્રમાણે પણ પહેલી છે. આ બેઠક લગભગ અઢી દાયકા જેટલા સમયથી ભાજપનો ગઢ રહી છે.

## દેવુસિંહ ચૌહાણે કોંગ્રેસના કાલુસિંહ ડાભીને હરાવ્યા

। (એજન્સી) ખેડા, તા.૪ ।

આજનો દિવસ સમગ્ર દેશ માટે મહત્ત્વનો છે. આગામી પાંચ વર્ષ માટે દેશની સત્તાની કમાન કોના હાથમાં આવશે તેનો નિર્ણય આજે થઈ જશે. આ વખતે બીજેપીનો સામનો ઈન્ડિયા ગઠબંધન સામે છે. તેવામાં આ મુકાબલો વધુ રસપ્રદ બની ગયો છે. અન્ય રાજ્યોની જેમ ગુજરાત લોકસભા ચૂંટણીના પરિણામ પર સૌકોઈની નજર છે. તેવામાં આજે અન્ય ૨૫ સીટોના પરિણામ આવી જશે. મત ગણતરી હજુ ચાલી રહી છે અને મોટાભાગની સીટો પર ભગવો લહેરાતો દેખાઈ રહ્યો છે. તેવામાં ક્યાંક ખુશી તો ક્યાંક ગમનો માહોલ છે. તેવામાં ગુજરાતની ખેડા લોકસભા સીટનું



પરિણામ સામે આવી ગયું છે. અહીંથી ભાજપના દેવુસિંહ ચૌહાણની ભવ્ય જીત થઈ છે. કોંગ્રેસના કાલુસિંહ ડાભીનો પરાજય થયો છે. ખેડા ગુજરાતની મહત્વની લોકસભા બેઠકો પૈકીની એક છે. સંસદીય અને વિધાનસભા મતવિસ્તારના સીમાંકન આદેશ (૨૦૦૮) મુજબ, તે સામાન્ય વર્ગ માટે અનામત બેઠક તરીકે રચવામાં આવી છે. તે અમદાવાદ, ખેડા જિલ્લા હેઠળ આવે છે. લોકો ગુજરાતમાં ખેડા લોકસભા મતવિસ્તારના પરિણામોની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ખેડા મતવિસ્તારમાં વિવિધ પક્ષોના ઉમેદવારો જીત માટે સ્પર્ધા કરી રહ્યા છે. ચાલો મુખ્ય ઉમેદવારો, અગાઉના ચૂંટણી પરિણામો અને વર્તમાન ચૂંટણીના માહોલ વિશે જાણીએ.ગુજરાતમાં ખેડા લોકસભા બેઠક માટે ત્રીજા તબક્કામાં ૭ મેના રોજ ચૂંટણી યોજાઈ હતી. આ વખતે અહીં કુલ ૫૭.૪૩ ટકા મતદાન થયું હતું. સ્થાનિક રાજકારણને સમજતા લોકોના મતે આ બેઠક પર મુખ્ય મુકાબલો ભાજપના આઉટગોઈંગ સાંસદ દેવુસિંહ ચૌહાણ અને કોંગ્રેસના કાલુસિંહ ડાભી વચ્ચે થવાની સંભાવના છે. ત્યારે બે રાઉન્ડના અંતે ભાજપના ઉમેદવાર દેવુસિંગ ચૌહાણ ૭૭૩૬૨ મતોથી આગળ ચાલી રહ્યાં છે.ખેડા, ગુજરાતના મધ્ય પ્રદેશમાં આવેલું, રાજ્યનો મુખ્ય લોકસભા મતવિસ્તાર છે.

### કોંગ્રેસ ઉમેદવાર જે પી મારવિયાને હરાવી ભગવો લહેરાવ્યો

## જામનગર બેઠક પર પૂનમ માડમે જીતની હેટ્રીક લગાવી

। (એજન્સી) જામનગર, તા.૪ ।

લોકસભા ચૂંટણીનું પરિણામા જાહેર થઈ રહ્યું છે ત્યારે ગુજરાતની જામનગર બેઠક પર પૂનમ માડમે જીતની હેટ્રિક લગાવી છે તમને જણાવી દઈએ કે પૂનમ માડમને ૬,૧૭,૮૦૪ મતો મળ્યા છે જ્યારે કોંગ્રેસ ઉમેદવાર જેપી મારવીયાને ૩,૮૦,૮૫૪ મતો મળ્યા છે. આ સાથે પૂનમ માડમને ૨,૩૬, ૯૯૦ મતોની લીડ મળી છે. ક્ષત્રિય આંદોલનની અસર જામનગરમાં પણ જોવા મળી હતી તે બધાની આગળની નીકળી ભાજપનો ભગવો લહેરાયો છે ત્યારે ભાજપે પૂનમ માંડમ



પર ફરી એકવાર વિશ્વાસ મુકીને ટિકિટ આપી હતી ત્યારે આ વખતી જીતની હેટ્રિક નોંધાવતા ભાજપે ફરી જામનગર લોકસભા સીટ પોતાને નામ કરી છે. જામનગરની બેઠક પર અગાઉ પણ ૨૦૧૯ અને ૨૦૧૪માં પૂનમ માડમ લડી ચૂક્યા છે ત્યારે તે વખતના મતોની વાત કરીએ તો ૨૦૧૪માં પૂનમ માડમને ૪,૮૪,૪૧૨ મતો મળ્યા હતા આ સાથે ૨૦૧૯માં ૫,૯૧,૫૮૮ મતો મળ્યા હતા ત્યારે આ વખતે પણ જીતની હેટ્રીક લગાવતા પૂનમ માડમ ૬,૧૭,૮૦૪ મતો સાથે ભગવો લહેરાવ્યો છે. ભાજપે જ્યારે તેમના ઉમેદવારોની યાદી બહાર પાડી તેમાં ગુજરાતના ૧૫ ઉમેદવારો હતા અને જેમાં જામનગર બેઠક પરથી પૂનમ માડમનું નામ પણ હતું. સતત ત્રીજી ટર્મ માટે ભાજપે પૂનમ માડમની લોકસભાની ઉમેદવારી માટે પસંદગી કરી. જાણકારો કહે છે કે 'પર્ફોર્મન્સ, લોકસંપર્ક અને વોટબેંક પર પકડ' આ ત્રણ કારણોસર ભાજપે ફરી તેમને તક આપી છે.

### અમદાવાદ પશ્ચિમ બેઠક પર ૧૯૮૯થી ભાજપનો ઉદય થયો

## અમદાવાદ પૂર્વ બેઠક પર હસમુખ પટેલ વિજયી બન્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

અમદાવાદ પૂર્વ બેઠકમાં હસમુખ પટેલ બહુમતી સાથે જીત્યા છે. તેમણે કોંગ્રેસના હિમંતસિંહ પટેલને ૪૫૮૯૪૯ મતોથી માત આપી છે. ગુજરાતે ભાજપનો ગઢ જાળવ્યો છે. ભાજપ લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ગુજરાતની ૨૬ બેઠકોમાંથી ૨૫માં બહુમતી સાથે જીત હાંસલ કરવામાં સફળ રહ્યો છે. જેમાં સુરતમાં તો ચૂંટણી લડ્યા વિના જ જીત મેળવી લીધી હતી. અમદાવાદ પૂર્વની આ બેઠક પરથી ભાજપ છેલ્લા ૩૫ વર્ષથી જીતતો રહ્યો છે. અમદાવાદ પૂર્વ લોકસભા



બેઠકમાં મોટા ભાગે ગ્રામ્ય વિસ્તારો તેમજ અમદાવાદ જિલ્લાનો સમાવેશ થાય છે. આ બેઠક વટવા, નિકોલ, નરોડા, ઠક્કરબાપા નગર, બાપુનગર, દહેગામ તથા ગાંધીનગર દક્ષિણ વિધાનસભા વિસ્તારને આવરી લે છે. અમદાવાદ પશ્ચિમથી એકદમ અલગ પ્રકારની બેઠક એટલે અમદાવાદ પૂર્વ. અહીં દેશના અનેક રાજ્યોમાંથી આવેલા વસે છે. આ બેઠકમાં ઉત્તર ભારતીયો તેમજ સૌરાષ્ટ્ર તથા હીરાના વેપારીઓનો બહોળો વર્ગ છે. એક જમાનામાં અહીં કાપડની મિલો ધમધમતી હતી. અહીં તમામ જ્ઞાતિ, ધર્મ અને ભાષાના લોકો આ વિસ્તારમાં રહે છે. અમદાવાદ પશ્ચિમ બેઠક પર ૧૯૮૯થી ભાજપનો ઉદય થયો. ૨૦૦૯ના વર્ષ પહેલા અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ મળીને એક જ બેઠક હતી. બીજી ગાંધીનગરની બેઠક હતી. ૧૯૮૯માં ભાજપમાંથી હરિન પાઠક અમદાવાદની બેઠક પરથી ચૂંટણી જીત્યા હતા. તેઓ ૨૦૦૯ સુધીમાં કુલ ૬ વખત થયેલી ચૂંટણીમાં સતત જીતતા આવ્યા હતા.

## અહંકારની પડતીની શરૂઆત બનાસકાંઠાથી થઇ : શક્તિસિંહ

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

ગુજરાતની તમામ ૨૬ બેઠક જીતીને હેટ્રિક કરવાનું ભાજપનું સપનું અધૂરું રહ્યું છે. બનાસકાંઠામાં ભાજપના ઉમેદવાર રેખાબેન ચૌધરીની હાર થઈ છે. બનાસની બેન ગેનીબેન ઠાકોરની જીત થઈ છે. આ સાથે લોકસભામાં ૨૦૧૪ બાદ કોંગ્રેસનું ગુજરાતમાં ખાતું ખૂલી ગયું છે. ગુજરાત કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે ગેનીબેન ઠાકોરને અભિનંદન પાઠવ્યા હતા. શક્તિસિંહ ગોહિલે કહ્યું, અહંકારની પડતીની શરૂઆત બનાસકાંઠાથી થઈ છે. ગુજરાતીઓનો આભાર માનું છું, ભાજપે લોકશાહીને કલંકિત કરી છે. ભાજપે કોંગ્રેસના બેંક એકાઉન્ટ બંધ કરી દીધા હતા, પાટણમાં રી કાઉન્ટીંગની માંગ કરી છે, જરૂર પડે ઈલેક્શન પિટિશન દાખલ કરીશું. અબકી બાર ૪૦૦ પારનો અહંકાર ભાજપે દર્શાવ્યો હતો. કોંગ્રેસ પક્ષે લોકોના સમર્થનથી ચૂંટણી લડ્યા. ચૂંટણીમાં કોંગ્રસના ૧૧ ખાતા ફ્રીઝ કરી દીધા હતા. નતમસ્તક થઈ દેશની જનતાનો આભાર માનું છું. મતદાતારોએ નક્કી કર્યું કે લોકતંત્રમાં નાગરિકો મહત્વના હોય છે, ખેલમાં સમાન વ્યવસ્થા બંને તરફ હોવી જોઈએ. બનાસની બહેન હવે દેશની બહેન બની છે, બનાસની બહેનનો અવાજ હવે લોકસભામાં ગુંજશે.

## પોરબંદરથી મોઢવાડિયા અને વિજાપુરથી સીજે ચાવડાની જીત

। (એજન્સી) પોરબંદર, તા.૪ ।

દેશમાં આજે લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો જાહેર કરવામાં આવશે. આ સાથે જ ગુજરાતની પાંચ બેઠકો પર પેટા ચૂંટણી યોજાઈ હતી. પેટા ચૂંટણીના પણ પરિણામો જાહેર થઈ રહ્યા છે. ખંભાત, વાઘોડિયા, પોરબંદર, માણાવદર અને વિજાપુર બેઠક પર કોણ બાજી મારશે તેના પર સૌની નજર છે. પેટા ચૂંટણીમાં પોરબંદર બેઠક પરથી અર્જૂનભાઈ મોઢવાડિયાની જીત થઈ છે. અર્જૂનભાઈની ૧ લાખ ૧૮ હજાર મતથી જીત થઈ છે. જ્યારે વિજાપુર બેઠક પરથી સીજે ચાવડાની જીત થઈ છે. સીજે ચાવડાએ કોંગ્રેસનો સાથ છોડી ભાજપના કેસરીયો કર્યા હતા. સીજે ચાવડા ત્રણ વખતના ધારાસભ્ય અને કોંગ્રેસના દિગ્ગજ નેતા હતા. જેમણે છેલ્લી વિધાનસભામાં મુખ્ય દંડકનું પદ સંભાળ્યું હતું જ્યારે તેઓ ગાંધીનગર ઉત્તર મતવિસ્તારમાંથી ચૂંટાયા હતા. ૨૦૨૨ માં ચાવડાએ પોતાનો મતવિસ્તાર બદલીને મહેસાણા જિલ્લાના વિજાપુરથી ચૂંટણી લડી હતી. સીજે ચાવડા ૨૦૦૨માં ગાંધીનગર બેઠક પરથી ગુજરાત વિધાનસભામાં પણ ચૂંટાયા હતા. જો ૨૦૨૨ના વિજાપુર બેઠકના પરિણામની વાત કરીએ તો ચાવડાએ ભાજપના રમણ પટેલને હરાવી ૭૦૫૩ની લીડથી જીત નોંધાવી હતી.અર્જુનભાઈ મોઢવાડિયા કોંગ્રેસના દિગ્ગજ નેતા હતા. તેમણે કોંગ્રેસથી નારાજ થઈ ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું હતુ અને પછી ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થયા હતા. અર્જુન મોઢવાડિયાની રાજકીય કારકિર્દીની વાત કરીએ તો ૧૯૯૭ માં સત્તાવાર રીતે કોંગ્રેસ સાથે જોડાયા હતાં. તેઓ પ્રથમ વખત ૨૦૦૨ માં પોરબંદર વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચુંટાઈ આવ્યા હતાં.

## આણંદ સીટ પર મિતેશ પટેલની જીત, અમિત ચાવડા હાર્યા

। (એજન્સી) આણંદ, તા.૪ ।

ગુજરાત રાજયની ૨૬ લોકસભા બેઠકના રૂઝાન આવી રહ્યા છે. ભાજપના ઉમેદવાર મિતેશ પટેલે આણંદ લોકસભા બેઠક પર ભાજપનો કેસરિયો લહેરાયો છે. બન્ને ઉમેદવારો એકબીજાને કડક ટક્કર આપી રહ્યા હતા. ભાજપ -કોંગ્રેસ વચ્ચે ટક્કર વચ્ચે ભાજપના ઉમેદવાર મિતેષ પટેલ-૩૫૨૭૨૭ મત અને કોંગ્રેસના ઉમેદવાર અમિત ચાવડા-૨૯૮૮૬૭ મત મળ્યા છે. તેમ છતાં આણંદના ભાજપના ઉમેદવાર ૫૩૮૬૦ મતથી આગળ ચાલી રહ્યા છે.તમને જણાવી દઈએ કે ક્ષત્રિય મતદારોનું પ્રભુત્વ ધરાવતી આણંદ લોકસભા બેઠક પર ભાજપે વર્તમાન સાંસદ મિતેષ પટેલ ઉર્ફે બકાભાઈને રિપીટ કર્યા હતા તો કોંગ્રેસે આંકલાવના ધારાસભ્ય અને કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાને ચૂંટણી જંગમાં ઉતાર્યા હતા. તેમ છતાં જનતાએ પાટીદાર નેતા પર વિશ્વાસ મૂક્યો છે. આણંદ લોકસભા બેઠક પર વર્ષ ૧૯૫૭થી લઈને વર્ષ ૨૦૧૯ સુધીમાં ૧૬ વખત થયેલી ચૂંટણીમાં ૧૦ વખત કોંગ્રેસનો વિજય થયો છે. વર્ષ ૧૯૮૯ની ચૂંટણીમાં ભાજપના નટુભાઈ પટેલે સાંસદ ઈશ્વરભાઈ ચાવડાને હરાવીને પ્રથમ વખત આણંદ બેઠક પર કમળ ખીલવ્યું હતું. ત્યારબાદ વર્ષ ૧૯૯૯ની ચૂંટણીમાં ફરી વખત ભાજપનો વિજય થયો. આણંદ બેઠક પરથી રીપિટ કરાયેલા વર્તમાન સાંસદ મિતેષ પટેલ ઉર્ફે બકાભાઈ ૫ લાખથી વધુની લીડથી જીતવાનો આશાવાદ વ્યકત કરી ચૂક્યા છે. વર્તમાન સાંસદ મિતેષ પટેલ સામે સૌથી મોટો પડકાર ભાજપમાં જ અંદરખાને રહેલી નારાજગી હતી. જેમાં પોતાની છબી ખરડાઈ તેવા વિડીયો કે ઓડિયો ક્લિપ કે કોઈ પોસ્ટ સોશિયલ મીડિયામાં વાયરલ કરીને વિરોધીઓ દ્વારા ષડયંત્ર રચ્યું હતું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨